કુમાર

અંક ૨૫

ઉગતી પ્રજાનું માસિક



તંત્રી
રવિશંકર રાવળ

વર્ષ ૩ : અંક ૧ · પોષ : ૧૯૮૨

કુમારોની લાયબ્રેરીમાં

નીચેનાં પુસ્તકો અચૂક હોવાં જોઇએ

તમે મંગાવવા તાકીદ કરો

મૂરખરાજ	૦—૮—૦
ઉપનિષદોની વાતો	૦—૬—૦
બકુલ	૦—૬—૦
ફુવારો	૦—૬—૦
સ્વિટ્ઝર્લંડની સ્વતંત્રતા	૧—૪—૦
રણજીતરામના નિબંધો	૧—૮—૦
સુંદરી સૌભાગ્ય સર્વસ્વ	૩—૦—૦
તમને એ નહિ સમજાય	૦—૧૦—૦
બાળવિહાર	૦—૧૨—૦
ટૉલ્સ્ટૉયની ૩ વાતો	૦—૪—૦
મૂળરાજ સોલંકી	૩—૦—૦
બંગાળી ગુજરાતી શિક્ષક	૩—૦—૦
દક્ષનીઉ	૧—૪—૦
ઉગતી જુવાની	૧—૧૨—૦
કાળું ગુલાબ	૧—૮—૦
ઝાંસીની રાણી	૩—૦—૦
પૃથુરાજ ચૌહાણ	૩—૦—૦
રાજાધિરાજ	૪—૮—૦
મુક્તધારા (ટાગોર)	૦—૮—૦
કુરબાનીની કથા	૦—૮—૦
પાંડવગુપ્તનિવાસ	૦—૧૨—૦
ચરિત્રચંદ્રિકા	૩—૦—૦
દૃષ્ટાંતશતક	૧—૨—૦
રામતીર્થચરિત્ર	૩—૦—૦
સીતાદેવી	૨—૮—૦
મુકુલ	૦—૧૨—૦

સૂચીપત્ર મફત મંગાવો

ગાંડીવ સાહિત્યમંદિર કેળાંપીઠ સુરત



વનપરી	રવિશંકર રાવળ	ત્રિરંગી મુખચિત્ર
ભાવના	દેશળજી પરમાર	૧
મિજલસ		૨
સિંહ-વીર (કાવ્ય)	અરદેશર ફ. ખબરદાર	૩
આન્ધ્રવીર રામમૂર્તિ	હરિનારાયણ આચાર્ય	૫
આબાદ! ચિત્રકાર	સર ફ્રેડરિક લેઇટન	૧૨
બદ્રીકેદારનાથ	(ફોટો)	૧૩
પડઘો (કાવ્ય)	ચન્દ્રવદન ચીમનલાલ મહેતા	૧૫
આરામગાહ	પૃથુલાલ શુક્લ	૧૫
ભૂતિયો ઓરડો	ગજાનન ભટ્ટ	૧૬
વરદાન (કાવ્ય)	દેશળજી પરમાર	૨૦-૨૧
ચીંચવડ અને ત્યાંનો રાજકેદી	પરમાનંદ	૨૧
કાકા થયા પહેલાં—	દત્તાત્રેય બા. કાલેલકર	૨૬
કેટલા વાગ્યા? પુછો બીલાડીને!		૨૮
અથાણું		૨૮
જંગલમાં ભય? (સ્કાઉટિંગ)	ગજાનન ભટ્ટ	૨૯
ઉમરેઠમાં વૃક્ષારોપણ	હરિપ્રસાદ વ. દેસાઇ	૩૨
શિયાળાની હવા		૩૪
જ્ઞાનલીલા		૩૫
નવી ઇનામી હરીફાઈ		૩૬
ઉગતી પ્રજા		૩૭
બાળવિભાગ		૩૮
માધુકરી		૪૦

લવાજમ વરસના રૂા. ૬: છ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિલિંગ
મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કંપની: પ્રિન્સેસ સ્ટ્રીટ
ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો.
લેખકો જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોકખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



પરી . . . ચિત્રકાર : રવિશંકર રાવળ

પોષ : ૧૯૮૨





ભાવના

અનંત સત્તા ! ચિત્તપાવની તારી પ્રાણગંગામાં નાહીને—તરીને અમે દિવસ ને રાત માટીના મેલ ધોઈ કાઢીએ છીએ.

માતાનાં હાલરડાંમાં, ભાઇબહેનની ચુમીઓમાં અને પિતૃઓના પથપગથારમાં તારૂં જ દર્શન લાધે છે.

શૂન્યનાં સ્વપ્નોમાંથી તું સૃષ્ટિઓ રચે છે. કો દેવદૂતીની જેમ, ડોલમડોલ અમ જીવનને દરેક પળે તું દિશાભાન કરાવે છે.

શિયાળુ ભુખરના વેરાનમાંહે વાસંતી નવપલ્લવતાના ગુપ્ત સંભાર તું ભરે છે. ઠીંગરાઇને ગતિમૂઢ થએલાં અમારાં હૃદયને નવઅભિલાષનો ચેતનતણખો તું લગાવી જાય છે.

જ્યાં કાદવમાંથી કોટિ અનાજકણ અને ફળફુલ નીપજે છે તે બહુરૂપિણી કુદરતમાં, અને જ્યાં અણદીઠ ભાવોમાંથી અલૌકિક કલ્યાણ પ્રગટે છે એ સ્નેહવાંચ્છુ સંતોનાં નિર્મળ માનસમાં સાક્ષાત્ તું વિરાજે છે.

અહો મહાશક્તિ ! કયારેક તો તું જ માનવહૃદયમાં વાસો કરવા સંસ્કારી આત્માની શોધમાં ઘુમે છે.

તોપણ વાસનાની વસ્તુઓમાં મચેલ કૈંકૈં જીવો તારો તિરસ્કાર કરી અંતરનાં દ્વાર વાસી દે છે;—રે, જડ પશુમાં ખપી પોતાનું દેવત્વ અને માણસાઈ ખોઈ બેસે છે.

કોઇ પ્રજ્ઞાપારખુ બોલે છે કે 'જેવી ભાવના તેવી સિદ્ધિ': તો અમે પરમ સિદ્ધિને અર્થે અંતઃકરણથી ભાવીએ છીએ કે

જન્મશું, જીવશું, ભાવે મૃત્યુને ભેટશું કદા;
પરંતુ ભાવનાસૃષ્ટિ સેવશુ જગતે સદા.

દેશળજી પરમાર



'કુમાર'નું ત્રીજું વર્ષ સંચાલકોનું સિદ્ધ થતું આવતું સુંદર સ્વપ્ન છે. એ સ્વપ્ન આ રીતે મૂર્તિમાન થતું આવે છે તે ઘડીએ ગયાં વર્ષોની મુશ્કેલીઓ, મુંઝવણો થાક ને નાણાંભીડ થોડીવાર તો ભુલી જવાય છે.

*

ગુજરાતનાં અસંખ્ય માસિક—છાપાં વચ્ચે માત્ર આદર્શ પર ઝુકાવનારા માસિકનો ઘડો થશે કે નહિ થાય એવી અમંગળ કલ્પનાઓ કંઇક વાર થએલી, પરંતુ આ કાર્ય પાછળ ઇશ્વરનો આદેશ છે, એ પ્રજાની ચાલુ જરૂરતોમાં મહત્ત્વનું છે, પ્રજા જરૂર તે નભાવશે એવી અટળ શ્રદ્ધા ને આશા પર માત્ર તેનું બળ ટકી રહ્યું છે.

*

અને હજુ પણ તમે 'કુમાર'નાં **પાનાં** ગણો છો ? હજુ પણ તમે તેની કિંમત બીજાં માસિકોનાં વાંચન સાથે કરી શકતા નથી ? 'કુમાર'ના લેખો અને કલાસંકલના શું તમને નવીન, પ્રેરક ને આકર્ષક નથી લાગ્યાં ? બીજાં માસિકોની હરીફાઇ ખાતર નહિ પણ 'કુમાર'ની પુરી કદર કરવા તમે જરા વધુ બારીકીથી તેનાં વાંચન અને કલાસામગ્રી પર નજર કરો.


દરેક વિચાર, દરેક ભાવના યોગ્ય ભૂમિ મળતાં વૃક્ષની જેમ ઉગે છે; એટલે વિચાર કે ભાવનાનાં બીજ વેરનારે ખાતરી કરી લેવી જોઇએ કે તે બી સદ્વિચાર અને સદ્ભાવનાનાં છે. ઘણા યે દુરાત્માઓ પોતાના હાથ તથા આત્માને લજવનારાં વાક્યો અને લેખો જગતમાં પ્રસિદ્ધ કરી શાપનાં બી વાવે છે. તેમના ભાવો ઘણાં કોમળ મગજમાં ઘર કરી કેકનાં શાંતિ ને સુખનો નાશ કરે છે ને જગતમાં સડો વધારે છે.

'કુમાર'માં તમને કાયમ ટુંકા સચોટ વિચારો, વાક્યો અને જીવનમંત્રો મળ્યા કરશે. તેની અસરથી તમે અને અમે મળી એક સુંદર પવિત્ર કલ્પનાભૂમિ ખડી કરી શકીશું, જ્યાં રસે નીતરતું જ્ઞાન આપણને તૃપ્તિ આપતું હશે, જ્યાં આપણે ઉત્સાહ અને આનંદની લહરીઓ ભોગવતા હઇશું, જ્યાં જગતના દુરાત્માઓનો પ્રવેશ તદ્દન અશક્ય હશે.

એવી પવિત્ર જીવંત ભૂમિકા માટે, ઓ પ્રિય વાંચનાર! તું દિનપ્રતિદિન અધિકારી થા.

સંદેશ

ગુજરાતના ભદ્ર પુરુષો આવતા યુગ વિષે શી આશાઓ અને કલ્પનાઓ ધરાવે છે તે જાણવાની ઉગતી પ્રજાને તક મળે તે માટે અમે એવા ભાવનાશાળી પુરુષોને વિજ્ઞપ્તિ કરેલી કે તેઓ 'કુમાર'ને કંઈ ને કંઇ સંદેશ આપે. એને પરિણામે કેટલાક પ્રેરક સંદેશપત્રો અમે પ્રાપ્ત કરી શક્યા છીએ. 'કુમાર'ના વાંચનારાઓને એ પૈકી યુગમૂર્તિ મહાત્મા ગાંધીજીનો સંદેશ પ્રથમ રજુ કરવામાં અમે 'કુમાર'નું સદ્ભાગ્ય માનીએ છીએ.



કુમારો અને કુમારિકાને હું શું કહું, જો રેંટીયાની વાત ન કરૂં તો ? જે બાળકો કુમાર વાંચી ન શકે, જેને તે સાંપડે નહિ, તેની સાથે કુમારનાં વાંચનાર બાળકો ને બાળાઓ રેંટીયાસ્તવન કરી સૂતર કહાડી તેઓને અર્થે યજ્ઞ કરી અનુસંધાન કરે ને ઇશ્વરની ઝાંખી કરે.

આશ્રમ, પો. વ. ૧૦ **મોહનદાસ કરમચંદ ગાંધી**

ઠોકર

દુનિયા ઘણીવાર કહે છે, ઠોકર બહુ બુરી ચીજ છે. એ માણસને અરેરાટી કઢાવે છે, હતાશ કરે છે, એનો ઉત્સાહ ઓસારી નાખે છે. સંસારની એવી કોઇ કપરી ઠોકરથી માણસ ઘણીવાર જાન પણ ખુએ છે.

દુનિયા વળી એમ પણ કહે છે કે ' ઠોકર વાગે એટલે સમજણ

[અનુસંધાન પાન ૪થે]

સિંહ-વીર

: પદ :

અમે સિંહણનાં સંતાન :
સિંહ અમારા ક્ષત્રી પિતા ને
ગર્જન છે અમ ગાન :
અમે સિંહણનાં સંતાન.

ત્રાડ અમારી તોડે ગગનને,
ફાડે દિશાના કોટ;
તારક રજનીમાં જાય સંતાઇ,
સાગર પામે ઓટ :
ચોટ અમારી ચંદ્રને —
અમે સિંહણનાં સંતાન.

ધ્રૂજે ગીરના ડુંગરા ને
ધ્રૂજે વનવન વૃક્ષ,
ફૂટે ગઢના કાંગરા ને
તૂટે પંખીની પક્ષ :
લક્ષ અમારૂં ગર્જને —
અમે સિંહણનાં સંતાન.

ગગને ગરજે મેહુલો એવો
વનવનનો વનરાજ :
ઊડે ન આભનાં ડાબલાં તો
એ ગર્જન શા કાજ ?
લાજ અમારી લખવસા —
અમે સિંહણનાં સંતાન.

ઉઘડે નયન આકાશનું ત્યાં
 આંજે જગતની આંખ;
ખોલે ત્રિલોચન રુદ્ર ત્યારે
 પ્રજળે વિશ્વની પાંખ :
 ખાખ બને ભડભડ બળી—
 અમે સિંહણનાં સંતાન.

બાળે નહીં તે તેજ કેવાં ?
 વીંધે ન તે શા બોલ ?
ત્રાડે ન તૂટે આકાશ તેવા
 કાયરના શા કોલ ?
 મોલ અમારાં મૂલવીએ—
 અમે સિંહણનાં સંતાન.

ઘનગર્જનને સાદ જ દઇએ,
 સામે મુખ અમ ફાળ:
કુંજરના મદ તોડીએ, એ તો
 ખેલે જુઓ સિંહબાળ !
 કાળધેર્યો અહીં આવશે—
 અમે સિંહણનાં સંતાન.

અરદેશર ફ. ખબરદાર



[મિજલસ ચાલુ]

આવે.' 'વાર્યા ન રહે તે હાર્યા રહે.' 'બહુ કુદાકુદ શા કામની ? ઠોકર વાગશે એટલે એની મેળે ઠેકાણે બેસશે.'

આ બધા બોલમાં ઉત્તેજક અંશ કરતાં દુનિયાદારી ડહાપણ વધારે ઉભરાય છે. પણ ઉગતા જમાનાનાં શાસ્ત્રો ઘણીવાર અવળાં હોય છે. એ પ્રમાણે મને તો લાગે છે કે આવતા જમાનાની પ્રજાને માટે ઠોકર એ આશીર્વાદ જેવી વસ્તુ છે.

ઠોકર તો સૌને વાગે છે. ચાલતાં શીખ્યા હોય અને કદિ ઠોકર ન ખાધી હોય એવા કોઈ ભાગ્યે જ મળશે; પડ્યા વિના ચડતાં આવડ્યું હોય એવો વિરલ નીકળવાનો. સંસારની સફરમાં મુસીબતોની ઠોકર ખાધા વગર ધોરી રસ્તે ચડી જવા પામનાર કોઈક જ હશે.

ઠોકર માણસને ચાલતાં શીખવે છે. અને ચીંધી દે છે કે સંસારનો માર્ગ ખાડાટેકરાવાળો છે. જીવનની મુસાફરીમાં આવતી અથડામણોની એ અગમચેતી છે. એ, માણસને 'માણસ' બનાવવા માટે મુકાએલી ઇશ્વરી કસોટી છે; માણસનું ઘડતર ઘડનાર કુદરતી ચાબુકનો ઇશારો છે.

પાણીદાર ઘોડાને ચાબુકના સપાટાની જરૂર નથી; એને તો ઇશારો માત્ર બસ છે. એમ ઠોકર માણસને સચેત કરે છે; સતેજ કરે છે.

અને જે પાણીદાર છે તે ઠોકર વાગે એટલે બેસી નથી પડતો. એ તો તરત મરદ બનીને એ જ ઘડીએ સજ્જ થઈ જાય છે ને ભવિષ્યના માર્ગનો વ્યૂહ રચી લે છે. જીવનનાં જુદ્ધ ખેલનારને ઠોકર તો લડતમાં રંગ ચડાવનાર જુસ્સાનો જામ છે.

બારેક વરસની ઉમરનો મારો એક નાનકડો મિત્ર ઘોડે ચડતાં શીખતો હતો. એમાં એ પટકાયો ને એનો જમણો હાથ છોલાઇને લોહીલુહાણ થઈ ગયો. પાસે ઉભેલા સૌ હસી પડ્યા. પણ પેલો તો લુગડાં ખંખેરી લોહી તરફ જોતોજોતો કહે, 'હત્ તારીની . . . હોય હોય, એ તો; કંઇ નહિ, કંઇ નહિ . . .' અને તરત ઘોડાની લગામ પકડી કુદકો મારી ફરી ચડી બેઠો.

આ તો બહુ નાનકડો દાખલો છે. પણ જગતને માર્ગે પ્રવાસ કરતાં અનેક પ્રકારની, ને ઘણી આકરી ઠોકરો વાગે છે. એ વખતે 'અર..ર..ર..ર..' કહી નિરુત્સાહિત થઈ બેસી ન પડતા; પણ લોહીનીંગળતા પગ સામે જોઇ હસીને બોલજો કે 'આજે મને ચાલતાં આવડ્યું છે.'

અપૂર્વ ચિત્તે અભિલાષ જાગજો,
વિચાર વાચા ચડજો અપૂર્વ;
અપૂર્વ તું'ને તુજ જાત લાગજો,
પળેપળે હૈ પ્રભુતા અપૂર્વ.

આન્ધ્રવીર રામમૂર્તિ



રાતના બાર વાગ્યાનો સમય હતો. ચાર હજાર આતુર ચહેરા એક નાનકડા બારણા તરફ એકીટશે તાકી રહ્યા હતા. આખા તંબુમાં અપૂર્વ શાંતિ ફેલાઇ હતી. ત્યાં તો 'સી અવર કૉન્કરિંગ હીરો કમ્સ'ના પ્રોત્સહક નાદથી બૅન્ડ ગાજી ઉઠ્યું. બારણાની કનાન ઉંચી થઈ અને જૅપનીઝ રેશમી ઝબ્બામાં સજ્જ થએલો એક પ્રૌઢ પુરુષ હસતા મોંએ દાખલ થયો, તાળીઓના ગડગડાટ વચ્ચે તંબુના મધ્ય ભાગમાં આવ્યો, ચારે બાજુ નમસ્કાર કર્યાં અને રજ પણ વિલંબ વિના જમીન ઉપર પાથરેલી શેતરંજી ઉપર ચત્તો સુઈ ગયો. થોડીક ક્ષણમાં પાંચસાત માણસથી ભરેલી, કલાકના ૫૦ માઇલની ઝડપથી ચાલતી એક મોટર આવી, અને 'ઓ કચરાયો!' 'ઓ મરી ગયો!' એવા અવાજ પુરા નીકળ્યા ન નીકળ્યા—ભય, દુઃખ તથા આકાંક્ષામાં સ્ત્રીઓએ આંખે હાથરૂમાલ દઇને મોં ફેરવ્યાં ન ફેરવ્યાં. એટલામાં તો સુનારની છાતી ઉપર થઇને મોટર ચાલી ગઇ. બીજી જ ક્ષણે કુદકો મારી સુનાર ઉઠ્યો: નમન કરતો પાછો ચાલ્યો ગયો. આનંદના ભીષણ નાદ સાથે આખો તંબુ ગગડી ઉઠ્યો અને . . . .

વારાફરતી આથી પણ ભયંકર એવા શરીરબળ-આત્મબળના અપૂર્વ પ્રયોગો જોઈ પ્રેક્ષકો વેરાયા.

"'ભારતવર્ષમાં યુવકોનો ઉદ્ધાર' એ મારૂં જીવનસૂત્ર હતું એક અજિંક્ય યુવકસેના આ દેશમાં ઉત્પન્ન થાય એ મારૂં મનોરાજ્ય હતું-હજી યે છે. દેશના ખુણેખાંચરેથી મેં વિદ્યાર્થીઓને-યુવકોને શોધી કાઢી પ્રોત્સાહન આપ્યું છે. મન, વાણી, શરીર અને દ્રવ્યથી રામમૂર્તિ હિન્દુસ્તાનના જુવાનોનો સેવક બન્યો છે. રામમૂર્તિ જશે—ઘણા યે ગયા છે—પણ હું મરતાં આશ્વાસન પામીશ કે મારાથી બનતી સેવા મેં ભારતમાતાના પાલવમાં નાખી છે."

રામમૂર્તિનો એક જ અભિલાષ: કુમાર અને કુમારિકાઓનો ઉત્કર્ષ. એમનાં જીવન પ્રફુલ્લ બને; યુવાવસ્થાની વાડીઓમાં ગભરૂ નૌજવાનો અને સૌન્દર્ય મૂર્તિઓ ખીલે.

"તરૂણોને મારો આટલો સંદેશો છે કે ભારતની ખરી સેવા તો બ્રહ્મવીર-બ્રહ્મચારી બનવાથી—મન, વચન ને શરીરનું ઐક્ય સાધવાથી જ થશે. એના આદર્શ માટે આપણે પરદેશ જવાનું નથી. આપણા જ દેશનાં જ્વલંત દૃષ્ટાંતો ક્યાં ઓછાં છે? વન્દેમાતરમ્."

આ પ્રતાપી પુરુષ તે આન્ધ્રવીર કંઠીરવ મલ્લરાજ તિલક કોડી રામમૂર્તિ નાયડુ સાડાપાંચ ફુટ ઉંચાઈ, ૨૫૦ રતલ વજન, કાળું પ્રૌઢ શરીર, મોટી મુછો, સોંસરી ઉતરી જાય એવી વિકસિત વિશાળ આંખો અને ભાંગ્યાતુટ્યા અંગ્રેજી, હિન્દી તથા ઉર્દુના મિશ્રણની બનેલી ભાષાવાળો, મનુષ્યની પ્રત્યેક શક્તિ ઉપર વિજય મેળવનાર, અમાનુષી બલનો સ્વામી અને અદમનીય ઉત્સાહ તથા સંકલ્પબળ ધરાવનાર ૪૦ વર્ષનો એ જુવાન અમદાવાદમાં આવેલો ત્યારે આ લેખકે એને એના નિવાસસ્થાનમાં એક દિવસ એકલો સપડાવ્યો હતો. અટ્ટહાસ્ય કરી 'વેલ, પ્રોફેસર...'નો આવકાર આપી એક ખુરશી ઉપર એ આડો થયો. થોડીવાર અતિથિ અને યજમાન ટગરટગર એકબીજા સામે જોઈ રહ્યા: ગંભીર શાન્તિ પથરાઈ રહી. એવામાં એ નિઃસ્તબ્ધ વાતાવરણમાં ભંગ પાડતાં રામમૂર્તિ બોલી ઉઠ્યા, 'મારી પરીક્ષા લેવા આવ્યા છો, કેમ? નીશાળમાં ભણાવી ખાનારને બીજું શું

ઉકલે! ઠીક.' આ લેખકને તો રામમૂર્તિના મશ્કરા સ્વભાવનો પરિચય હતો એટલે માત્ર સ્મિતથી જ એનો ઉત્તર આપ્યો.

'મેં આ બધું બળ શી રીતે મેળવ્યું એમ? મારી શક્તિનું રહસ્ય તમારે જાણવું છે? . . . . . પણ ચાલો, આપણે જરા ફરી આવીએ.' થોડીવારમાં તો અમારી ગાડી સાબરમતી જેલની પાસે સડક ઉપર ઉભી રહી. નિઃસ્તબ્ધ વાતાવરણમાં સાંજની શાંતિ કંઇક અપૂર્વ ભાવ ભરતી હતી. જેલની દીવાલો-માંથી કચડાતું-દબાતું મનુષ્યહૃદય બહાર નીકળવા ભારે ગડમથલ કરી રહેલું એના ઉંડા અવાજ સંભળાતા હોય એમ જાણે લાગતું. રામમૂર્તિની પાસે બેસી એ અવાજના સજાતીય, નિર્બળતા નીચે દબાતા-રીબાતા આર્યોની નિર્બળતા અને નપુંસકતાના અવાજ હું સાંભળતો હોઉં એમ લાગ્યું.

આ વિચારમાંથી જગાડતાં રામમૂર્તિ બોલ્યાઃ 'પંતુલુભાઇ, દક્ષિણમાં આન્ધ્રદેશમાં વીરઘટ્ટમ્--વીરોની નગરી નામનું એક નગર છે. ત્યાં એક પોલીસ કૉન્સ્ટેબલ રહેતો. એને ત્રણ છોકરા હતા. મોટા બંને સારા સ્વાસ્થ્યવાળા અને રળતાકમાતા; નાનો તદ્દન નઠોર, માઈકાંગલો અને મરવાની આળસે જીવનાર હતો. બીચારો નાની ઉમરમાં દમના રોગથી પીડાતો અને ભણવામાં પણ '૦', એટલે આખા ઘરની આંખમાં એ કણીની માફક ખુંચતો.

એ વખતે વીરઘટ્ટમ્ પાસેના વેલોર નામના શહેરમાં અંગ્રેજોની છાવણી હતી. ત્યાંના અંગ્રેજ લશ્કરીઓ ઘણી વખત વીરઘટ્ટમ્ સુધી પહોંચી જતા તથા સ્ત્રીઓ વગેરેને સતાવતા. આ સતામણીને લીધે ઘણી વખત ઝગડા પણ ઉભા થતા. આ બધા વાતા-વરણમાં પેલા નાનકડા છોકરાને ખુબ રસ પડતો. નીશાળમાંથી છટકી જઈ એ ઘણી વખત આવા ઝગડામાં રસપૂર્વક ભેળાતો, અગર ઘરના ત્રાસથી કંટાળી એ પલટણની કવાયત, દેશી સીપાઇઓના અખાડા અગર જ્યાં કંઈ પણ શારીરશક્તિનો પ્રભાવ જોવામાં આવતો ત્યાં પહોંચી જતો. રામાયણ-મહાભારતની કથાઓ સાંભળવાનો એને શોખ હતો. એમાંના નાયકો ભીમ, હનુમાન, ભીષ્મ, લક્ષ્મણ વગેરેને એ પોતાના ગોઠિયા જેવા સમજતો. જ્યારે આખો વર્ગ ગણિતના દાખલા ગણવામાં દત્તચિત્ત હોય ત્યારે આ નાનકડો જુવાન વિન્ધ્યાચળનાં લીલાં જંગલો અને ખેતરોમાં કે નદીઓની કુંજોમાં કલ્પનાથી પહોંચતો. ત્યાંના દણ્ડકારણ્યમાં તેણે કલ્પનામાં ઘણી યે વખત લક્ષ્મણની સાથે વાતો કરેલી; આશ્ચર્ય અને સ્તુતિથી મુગ્ધ આંખે સ્નિગ્ધ ગંભીર એવા રામચંદ્રની નીશાન-બાજી નીહાળેલી; કુરુક્ષેત્રમાં ગાંડિવીની સામે ભયંકર નિનાદથી ભીષ્મના કારી બાણને આવતાં જોઇ એની છાતી ધડકી ઉઠતી, અને ભીમકર્મા વૃકોદરની ગદાથી થરથરતા તથા રથમાં ભરાઇ જતા દુર્યોધનને જોઇ એને હસવું આવતું.

કદિ કદિ લંકાને કીનારે ઘુઘવતા મહેરામણની પાળ ઉપર એ ફરવા નીકળતો અને ત્યાં દાંતથી મોતી કરડતા પેલા ગાંડિયા હનુમાનનો એને મેળાપ થતો. કિષ્કિન્ધા કૉલેજના સ્નાતક ને અરણ્યોના રાજા એ શાખામૃગ મારુતીને આ મૃત્યુલોકનો ૧૦-૧૧ વરસ-નો બાળક જોઈ દયા આવતી અને જરા મલકાતા પણ ખરા. બાળક ધ્રુજતો ધ્રુજતો એમને કહેતો કે 'પ્રભો! દશાનનના દિવસો પુરા થયા. હવે દરિયાપારથી આવેલા તમારા સજાતીય દેખાતા પેલા ગૌરાંગોના ભયથી થરથરતી અમારી માતાઓનું કંઇ કરો!' હનુમાનને તો સ્ત્રીમાત્ર સીતાનાં સ્વરૂપોઃ એટલે સ્ત્રીઓનું નામ આવતાં જ એમનાં લોચન લાલ લાલ થઈ જતાં અને ભયંકર ત્રાડ મારી પુંછડું પછાડી ઉભા થતા;--જાણે હમણાં જ ભારતીનો ઉદ્ધાર થશે એમ લાગતું. બાળક તો ગભરાઇ જ જતો!

આમ અનેક રીતે--અનેક વખતે એ નિર્બળ શરીર પણ અનંત કલ્પનાવાળો બાળક પોતાના મનમાન્યા ગોઠિયા ભીમ, ભીષ્મ, હનુમાન અને લક્ષ્મણ સાથે ખેલતો કુદતો અને અંગ્રેજ સીપાઇઓની સામે એ ચારેને મોકલવાનો અવસર ક્યારે આવે એની રાહ જોતો.

વીરતાના આ વાતાવરણમાં એનું મનોબળ કેળવાતું. એના હૃદયની ભાવનાઓ કોઇ જુદી જ રીતે વિકસતી અને અત્યારની કેળવણીમાં પુરાણનાં ગપોડાં મનાતાં વીરચરિતો એના કુમળા મગજ પર જુદી જ અસર કરતાં. પુરાણ ભારતનાં ભવ્ય વીરશ્રીવાળાં ચરિતોથી



એના અપૂર્વ ને અજય્ય બળવાળા મન અને શરીરનું સૂક્ષ્મ કલેવર રચાતું અને એને પરિણામે પોતે પણ શા માટે એવો ન થઇ શકે એવી આતુરતા થતી.

આખરે એક ઉજ્જવળ દિને એને 'રંગ' લાગી ગયો. અને પછી તો માત્ર પાંચ જ વરસના પરિશ્રમથી એણે આખા ભારતવર્ષમાં પોતાના નામને ઘરગથુ બનાવી મુકનાર અલૌકિક બળ મેળવ્યું. એ બાળક તે હું પોતે—રામમૂર્તિ. મહાશય, જુઓ મારા આ માંસલ શરીરમાં પેલા દમિયલ છોકરાની રજ પણ ઝાંખી તમને થાય છે? છતાં પણ એ પણ મારા જ દિવસો હતા!'

થોડીવાર બોલનાર અટકી ગયો. મને પણ જરા શાંતિ મળી. કારણ કલ્પના જેવી જણાતી એની જીવનકથા સાંભળી હું યે ગગનવિહારી બની લક્ષ્મણ–ઇન્દ્રશત્રુનું યુદ્ધ નીહાળતો હતો.

'આ બધું ગપ લાગે છે ને? મેં આમ શી રીતે વિજય મેળવ્યો? સાંભળો. કેવળ 'નિશ્ચયબળ'થી—માત્ર 'મનોબળ'થી જ મેં મારો આદર્શ સિદ્ધ કરવા પ્રયત્ન કરેલો; અને પરિણામે અત્યારે હું આખા હિન્દુસ્તાનનું પ્રેમપાત્ર છું. બળની વાત આવતાં તમને 'રામમૂર્તિ' નામ યાદ આવ્યા વિના નહિ રહે. સ્ત્રીઓનું વાત્સલ્ય પણ મારા પર કેટલું? પંજાબમાં નવરાતરમાં મારા નામનાં ગીત ગવાતાં —જેમ અત્યારે ગાંધીજીના ગરબા ગવાય છે તેમ.

મેં કસરત શરૂ કરી ત્યારે બહુ જ આકરૂં લાગતું. ઘણી વખત અધવચ છોડી પણ દીધેલું. અખાડામાં પણ અકળામણ ચડતી. પણ તરત જ મારી મનોદેવતા મને જગાડતી! મારા આદર્શને સિદ્ધ કરવા હું વારંવાર મથ્યો છું. પરિણામ ન જણાતાં હું ઘણીવાર રડ્યો છું. આના કરતાં મરવું સારૂં એમ માની મરવાનો નિશ્ચય પણ મેં કરેલો!

આખરે મેં મક્કમનાથી શરૂઆતની નિર્બળતા ઉપર તો વિજય મેળવ્યો. ધીમેધીમે કસર વધારી. એ વખતનો મારો ક્રમ આવો હતો; સવારે વ્હેલો ઉઠી હું છ માઇલ દોડતો: દૂર એક છાવણી હતી ત્યાં જવા માટે. ત્યાંના લશ્કરીઓના અખાડામાં ખુબ કુસ્તી રમતો, અને વળી પાછો છ માઇલ દોડતો ઘેર આવી મારા શિષ્યો સાથે કુસ્તી કરતો. એ વખતે મારા અખાડામાં આશરે ૧૫૦ જુવાનિયા હતા. ત્યારબાદ તરવા પડતો, અને પછી તો બહાર નીકળું એ વખતે મારામાં ઉભા રહેવાની પણ તાકાત ન રહેતી. મારા ગોઠિયા મને ઉપાડી લઇ જતા અને મારો લંગોટ પણ એ જ છોડતા. પછી થાક ખાઇ હું જમતો અને સાંજ થતાં પાછો ૧૫૦૦થી ૩૦૦૦ દંડ તથા ૫૦૦૦થી ૧૦૦૦૦ જેટલી બેઠક કાઢી કુસ્તી કરી દૈનિક ક્રમ પુરો કરતો. આનો પરિણામ એ આવ્યો કે સોળ વર્ષની ઉમરે હું એટલો જોરાવર બન્યો કે નાળિયેરના ઝાડને જોરથી હું ખભો મારતો કે ઉપરથી ટપોટપ બેત્રણ નાળિયેર તુટી પડતાં!'



રામમૂર્તિનું સંકલ્પબળ અપૂર્વ છે; અને એમની તન્મયતા પણ એવી જ અનન્ય. જ્યારે એ મહેનત કરતા ત્યારે ઉંઘમાં પણ એમને એનાં જ સ્વપ્નાં આવતાં. એક વખતે સ્વપ્નમાં કુસ્તી ચાલતી હતી, અને દાવ શીખવતાં રામમૂર્તિએ એવી બગલી લીધી કે ટપ લઇને પાસેના બીજા ખાટલામાં ઉછળી પડ્યા! હોહા થઇ રહી, ઘરનાં માણસ સૌ જાગી ઉઠ્યાં અને રામમૂર્તિને વળગાડ છે એમ ધારી ભુવાને બોલાવ્યો. આખરે રામમૂર્તિએ પેલા સ્વપ્નની હકીકત કહી ત્યારે સૌ શાંત થયાં. ત્યારથી રામમૂર્તિ અખાડામાં જ સુવા—રહેવા લાગ્યા.

એ વખતનો એમનો ખોરાક પણુ ગજબ હતો. દહીં તો એમનો પ્રિયતમ આહાર. બપોરે બાર વાગ્યે સવારનું કામ ખતમ થયા પછી એ બદામની ઠંડાઇ પીતા. પછી બશેરત્રણશેર દહીં, શાક અને ભાત તથા અરધો શેર ઘી ખાતા. રાત્રે માત્ર થોડોક ભાત કે ભાખરી અને દહીં. દિવસની આશરે દોઢ શેર–બશેર બદામ એમના જઠરમાં જતી, અને કદિ કદિ એકાદ શેર માખણમાં સોનાચાંદીના વરખ પણ ચાટી જતા! દુધ એમને પસંદ નથી; અને ભાગ્યે જ એ એમણે પીધું હશે. એ જાતે બ્રાહ્મણેતર છે એટલે પહેલવાન તરીકે એમને માંસાહાર કરવાની છુટ હોય જ. પણ એમણે માંસ, મચ્છી કે દારૂ કદિ લીધાં નથી, અને એથી બળ વધે છે એમ પણ એ માનતા નથી. હજી પણ એ પરણ્યા નથી.

સોળ વરસની ઉમરે પોતાના અગાધ બળનો સૌ પહેલો પરચો એમને આમ થયો: એક વખતે ગટરના ખાળિયામાં એક મોટી ભેંસ ભરાઈ ગએલી. વીસત્રીસ માણસો મહેનત કરતાં પણ એને કાઢી શકતા નહોતા; એવામાં રામમૂર્તિનો ભાણેજ ત્યાં થઇને નીકળ્યો. એણે એ જોયું અને પાસેના ગામમાં રામમૂર્તિ હતા ત્યાં દોડતો જઈ એમને બોલાવી લાવ્યો. રામમૂર્તિએ ત્યાં આવીને લોકોને બાજુ કરી નીચા વળીને ભેંસનાં બે શીંગડાં પકડ્યાં, અને

એક જ આંચકાથી ભેંસને ઉઠાવી ખેંચી કાઢી, એત્રણ ગોડીમણાં ખાતી રેડવી નાખી, અને જાણે કંઇ જ બન્યું ન હોય એમ પોતાને માર્ગે ચાલતા થયા !

'હવે જ મારા જીવનની ખરેખરી શરૂઆત હતી. બીપણ પ્રયત્નોથી મેં અપ્રતિમ બળ મેળવ્યું હતું, પણ મારી એ અમાનુષી શક્તિનો ઉપયોગ શો, એમ જ્યારે મને ઘણા પુછતા ત્યારે હું હતાશ થતો. છતાં પણ મારૂં ભાવિ કંઈક અપૂર્વ છે, નિયતિ મારી વિશેષ ગતિ કરશે એમ મને દૃઢ વિશ્વાસ હતો. એવામાં સને ૧૯૦૫ના મે માસમાં આખા યૂરોપમાં વખણાઇને લોકપ્રિય થએલો મલ્લ યૂજીન સૅન્ડો મદ્રાસ ઇલાકામાં ખેલ કરવા આવ્યો. એના બળની પરીક્ષા શી રીતે થાય અને હું એની સામે ટકી શકું કે કેમ એની મને દરરોજ ચિંતા રહેતી. આખરે મેં સૅન્ડોના નોકર સાથે દોસ્તી કરી. એ નોકરને ખાવામાં માદક પદાર્થ આપ્યો અને જ્યારે એ ઉંઘતો હતો ત્યારે એના તંબુમાં ઘુસી જઇ એના ગજવા-માંથી કુંચી કાઢી લઇ સૅન્ડોના ડંબેલ્સ તપાસ્યા. તરત મારી ખાતરી થઇ કે સૅન્ડો માત્ર ચાલાકીથી જ પોતાની કીર્તિ વધારે છે. એનામાં સામર્થ્ય તો છે જ, પણ એ બતાવે છે એટલું નહિ. પછી બીજે દિવસે મેં એને 'ચૅલેન્જ' આપ્યું. પણ ખાનગીમાં તપાસ કરતાં એને મારી શ્રેષ્ઠતાની ખાતરી થવાથી 'કાળા માણસ સાથે હું હરીફાઇ કરતો નથી' એમ કહી ના પાડી ! મને ઉમેદ હતી કે સૅન્ડો જેવા વીરની સામે ઉતરી એને હરાવવાથી મારા બળની કિંમત થશે. પણ એની 'ના'થી મારા મનોરથ પડી ભાગ્યા. હું થોડો હતાશ થયો. ખેર. બીજે જ વરસે મને શહેનશાહ જ્યૉર્જ અહીં પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે પોતાનાં બાનુ સાથે આવેલા ત્યારે એમની બાંહેધરી મળી. ત્યાર પછી એકાદ વર્ષ મેં મદ્રાસની 'સાઉથ ઇન્ડિયન ઍથલેટિક એસોસિએશન'ના આશ્રય નીચે અંગબળના ખેલો કરી બતાવેલા.'


સૅન્ડો તો પશ્ચિમની દુનિયાનો બળનો ગુરુ ! એના કરતાં વધારે બળવાન સૅક્સન, સ્ટીનબૉર્ન, કેડીન, નૉર્ડકવેસ્ટ વગેરે છે; છતાં પણ વ્યાયામ વિષે જાગૃતિ લાવનાર, યૂરોપ-અમેરિકાને એ બાબતમાં



સ્કેચ : ર. મ. રાવળ

નવજીવન આપનાર તો સૅન્ડો જ. એનું નામ ન સાંભળ્યું હોય એવો ભાગ્યે જ કોઇ મળશે. સૅન્ડોની ખાસ વિશેષતા વજન ઉઠાવવાની હતી. રામમૂર્તિ એના કરતાં બમણું-ત્રણગણું વજન ઉઠાવતા. સૅન્ડો છાતી ઉપર ૪૦૦૦ રતલ ઉઠાવતો: રામમૂર્તિ ૬૦૦૦ રતલ ઉઠાવી શકતા. રામમૂર્તિએ પોતાની સરકસની જીંદગીમાં ત્રણ ટનનો હાથી તો દરરોજ ઉઠાવેલો એ જગજાહેર વાત છે. ૧૯૦૪માં દુનિયામાં સૌથી વધારે વજન ઉચકનાર એ હતા.

'૧૯૦૬થી મારા વ્યાવહારિક જીવનની શરૂઆત થઈ. વ્યાવહારિક એટલા માટે કે ત્યારથી મારે જીંદગીના કાવાદાવામાં ઉતરવું પડ્યું. ત્યાર પહેલાં હું અને મારો વ્યાયામ એટલી જ પીડા મારે હતી. હવે તો મારે હિન્દુસ્તાનમાં હાક વગાડવાની હતી. શરૂઆતમાં હું છત્રેના સરકસમાં દાખલ થવાનો હતો, પણ લોકમાન્ય ટીળકે મને રોક્યો. એમની સહાય અને પ્રોત્સાહનથી મેં સ્વતંત્ર સરકસ ઉભું કર્યું. પછી



ચાર મજબુત માણસોને સાંકળના છેડાઓ પકડાવી પોતાને પડખે બે બાજુ રાખી સાંકળને પોતાની છાતી પર વીંટી જોરથી છાતી ફુલાવી સાંકળ તોડી નાખતા.

તો મારી જાહોજલાલી જામી. ત્યાર પછી અનેક પ્રકારનાં વાતાવરણ મેં વીતાવ્યાં છે અને હવે હું વાનપ્રસ્થ થયો છું.'

જીવન એ મુસીબતોનો ભંડાર છે. મુશ્કેલી વિનાની સરળ જીંદગી તો ભાગ્યે જ કોઈની મળશે. તેમાં યે વીર પુરુષના માર્ગમાં તો ડગલે ને પગલે કાંટા વેરાએલા જ હોય છે.

'હા; મારી મુસ્કેલીઓ પણ મારી શક્તિ જેટલી જ પ્રૌઢ અને કદિકદિ તો દુઃસહ હતી. તમને સાંભળતાં પણ ત્રાસ થશે. અંગ્રેજ સરકાર કદિ પણ હિન્દીને આગળ આવવા દેતી નથી. મને પણ ખુબ હેરાન કર્યો છે. લાહોરમાં હું હતો ત્યારે ત્યાંના પોલીસ કમિશનરે મને ચોવીસ કલાકમાં પંજાબ છોડી જવાનો હુકમ કરેલો. પણ માલવીયજી, લાલા હંસરાજ વગેરે નાગરિકોના પ્રયત્નથી ખુદ લૉર્ડ મિન્ટોએ એ હુકમ બંધ રખાવેલો. હું સરકાર વિરુદ્ધ ચળવળ કરનાર છું એમ કહી મને સરહદ ઉપર જવા ન દીધેલો. ઈંગ્લંડથી હું ઑસ્ટ્રેલિયા જવાનો હતો ત્યારે મને ૧૦૦ની માગણીમા માત્ર ૨૫ જ પાસપોર્ટ આપવાનો અંગ્રેજ સરકારે હા કહેલી. આ ઉપરાંત જ્યાંજ્યાં હું ખેલ કરતો ત્યાંત્યાંના સ્થાનિક મુસલમાનોમાં મારી વિરુદ્ધ ઉશ્કેરણી કરવામાં સી. આઈ. ડી. ખાતું બાકી ન રાખતું. પરંતુ તેમ છતાંપણ મર્દાનગીપ્રિય મુસલમાન પ્રજા મને ભાગ્યે જ કનડતી; એટલું જ નહિ પણ મારા બલના વિજયમાં હમેશાં આનંદ લેતી. નિઝામ સરકારે તો મારૂં ખુબ સ્વાગત કરેલું અને સ્વહસ્તે મને સોનાનો ચાંદ આપેલો.

સૌથી ભયંકર વિઘ્નો તો હિન્દુસ્તાન બહારના પ્રદેશમાં જ મારે ભોગવવાં પડેલાં. મલાકામાં સને ૧૯૧૦માં મને બે વખત સોમલ (ઝેર) આપવામાં આવેલો. પહેલી વખતે તો હું પચાવી જ ગયો; એટલે બીજી વખતે તો થોડો મરી જાય એટલું ઝેર મારા પેટમાં નાખેલું ! આથી મારૂં બચવું મુશ્કેલ હતું; છતાં પણ મેં તરત જ લંગોટ મારી પાંચ હજાર દંડ કાઢી નાખેલા ! આથી પરસેવામાં તથા ગરમીથી ઘણુંખરૂં ઝેર તો નીકળી ગયું; પણ મારે દસ મહીના પથારીવશ રહેવું પડેલું.'


યૂરોપનો એમનો અનુભવ વિચિત્ર હતો. 'ઇંગ્લંડમાં મારા પહેલવાનો ગામા અને ઇમામબક્ષ અગાઉ એકવાર ગએલા તે વેળા સ્ટેન્સેલૉસ ઝિબિસ્કો જેવાને હરાવેલા અને અજીત પાછા આવેલા; એટલે આ વેળા પણ તેમની સામે ટકનાર કોઇ યૂરોપીય પહેલવાન મળ્યો નહિ. * ઝિબિસ્કોની હાર થએલી એટલે ગામા કે ઇમામબક્ષના ચૅલેન્જને હૅકેન્સ્મિટ * પણ સ્વીકારવાની ના કહી.

---

* વ્લૉડેક ઝિબિસ્કો અને સ્ટેન્સેલૉસ ઝિબિસ્કો એ બે ભાઈ જાતે રશિયન છે. સ્ટેન્સેલૉસ તો અત્યારના સર્વોત્કૃષ્ટ યૂરોપીય કુસ્તીબાજોમાંનો એક ગણાય છે. એની ઉમર ૫૪ વર્ષની છે છતાં ૧૯૨૫ના જુલાઈમાં એણે યૂરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયાની કુસ્તીની ચૅમ્પીયનશિપ બીજી વખત જીતી છે. હાલ પોતે ન્યૂયૉર્કમાં રહે છે.

* જ્યૉર્જ હેકેન્સ્મિટ પણ જાતે રશિયન છે અને દુનિયાના બલિષ્ઠ પુરુષોમાં તેની ગણતરી થાય છે. અમેરિકા અને યૂરોપના અત્યાર સુધી થઇ ગએલા ગણ્યાગાંઠ્યા સર્વોત્તમ કુસ્તીબાજો ફાર્મર બર્નસ, જ્યૉર્જ લુરિચ, ફ્રૅન્ક ગાશ, મેરીન પ્લેસ્ટીના, સ્ટ્રૅન્ગ્લર લુઇ, યુસુફ, જો સ્ટ્રેચર, જ્યૉર્જ બોથેટ વગેરે સાથે એને મુકી શકાય. હાલ તો એ મહાપુરુષ વાનપ્રસ્થ થઇ ઇંગ્લંડના જુવાનોને કેળવે છે. એણે ફ્રૅન્ક ગૉશને હાથે હાર ખાધેલી.

'પછી અમે ફ્રાન્સ ગયા. ત્યાં મારો ખુબ સત્કાર થયો. ફ્રેન્ચ જેટલી શૌર્યની ગુણજ્ઞ પ્રજા બીજી કોઇ હોય તો તે માત્ર જર્મન જ. ફ્રાન્સમાં પણ મારો સીતારો પાધરો ન હતો. હાથીના મારા ખેલમાં હાથી ઉભો રાખવા માટે મારે છાતી ઉપર એક લાંબું પાટિયું મુકવાનું હોય છે. આ પાટિયું મારા યુરોપિયન મૅનેજરની ફુટથી એક બદમાશે અરધું કાપી રાખેલું. ખેલમાં જેવો હાથી એ પાટિયા ઉપર ચડીને ચોથો પગ મુકે છે તેવા જ પાટિયાના બે ટુકડા થઇ ગયા અને હાથીનો પગ મારી છાતી ઉપર પડયો! પરિણામે મારી ત્રણ પાંસળીઓ ભાંગી ગઇ અને હું બેભાન થયો. પરંતુ ફ્રાન્સના કુશળ દાક્તરોની દેખરેખથી હું બચી જવા પામ્યો. મારે છ અઠવાડિયાં ઇસ્પીતાલમાં રહેવું પડેલું. આને લીધે જર્મનીનું આમંત્રણ હું સ્વીકારી શક્યો નહિ. સ્પેનની 'બુલ ફાઇટર્સ એસોસીએશન' તરફથી મારા બળની પરીક્ષા કરવા માગણી થએલી. એક ભયંકર સાંઢને જો હું શીંગડાં પકડી જમીનમાં દબાવી દઉં અને ચસકવા ન દઉં તો પંદર હજાર પાઉન્ડ મને મળે, એવી મારી માગણી એ લોકો સ્વીકારી શક્યા નહિ, એટલે હું ત્યાં ન ગયો.'



અકસ્માતોનો તો એમના જીવનમાં પાર ન હતો, પણ એની સામે થવાનું બળ પણ એમનામાં પુરતું હતું. 'બ્હેરામપુરમાં હું એકવાર સરકસ લઇ ગએલો, ત્યારે એક દિવસ અમારો સૌથી ભયંકર વાઘ છુટો થઇ ગએલો!' રામમૂર્તિ પોતાનાં જંગલી પ્રાણીઓને પણ કદિ ભુખે મારતા નહિ એટલે એમનાં પશુઓ જંગલના જેટલાં જ બળવાળાં રહેતાં. 'ચારપાંચ બકરાંને તેણે મારી નાખ્યાં ત્યાં તો હું સન્ધ્યા કરતો હતો ત્યાં માણસ બોલાવવા આવ્યો. તત્કાળ મારી પાસે કંઈ હથિયાર ન હતું, એટલે એક જાડો ડંડો ઉઠાવી હું દોડયો. મને જોતાંવેંત જ વાઘ તબેલામાં ભરાયો. મેં એને પાંચ છ ડંડા ચોડી કાઢયા! ચીડાઇને એ જેવો પાછો ફર્યો કે મેં તરત બાથમાં પકડી લીધો અને જમીન ઉપર દબાવી દીધો!'

ઇ. સ. ૧૯૦૭માં મુંબાઇમાં દાંતવડે ઘોડો ઉપાડતાં એમના બે દાંત ભાંગી ગએલા. ત્રાજવામાં ઘોડો ઉભો રખાવી રામમૂર્તિ ઉંચે ઉભા રહેતા અને આખું ત્રાજવું દાંતથી પકડી જમીનથી એકબે ફુટ અદ્ધર કરતા. એમનો ઑસ્ટ્રેલિયન ઘોડો એ વખતે માંદો હતો એટલે એક તદ્દન નવો ઘોડો લાવેલા. વીજળીના પ્રકાશમાં બૅન્ડ અને તાળીઓના અવાજથી ઘોડો ભડકયો એટલે સમતોલપણું ગુમાવવાથી રામમૂર્તિના બે દાંત પડી ગયા.


'આ બધું હું શી રીતે કરી શક્યો? કેવળ **આત્મબળથી** જ; નિશ્ચયથી જ. દુનિયામાં—અરે, આપણા હિન્દુસ્તાનમાં જ મારા કરતાં બમણું બળ ધરાવનાર અનેક હશે—છે. મારા જોવામાં પણ કેટલાક એવા આવ્યા છે કે જે સહેજ કેળવણીથી અમાનુષી બળ ધરાવી શકે. પણ મારા વિજયની ચાવી મારા આત્મબળમાં છે. પ્રાચીન કે અર્વાચીન, આ દેશ કે પરદેશ—બધે જે મહારથીઓ ઘુમ્યા છે, જેમનાં પરાક્રમનો ડંકો દિગન્તમાં વાગ્યો છે એ બધાનાં કાર્યમાં સ્થિર અજય્ય મનોબળ હોય છે. એ બળ જ મારા વિજયનો પાયો છે. એની પ્રાપ્તિમાં મેં મારા જીવનનો ઘણો ભાગ કાઢયો છે. હિન્દુસ્તાનના ખુણેખુણા હું



જોઇ વળ્યો છું. યોગી, જતી, સાધુ, સંન્યાસી, ભુવા, મદારી—બધા મેં જોયા છે. જ્યાંજ્યાં મેં યોગ, આસન, પ્રાણાયામ, સાધના, જંતરમંતર જોયાં ત્યાંથી મેળવવાના પ્રયત્નો કર્યા છે. હિમાલયની ખીણોમાં પણ મેં ભ્રમણ કર્યું છે. અને પરિણામ ? પરિણામમાં હું સમાધિ પર્યંત પહોંચેલો. મારૂં ચિત્ત મારા કાબુમાં આવ્યું. અણિમાદિ અષ્ટ સિદ્ધિઓ તો નહિ પણ **'એકાગ્રતા'** મેં પ્રાપ્ત કરી. શારીરબળ ઉપરાંત હું મારા પ્રયોગોમાં આ એકાગ્રતાનું અનુસંધાન કરૂં છું. એ વડે શરીરના કોઇપણ એક જ સ્થાનમાં—એક જ સ્નાયુમાં મારી સંકલ્પશક્તિથી મહાભારત બળનો સંચાર એક નિમિષમાં હું કરૂં છું એટલે એ સ્થળવિશેષમાં અજય્ય—અપરાજિત બનું છું. આ જ મારા વિજયની—મારી સહનશક્તિની—મારી વજ્રાંગતાની ચાવી છે. બાકી માણસનાં હાડકાં મજબુત હોવા છતાં પણ જો એક હજાર પાઉન્ડનું એના ઉપર દબાણ થાય તો એનો આટો થઇ જાય એવું શારીરશાસ્ત્રીઓ માને છે. એટલે દરરોજ (અને ઘણી વખતે તો દિવસમાં બે વાર) ૬૦૦૦ રતલનો હાથી ઉપાડનાર હું—એનાં હાડકાંનો કેટલો ઝીણો આટો છેલ્લાં ૨૫ વરસમાં થયો હોય એની કલ્પના તમે જ કરી લો.

નિષ્ફળતા ? નિષ્ફળતા ? નિષ્ફળતા શું એ રામમૂર્તિ શીખ્યો નથી. એક વખત—બે-ત્રણ-પાંચ-દસ વખત પ્રયત્ન કરીશ પણ મારા ધારેલા કાર્યમાં હું વિજય જ મેળવીશ. 'ડૂ ઑર ડાઇ'—કરવું યા મરવું 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' એ મારૂં સૂત્ર છે. એક જ દૃષ્ટાંતઃ ધ્રાંગધ્રામાં હું એક વખત ગએલો. મહારાજા સાહેબે પોતાની ખાનગી મોટર રોકવા મને કહ્યું. પેંતરો જમાવી હું તૈયાર થાઉં ત્યાર પહેલાં તો હાંકનારે મોટર હાંકી દીધી. આંચકો આવતાં જ મારી પીંડી સ્થાનભ્રષ્ટ થઇ અને સ્નાયુ ખસી જતાં જ હું બેભાન થઈ પડી ગયો. દાક્તરે મારો પગ ઠેકાણે તો કર્યો પણ મને દરદ અસહ્ય થતું હતું. પરંતુ રામમૂર્તિથી મોટર ન રોકાઇ એ ભાવિ કલંક મારે સહન કરવું ન હતું. એટલે પગ ઉપર પાટો બાંધી હું લંગડાતો લંગડાતો પાછો ખેલના સ્થાને આવ્યો. લોકો વેરાતા હતા ત્યાં તો મને જોઇ આભા જ બન્યા. છતાં પણ મારા અમાનુષી મનોબળથી મેં એકાગ્રતા સાધી, અને ૭૦ માઇલની ઝડપથી જનારી ૨૫ હૉર્સપાવરની એ જ મૉટર એક બે નહિ પણ તેર વખત મેં રોકી ! હા. એનું ફળ કેટલાંક અઠવાડિયાં દવાખાનામાં રહી મારે ભોગવવું પડ્યું ખરૂં. બાકી તો મરી જાય પણ રામમૂર્તિ નિષ્ફળતા ભોગવવાનો નહિ.'

આ કહેતાંકહેતાં તો અપૂર્વ આત્મવિશ્વાસના તેજથી એમની આંખો ચમકવા લાગી અને આછા વેરાતા સાંજના અજવાળામાં એમનો દૃઢ અને કંઈક કર્કશ બનેલો ચહેરો ઝળકી ઉઠ્યો. દૂરદૂર સાબરમતીને તટે, અન્ય દિશામાં વહેતા પણ એક જ જાતના તપોબળ—આત્મબળથી જગતને નમાવનાર મહાત્માની સમગ્ર વિભૂતિનો સારાંશ આ ભૌતિક બળના મહાત્માના એક શબ્દ 'એકાગ્રતા'માં રહેલો




ચિત્રકાર : સર ફ્રેડરિક લેઇટન

આબાદ

અરણ્યવાસી પિતા પાસે ધનુર્વિદ્યાનું શિક્ષણ લેતા વન્યકુમારનું નીશાન પહેલીવાર આબાદ લાગતાં શો હર્ષ અને સંતોષ તેની મુખમુદ્રા પર છવાઇ રહ્યાં છે! વસ્ત્રોના થોકડા પહેરી ફરતી આજની પ્રજા શરીરની સૌન્દર્યસમૃદ્ધિનો ખ્યાલ જ ભુલી ગઇ લાગે છે; નહિતો આવા સુંદર, માંસલ, સપ્રમાણ અંગવૈભવનું ઢાંક્યા રાખવાનું કેમ ગમે?

ઇંગ્લંડના ચિત્રકારમણિ સર ફ્રેડરિક લેઇટન આ ચિત્રના વિધાતા છે. એમને સર્વ યુગના અને સર્વ દેશના ચિત્રકાર ગણી શકાય. એમની કલ્પનાઓ આસપાસના સમાજ અને સંસારને છોડી ભૂતકાળના ભવ્ય અને કુદરતી જીવનમાં જ વિહરતી. ગ્રીક કથાઓ એમની પ્રેરણા બનતી. ગ્રીક સૌન્દર્યદૃષ્ટિથી જ એ પોતાનાં ચિત્રો ઉપજાવતા. ગ્રીક પ્રજાના સૌન્દર્યનો આદર્શ સંપૂર્ણ શરીરવિકાસ હતો. નખશિખપર્યંત સંપૂર્ણતા, સપ્રમાણતા અને સુદૃઢતા હોય તે માણસો ગ્રીકોમાં દેવકોટિનાં ગણાતાં. સર લેઇટન આ યુગમાં જન્મેલા છતાં ગ્રીક યુગના આત્મા હતા એમ કહીએ તો ખોટું નથી. સંપૂર્ણતા પાછળ તેમનું આખું જીવન જોસભેર વહ્યા કર્યું છે. એમના ચિત્રપટમાં એક ઇંચ પણ જગ્યા એવી નહિ મળે કે જ્યાં એમણે પોતાનું સંપૂર્ણતાનુ ધોરણ ન સાચવ્યું હોય. આગણીસ વર્ષ સુધી ઇટલી, ગ્રીસ અને યૂરોપનાં બીજાં કલામન્દિરોમાં તપશ્ચર્યા કરી એ કલાસ્વામીએ જે રસસમૃદ્ધિ પોતાની અપ્રતિમ કૃતિઓમાં બતાવી છે તે અદ્ભુત છે.



બદ્રીકેદારનાથ : હિમાલયની ગોદમાં સુતેલું એક દુર્ગમ જાત્રાનું સ્થળ

જણાયો. શારીરબળની આ વિભૂતિ હિન્દુસ્તાનના યુવકવર્ગને કેટલી ઉપકારક—કેટલી પ્રોત્સાહક આદર્શ-રૂપ છે એનું ભાન થતાં કૃતજ્ઞતા, આભાર અને કંઈક વિસ્મયથી અજાણતાં જ નમન થઈ ગયું.

'ફળ ?' જાણે ન જડતું હોય અને પ્રકાશહીન પ્રદેશમાં ફાંફાં મારવાં પડે એમ, અનંતતાના નિરવધિ પ્રદેશમાં—પોતાના ભાવિ કરતાં યે વધારે ગૂઢ એવા ભૂતકાળના જીવનમાં જાણે શોધી રહ્યા હોય એમ, આતુર અને લક્ષ્યહીન નજરે જોતાં કંઇક કંપતા અવાજે એમણે કહ્યું, 'મારા આટલા પુરુષાર્થનું ફળ ? છે અને નથી યે. 'ભારતવર્ષના યુવકોનો ઉદ્ધાર' એ મારૂં જીવનસૂત્ર હતું. કૃષ્ણ અને લક્ષ્મણ કે ભીમ અને ભીષ્મ યા હનુમાન જેવા તો થયા કે થશે; પણ એમના પગલે ચાલી એક અજિંક્ય યુવક-સેના આ દેશમાં ઉત્પન્ન થાય એ મારૂં મનોરાજ્ય હતું—હજી યે છે. દેશના ખુણેખાંચરેથી મેં વિદ્યાર્થી-ઓને—યુવકોને શોધી કાઢી પ્રોત્સાહન આપ્યું છે. મન, વાણી, શરીર અને દ્રવ્યથી રામમૂર્તિ હિન્દુ-સ્તાનના જુવાનોનો સેવક બન્યો છે. રામમૂર્તિ જશે —ઘણા યે ગયા છે, પણ હું મરતાં પણ આશ્વાસન પામીશ કે મારાથી બનતી સેવા મેં ભારતમાતાના પાલવમાં નાખી છે. બાકી તો—' કંઇક ખિન્ન અવાજે બોલ્યા, 'મારા પુરુષાર્થનું ખરૂં મૂલ્ય તો ભાવિ પ્રજા જ આંકશે.'


રામમૂર્તિનો એક જ અભિલાષ : કુમાર અને કુમારિકાઓનો ઉત્કર્ષ. એમનાં જીવન પ્રફુલ્લ બને; યુવાવસ્થાની વાડીઓમાં ગભરૂ નૌજવાનો અને મદોન્મત સૌન્દર્યમૂર્તિઓ ખીલે. બસ; બળ, દ્રવ્ય અને બુદ્ધિની પર્યાપ્તિ એમાં જ છે. શરીર અને મનની એકાગ્રતા—એકરૂપતામાં જ વર્ચસ્વ છે. રામમૂર્તિના જીવનની આ એક જ આશા ફલવતી બનતાં જ ભારતનો સૂર્ય પૂર્ણકળાએ પહોંચશે. બાકી ઘરગથુ થઈ પડેલો 'રામમૂર્તિ' શબ્દ એ આશાનું એક કિરણ તો છે જ. અંતે—


'તમે તરુણ છો. હું અરધી જીંદગી ગાળી ચુક્યો છું. જુવાનોના સંબંધમાં તમે આવો છો. મારો એટલો સંદેશ એમને કહેજો કે ભારતવર્ષની ખરી સેવા તો બ્રહ્મવીર—બ્રહ્મચારી બનવાથી, મન, વચન અને શરીરનું ઐક્ય સાધવાથી જ થશે. એના આદર્શ માટે આપણે પરદેશ જવાનું નથી. આપણા જ દેશના જ્વલંત દૃષ્ટાન્તો ક્યાં ઓછા છે ? વન્દે માતરમ્.'

*

અત્યારે રામમૂર્તિ મદ્રાસની કાઉન્સિલની ધમાલ-માં પડ્યા છે. શુદ્ધ સ્વદેશીના જાતે આચરનાર છે અને એનો પ્રચાર પણ કરે છે. સરકસના વ્યવસાયથી છુટા થઇ પોતાની શક્તિનો ઉપયોગ અત્યારે મદ્રાસ ઇલાકાનાં રાજકીય ક્ષેત્રમાં કરે છે. ટીળક આદિ મહાન રાજનીતિજ્ઞોના સંદેશવાહક તરીકે એમણે પૂર્વે સેવા બજાવી છે. આખા હિન્દુસ્તાનમાં એક ભગીરથ યુવકસેના ઉભી કરી નિર્બળતાનો નાશ કરવાના પ્રયત્ન પણ એમણે કર્યા છે. હિન્દુસ્તાનની વિદ્યા-પીઠો માટે શારીરવિકાસની એક અનુપમ યોજના એમણે બહાર પાડી છે અને જતે દહાડે હિમાલય કે વિન્ધ્યની અટવીઓમાં એકાદ ક્રીડાંગણ—વ્યાયામ-શાળા ઉઘાડવાની એમની ઉમેદ છે.

દેશી અને પરદેશી, ગરીબ અને તવંગર, રાજ-વંશી અને પ્રજાવર્ગ—સૌએ એમની શક્તિનો પરિ-ચય થતાં એમની કદર કરી છે. પાંચસો ઉપરાંત સોનાના ચાંદ અને જરીનાં સેલાં, પોષાક વગેરે





એમણે મેળવ્યાં છે. પ્રાચીન ક્ષાત્રપદ્ધતિ પ્રમાણે સુવર્ણનું એક ભારે રત્નજડિત 'વીરકંકણ' પાદુકોટાના મહારાજાએ એમને આપેલું. મખમલના મ્યાન અને સોનાની મુઠવાળી અસલ શીરોહીની તલવાર પણ એક નરેશે એમને આપેલી. શિવાજી છત્રપતિની 'ભવાની' પણ રામમૂર્તિને એક વખત મળેલી.

દેશી-પરદેશી દરેક પ્રકારના વ્યાયામના તેઓ વ્યાસંગી છે. નવીન અને પ્રાચીન પ્રણાલિએ એમણે વ્યાયામનાં વિવિધ સાધનો તપાસી જોયાં છે અને આપણા દેશની પુરાણપદ્ધતિ જ એમને શ્રેષ્ઠ લાગી છે. એમનું તો કહેવું એમ પણ છે કે આપણા વ્યાયામનું સુધરેલું સ્વરૂપ જ પરદેશી વ્યાયામના પ્રકાર છે. આમાં પૂર્ણ સત્ય હો યા નહિ, પણ યૂરોપ કરતાં આપણા દેશની કળા કોઇ પણ રીતે ઉતરતી નથી જ, કિન્તુ કેટલીક બાબતોમાં ચડિયાતી પણ છે.

સરકસમાં રામમૂર્તિના ખેલો તદ્દન નવા જ હતા. ૨૫ હૉર્સપાવરની બે મોટરકારોને સામસામી દિશામાં જતી એ રોકી રાખતા. છાતી ઉપર ૩૦૦૦થી ૪૦૦૦ રતલનો પથ્થર મુકાવી એના ઉપર ઘણના ઘા કરાવતા, પછી એક જ આંચકાથી ત્રણચાર ગોડીમડાં ખાતો કરી એને હડસેલી દેતા. બે ગાડાંમાં ૪૦-૫૦ માણસો બેસાડી પોતાની છાતી અને પેટ કે સાથળો ઉપરથી એ ગાડાં ખેંચાવતા. ચાર મજબુત માણસોને સાંકળના છેડા પકડાવી પોતાને પડખે બે બાજુ ઉભા રાખતા; પછી સાંકળને પોતાની છાતી ઉપર વીંટી જોરથી છાતી ફુલાવતા એટલે સાંકળના ટુકડા થઈ જતા. એમની યુવાવસ્થામાં એમની સામાન્ય છાતીનો ઘેરાવો ૪૮ ઇંચ હતો; જ્યારે ખાલી છાતી ૩૭ ઈંચ અને ફુલાવેલી ૫૬ ઈંચ થતી! અરધા ઈંચની જાડાઇની સાંકળ એક જ આંચકાથી તોડવી એ એમને મન રમતવાત હતી. આ તો એમના ખેલની વાનગી. બાકી એમણે વિવિધ પ્રસંગે જે બળ દેખાડેલું તેની તો ગણના જ કરાય નહિ, તેમ જ તેની કિંમત નજરે જોયા વિના થાય પણ નહિ.

આટલા બળના સ્વામી છતાં રામમૂર્તિના મતે બળ કરતાં સ્વાસ્થ્ય—નીરોગીપણાને પ્રથમ સ્થાન મળવું જોઇએ. એ માટે યોગનાં આસનોમાં એમને અપાર શ્રદ્ધા છે. એ ઉપરાંત એમણે સ્વાસ્થ્યને મેળવવાની ખાસ કસરતો પણ કાઢી છે. સામાન્ય કસરત કરનારને માટે એમની આ કસરતો તથા નમસ્કાર કે સાદાં દંડબેઠક પુરતાં છે. આસ્તે દોડ અને ઝડપથી ચાલવાની તથા તરવાની પણ એ ખુબ ભલામણ કરે છે. આહારમાં તો હમેશના ભોજન ઉપરાંત માત્ર ખુબ ચાવવાનું એ કહે છે. ખુબ દુધ કે બદામ વા એવા કોઈ ભારે મસાલાની જરૂર સામાન્ય કસરત કરનારને નથી. ઉપરાંત પીવામાં પાણીનો છુટથી ઉપયોગ કરવાનું અને એકાદશી જેવા ઉપવાસ—જે કેવળ સ્વાસ્થ્ય-સંરક્ષણની દૃષ્ટિથી આપણા ધર્માચાર્યોએ રાખ્યા છે તે—કરવાનું એમણે વારંવાર કહ્યું છે. વીર્યરક્ષણ—કાયિક, વાચિક, માનસિક—તો શરીરનો પાયો છે એટલે એ વિના કસરત કરવી નકામી છે. વળી વિદ્યાર્થીઓ—તરુણો અને તરુણીઓના મન ઉપર જે ભયંકર ચિન્તા અને નિર્વેદની લાગણી છે તે કાઢી નાખી હસમુખાપણાને

એ રોગનું ઔષધ માને છે. ટુંકમાં : મિતાહાર, સરલ સાદું જીવન, નિર્મળ અંતઃકરણ, પાક લંગોટ અને નિયમિત મહેનત એ જ જીવનના ઉત્કર્ષની ચાવી છે.

નિર્દોષ અને સૌજન્યવાળા, હસમુખા પણ ગંભીર ક્ષાત્રતેજવાળા રામમૂર્તિ આધુનિક યુગના તરુણ ભારતના આદર્શ છે. સદાશિવ ભાઉ અને બાજીરાવ, શિવાજી મહારાજ અને રઘુનાથરાવનાં નામ સાંભળી આપણાં રૂંવાં ઉભાં થાય છે. બખતરવાળા પઠાણને ઘોડા સુદ્ધાં ભાલાથી નવીંધી નાખીને ઝાડમાં ખીલા પેઠે ચોડી દેનાર પૃથ્વીરાજ, તથા સવા મણ વજનના ભાલાને તરણા પેઠે ફેરવનાર અને તલવારના એક જ ઝટકાથી બખ્તર સાથે સવાર અને ઘોડાને જનોઇવાઢથી બે ટુકડે કરનાર પ્રતાપના સ્મરણમાત્રથી આપણે હુંકાર કરી ઉઠીએ છીએ. . . . પણ એ તો ભૂતકાળનાં સ્વપ્નાં. અત્યારના યુગમાં આપણા યુવકોનો આદર્શ તો રામમૂર્તિ જ. પાશ્ચાત્યોનો સૅન્ડો : હિન્દીઓનો રામમૂર્તિ. એમના નામસ્મરણથી કોનું હૃદય ફુલાશે નહિ ! **હરિનારાયણ આચાર્ય**

આરામગાહ

મહારાજનો દરબાર ભરાયો હતો અને માનવકુલના કલ્યાણ માટે ચર્ચા કરવાને જગતભરના પંડિતો એકઠા થયા હતા.

સમસ્ત સભા એટલી નીરવ બની ગઇ હતી કે પીંજરે પુરાએલી મેનાના હૃદયના ધબકારા સંભળાતા હતા.

ધીરગંભીરપણે સૌ ચર્ચા કરતા હતા. એવામાં કોઇના અટ્ટહાસ્યનો ધ્વનિ ઉઠયો; અને એક નર ને એક નારી સભામાં દાખલ થયાં.

આંખોમાં એમની સહસ્ર ચંદ્રો ચમકતા હતા અને ગાંધર્વના ગાનના આલાપ સમું એમનું યૌવન છકી જતું હતું. અંગમાંથી પારિજાતનો સુગંધ પ્રસરતો હતો અને મદથી એમની આંખો અરધી મીચાએલી હતી.

મહારાજે બન્નેને કહ્યું, 'જરા થોભો.'

બધા પંડિતોએ કહ્યું, 'અરે, આ તો સમસ્ત જગતના કલ્યાણનો વિષય છે.'

માલિકે કહ્યું, 'એ વિચારવાની મને હમણાં ફુરસદ નથી.'

એ નર અને નારી હતાં કવિ અને કવિતા.

પૃથુલાલ શુકલ



પડઘો

: ઇન્દ્રવજ્રા :

"માથે રહ્યો ઘુમટ ગોળ એક,
બોલેલ શબ્દો ઝીલતો હરેક;
વ્હાલા ! અહીં જો, પડઘો સુણાય:
'બ્હેના' અને 'ભાઇ' અહો ઘુંટાય.'

"આ વિશ્વનો ઘુમટ તો નિહાળ !
ગાજી રહ્યા સાગર જ્યાં વિશાળ;
ને વિશ્વનો ચોક રહ્યો અનંત,
જ્યાં દિગ્દિગે એ પડઘા રમંત.

આત્માતણો ગુંબજ માનવોનો,
એ તો, બ્હેની, છેક જ ઘાટવ્હોણો:
હૈયાં બધાં માનવીનાં જ એક,
ને એક વેગે ધબકે હરેક.

નિશ્વાસગુંથ્યો કવિબોલ તારો;
આનંદઘુંટયો વળી બોલ મારો.
આલ્હાદ ને શોકભરેલ શ્વાસ
લીધા જ હૈયે ધરી એક આશ,-"

"ઓ બ્હેન વ્હાલા! પ્રભુશ્વાસના આ-
જો આપણા બે અહીં આત્મના આ-
કેવા પડે છે પડઘા સદાના !
જીવી શકું હું કદિ એ વિના ના !"

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

ભૂતિયો ઓરડો



કુમાર કૉલેજમાં આજે રામનવમીની રજા છે. આખો દિવસ રમતગમતમાં ગાળી થાકી ગએલા વિદ્યાર્થીઓ વાતો કરતા કૉલેજના ચોકમાં બેઠા છે અને સાંજના જમવાના ઘંટની રાહ જુએ છે. તે વખતે એક બારેક વર્ષનો કુંવર કૉલેજના એક ઉઘાડા કલાસમાં પાટલી પર બેસી પત્ર લખવા પ્રયત્ન કરે છે અને બીજા બે કુંવરો તે જ કલાસના પગથિયા પર બેઠાબેઠા કાગળની ગોળીઓ વાળી આજુબાજુ તેના ઘા કરે છે. ઘણાં વિચાર પછી મોઢાના ખડિયામાં ખોસેલી પેન્સિલ બહાર કાઢી પાટલી પર બેઠેલ કુંવરે પત્ર લખવો શરૂ કર્યો.

વ્હાલા પિતાજી,

પંદર દિવસથી પત્ર લખી નથી શકયો, કારણકે પેલા ઠીચકા માસ્તર ઘણું જ હોમવર્ક લખવાનું આપે છે. અને પછી બીલકુલ વખત રહેતો નથી. આવતી કાલે ગામની સ્કુલ સાથે અમારે મૅચ છે. મોટાભાઇ ઘણું જ સારૂં રમશે તેમ સૌ આશા રાખે છે. આઠ દિવસ પછી અમારી શરતો છે તેમાં હું સો વાર દોડવાનો છું.'

એવામાં એકાએક કાગળની ગોળી તેના કપાળ પર વાગી. 'અલ્યા કોણે માર્યું? જરા કાગળ તો લખવા દો.' એમ બોલી આગળ કાગળ લખવો શરૂ કર્યો ત્યાં તો બીજી ગોળી આવી પેન્સિલને વાગી અને કાગળમાં લીટો થયો.

'મારી બધી મહેનત પાણીમાં ગઇ. મારો કાગળ બગાડયો. લગાર વિચાર તો રાખો.' તેમ બોલતાં-બોલતાં પગથિયા પર બેઠેલા પેલા બે કુંવરો સામું જોયું. તેમાંના એકનું નામ નિપુણ હતું અને બીજાનું

પ્રવીણ. તેઓ તેના દોસ્ત હતા, ક્લાસમાં સાથે હતા અને તેમને રહેવાના ઓરડા દક્ષિણ દિશા તરફના નિવાસગૃહના ઉપરના ભાગ પર પાસેપાસે જ હતા.

'ઓહોહો, મોટા કાગળ લખવાવાળા થઈ ગયા ! અમારી વાત તો બીલકુલ સાંભળતો જ નથી.' નિપુણ બોલ્યો; 'હું પ્રવીણને કહું છું કે તું ભૂતને બીલકુલ માનતો જ નથી; તે કહે છે કે તું માને છે. બોલ શું કહે છે ?'

'મારા બાપુને પત્ર લખું છું. હું ભૂતને માનું છું કે નહિ તેની તમારે શી પંચાત? નીરાંતે પત્ર તો લખવા દો.' કુમારે ચીડાઈને કહ્યું. એનું નામ તો હતું પ્રતાપસિંહ, પણ બધા તેને કુમાર કહીને બોલાવતા.

'કાગળ પછી; પહેલાં અમારો જવાબ આપ. અમારે તે બાબત પર શરત થઇ છે. જવાબ દે નહિતર કાગળ ફાડી નાખીશ.' બોલતો નિપુણ ઉભો થયો. કુમાર ગભરાયો. તેને અરધો લખેલ કાગળ ફાટી જવાની ધાસ્તી લાગી. તે એકદમ બોલ્યો, 'હું ભૂતને માનતો નથી. તેવી કાંઈ ચીજ છે જ નહિ.'

પ્રવીણ કહે, 'બહુ સારૂ ચાલ, તેં અમૃતસિંહના ભૂતની વાત સાંભળી છે ?'

'ના.'

'ત્યારે સાંભળ. આ કૉલેજનું મકાન તે મહારાજા અમૃતસિંહનો બંગલો હતો. તેઓ ૧૮૫૭ના બળવામાં નાના સાહેબ અને તાત્યા ટોપી ભેગા જોડાયા હતા. દિલ્હીનો ઘેરો ઘાલવા જતાં તે ત્યાં મરાયા અને આ શહેર સરકારે હાથ કર્યું. તે બિનવારસ હતા તેથી તેમનું રાજ્ય ખાલસા કર્યું. એમ કહેવાય છે કે તે લડાઈમાં ગયા ત્યારે તેમને પરણ્યે માત્ર નવ જ દિવસ થયા હતા. જતાંજતાં તેમણે પોતાની રાણીને વચન આપેલું કે હું તને જરૂર ફરી મળીશ. પણ યુદ્ધમાં તેઓ મરાયા અને તે વાત સાંભળી તેમનાં સ્ત્રીએ આત્મહત્યા કરી. પણ વાત એમ ચાલે છે કે તેઓ વરસમાં એક વખત પોતાની સ્ત્રીને મળવા અહીં આવે છે અને આ જ ઓરડામાં તેમનું ભૂત દેખાય છે.'

વાતમાં રસ પડવાથી કુમારે પુછ્યું, 'અહીં શા માટે દેખાય છે ? અને કયે દહાડે દેખાય છે ?'

'આ કૉલેજનું મકાન તે જ તેમનો રાજમહેલ હતો. પણ સરકારે જ્યારે તેમનું રાજ્ય ખાલસા કર્યું ત્યારે આ મહેલ કુમારકૉલેજ કરવા માટે આપી દીધો. વળી આપણા ક્લાસ જ્યાં બેસે છે ત્યા જ તેમનાં રાણી રહેતાં, અને તે રામનવમીને દિવસે મરી ગયાં તેથી ભૂત દર રામનવમીએ રાતના બાર વાગ્યે દેખાય છે. આજ રામનવમી છે. અત્યારે સાંજના છ વાગ્યા છે, એટલે છ કલાક પછી ભૂત અહીં દેખાવાનું. હવે તું જો ભૂતને માનતો નથી અને બીતો પણ નથી તો આજ રાતના બાર વાગ્યે અહીં આવી તપાસ કરી અમને ખબર આપ કે આ દંતકથા સાચી છે કે જુઠી.' વાત બરાબર સ્પષ્ટ કરી પ્રવીણે પ્રશ્ન મુકયો.

'હું શું કામ તપાસ કરૂં ?' કુમારે તરત જવાબ આપ્યો. તેના મનમાં હવે ખરેખર ડર પેઠો.

'કેમ ? કાંઇ બીતો હોય તેમ લાગે છે; તો કબુલ કર કે તું ડરે છે.' પ્રવીણે કહ્યું.

'હું ડરતો નથી, પણ મારા મોટાભાઇને ખબર પડે કે હું રાતના બાર વાગ્યે રખડતો હતો, અથવા અચાનક પ્રિન્સિપાલ સાહેબ જોઈ જાય તો મારી શી વલે ?' કુમારે કારણો ગોઠવ્યાં.

'એ તો બધાં બહાનાં છે. જો તું ભૂતની ખબર લાવે તો મારે તને માગે તેટલો આઇસક્રીમ ખવડાવવો; અને તું ડરે ને ન જાય તો તારે મને ખવડાવવો. નહિતર કર કબુલ કે તું ડરે છે.' પ્રવીણે આગ્રહ કર્યો.

આ એની સમક્ષ પોતે ડરે છે તેવી વાત કોઈ પણ કાળે કુમાર કબુલ કરે તેમ ન હતો, એટલે છેવટે તેણે ભૂતની તપાસ કરવાનું માથે લીધું.

રાતના બાર વાગ્યે તે જાય છે કે નહિ તે તપાસવાનું કામ નિપુણે માથે લીધું, કેમકે તેનો ઓરડો કુમારની પાસે જ હતો. અને તે ઓરડામાં ગયો છે કે નહિ તેની ખાતરી માટે પ્રવીણે પોતાનું એક ભાંગેલું ચપ્પુ ભૂતવાળા ઓરડાની બારીમાં મુકવું અને કુમારે તે રાત્રે જઇને લઇ આવવું એમ બધો કાર્યક્રમ નક્કી થયો.

રાત પડી; વાળુ થઈ રહ્યાં. બધા કુમારો આવતા દિવસના પાઠો તૈયાર કરવામાં પડ્યા હતા, જ્યારે આ ત્રણ કુમારો પોતપોતાના મનમાં રાતના બાર વાગ્યાના વિચાર કરતા હતા. રાતના નવ વાગ્યે કુમાર પોતાની ચોપડીઓ ગોઠવી સુવાની તૈયારી કરતો હતો એવામાં નિપુણે બીજા દિવસનું લેસન પુછવાને બહાને આવી

છાનામાના ખબર આપ્યા કે પ્રવીણે બારીની અંદર ચપ્પુ ગોઠવ્યું છે. દસ વાગ્યા; બત્તી ઓલવી નાખવાનો ઘંટ વાગ્યો અને બધે શાન્તિ પ્રસરી રહી. આખા દિવસની રમત અને તોફાનથી થાકી ગએલા વિદ્યાર્થીઓ ઘસઘસાટ ઉંઘ લેવા માંડયા. માત્ર કુમાર, નિપુણ અને પ્રવીણ પોતપોતાના પલંગમાં જાગતા પડેલા હતા અને બાર વાગ્યાની રાહ જોતા હતા.

કૉલેજના મકાનનો આકાર ચોરસની ત્રણ બાજુ જેવો હતો. ચોથી ઉઘાડી બાજુ તરફથી કૉલેજમાં દાખલ થવાનું મુખ્ય દ્વાર પૂર્વ તરફ હતું. વચલા ચોગાનની અંદર એક નાનો સરખો બગીચો ઉગાડવામાં આવ્યો હતો. વચલી બાજુ અસલી રાજમહેલ હોય ઘણી જ રૂઆબદાર હતી. તેના ઉપર બે માળ હતા.



ચાર બાજુ ચાર બુરજ હતા અને વચલા બુરજ ઉપર ઘડિયાળ ગોઠવવામાં આવ્યું હતું. તેને અડીને બંને બાજુએ ઉત્તર અને દક્ષિણ દિશા તરફ બે નિવાસગૃહો બાંધવામાં આવ્યાં હતાં. અને તેની અંદર જુદાજુદા રજવાડાના કુંવરો રહી શકે માટે જુદાજુદા ઓરડા ઉતારી ઘણો જ સારો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. આ કૉલેજ માત્ર સારા ગીરાસદારો અને રાજારજવાડા માટે બનાવવામાં આવી હતી અને તેના પ્રિન્સિપાલ ડૉ. ફ્રેઝર હતા.

કુમાર પોતાના ભાઈ દિલીપસિંહ સાથે દક્ષિણ નિવાસગૃહમાં રહેતો હતો. દિલીપસિંહ અભ્યાસ તેમજ રમતોમાં ઘણા જ પ્રવીણ હતા અને કૉલેજના બધા વિદ્યાર્થી તેને ચાહતા. પણ આ બધા કરતાં કુમારનો મોટાભાઈ પ્રત્યેનો પ્રેમ અનન્ય હતો. દિલીપસિંહથી કોઈ વધુ શ્રેષ્ઠ હોય તેમ કુમાર કદી માની શકતો નહિ, અને પરિણામે મોટાભાઈની આમન્યા અને આજ્ઞા તે બહુ જ પાળતો.

ટાવરમાં અગિયારના ટકોરા વાગ્યા. આખી કૉલેજમાં સુનકાર છાઈ રહ્યો હતો. માત્ર ત્રણ કુંવરો બારના ટકોરાની રાહ જોતા હતા. કુમારનું મનોબળ તેની ઉમરના પ્રમાણમાં વિશેષ હતું. પ્રથમ તો તે પોતે માથે લીધેલા સાહસથી ડર્યો, પણ હવે ક્ષત્રિઓને સહજ હિંમત તેનામાં આવી ગઈ હતી. ટાવરમાંથી બારના ટકોરા જોસભેર રણકી રહ્યા એવામાં કુમારને કોઈ પોતાના પલંગ પાસે આવ્યું હોય એમ લાગ્યું.

'કેમ કુમાર, જાગો છો કે ? બાર વાગ્યા; હવે જા.' નિપુણે ઝીણા અવાજે ધીમેથી કુમારના કાનમાં કહ્યું.

તરત કુમાર પલંગમાંથી ધીમે રહી બહાર નીકળ્યો. નીપુણ તેને વળાવી પોતાના ઓરડામાં જઈ તેના પાછા આવ્યાની રાહ જોતો બેઠો. કુમારને જ્યાંથી ચપ્પુ લાવવું હતું તે કલાસ કૉલેજને બીજે છેડે હતો એટલે તેને આખી કૉલેજ પસાર કરવાની હતી. ઉઘાડે પગે ધીમેધીમે તે દાદરો ઉતરી કૉલેજની લાંબી કમાનો વાળી ગલારમાં ઉતાવળે પગે ચાલવા લાગ્યો. ચંદ્ર પશ્ચિમમાં સહેજ નમેલો હોઈ ચોગાનમાં તેમજ ગલારમાં અંધારૂં પડતું હતું. માત્ર પશ્ચિમ દિશા તરફની બારીઓના કાચમાંથી અરધા ચંદ્રનો થોડો થોડો પ્રકાશ કલાસના ઓરડામાં દાખલ થઈ કાળાધોળા પડછાયા પાડી દેખાવ ભયંકર બનાવતો હતો.

કોઈક પાછળ આવે છે તેવાં પગલાંનો અવાજ સાંભળી કુમાર એકદમ ચમક્યો ! મને કોઈ જોઈ ગયું ? મોટાભાઈ પાછળ આવતા હશે ? પ્રિન્સિપાલ સાહેબ તો નહિ હોય ? કે અમૃતસિંહનું ભૂત પાછળ આવતું હશે ? આવા વિચાર ઝડપથી પસાર થઈ ગયા. છેલ્લા વિચારે તો કુમારને પરસેવો વળી ગયો. પગલાં વધુવધુ સ્પષ્ટ સંભળાવા લાગ્યાં; સાથેસાથે કાંઈક ખખડાટ પણ સંભળાયો. કુમાર બહુ જ બીનો. એકદમ દોટ મુકી પેલા ચપ્પુવાળા કલાસમાં સંતાઈ શું થાય છે તે જોવું તેવો વિચાર કરી તે દોડ્યો અને કલાસના બાંકડા નીચે સંતાઈ ગયો. બીકથી તેના દાંત કડકડતા હતા અને તે આખો ધ્રુજતો હતો. પગલાં સ્પષ્ટ અને સ્પષ્ટ સંભળાવા લાગ્યાં અને થોડીવારમાં તો તે સંતાયો હતો તેજ કલાસમાં કોઈ

દાખલ થયું !

કાચમાંથી ચંદ્રનો ઝાંખો પ્રકાશ આવતો હતો, તેના અજવાળામાં કુમારે સફેદ કપડાંવાળું એક ધડ જોયું ! પોતે બાંકડા નીચે સંતાયો હતો તેથી દાખલ થનારનો ઉપલો ભાગ જોઇ શકયો નહિ. સાથેસાથે તેણે કાંઈક ખખડાટ પણ સાંભળ્યો. નક્કી અમૃતસિંહનું ભૂત, એવી તેના દિલે સાક્ષી પુરી અને બીકથી તે આંખો મીચી ગયો !

એકાદ મિનિટ થઈ હશે ત્યાં કૈંક અવાજ થયો. ઓરડામાં અજવાળું થએલું લાગ્યું અને ઓરડાની હવા એકદમ ઠંડી થતાં કુમારનાં ગાત્ર સહેજ કંપ્યાં. તેણે આંખ ઉઘાડી જોયું તો ચપ્પુવાળી બારી ખુલ્લી હતી અને તેમાંથી ઠંડી હવા આવતી હતી. ચંદ્રના પ્રકાશથી ઓરડામાં કોઇ નથી તેમ ચોખ્ખું દેખાતું હતું. કુમાર એકદમ પાટલી નીચેથી નીકળ્યો. આટલે સુધી આવ્યા પછી ચપ્પુ લીધા વિના જવું તે તેને શરમાવનારૂં લાગ્યું. એક જ ઝપાટે ઉઘાડી બારીમાંથી ચપ્પુ ઉઠાવી તે પોતાના નિવાસગૃહ તરફ દોડયો.

તેણે મનમાં ગાંઠ વાળી કે ભૂતની વાત કોઇને ન કહેવી; નહિતર પ્રવીણ અને નિપુણ રોજ ખીજવશે. અને કદાચ વાત બહાર પડે તો વળી શિક્ષા પણ થાય. તે આવીને ગુપચુપ પથારીમાં પેસી ગયો. તેનું આખું શરીર ધ્રુજતું હતું અને દાંત કડકડતા હતા.

નિપુણે તેના ખાટલા પાસે આવી પુછયું, ' કાં. શું થયું ? વાર કેમ લાગી ? ભૂત જોયું ? '

કુમારે તેને ચપ્પુ આપતાં કહ્યું, ' આ લે; પ્રવીણને કહેજે કે તે હાર્યો છે. તેણે આપણને આઇસક્રીમ ખવડાવવાનો છે. '

§

આજ ડૉ. ફ્રેઝરે બધા વિદ્યાર્થીઓને કૉલેજના સભામંડપમાં સવારના નવ વાગ્યામાં એકત્ર થવાનું ફરમાન કાઢયું છે. સવારના આઠ વાગ્યે કૉલેજના બધા શિક્ષકો તેમજ કેટલાક અગ્રગણ્ય વિદ્યાર્થીઓ પ્રિન્સિપાલ સાહેબના ખાનગી ઓરડામાં ભેગા થયા હતા. આજુબાજુ, ઓરડાના ખુણામાં, ચોગાનમાં, ખાંચામાં તેમજ ગજારના થાંભલાઓ પાસે વિદ્યાર્થીઓનાં ટોળાં ભેગાં મળી કાંઇ ગુપચુપ વાતો કરતા હતા. કૉલેજમાં કાંઇ પણ ગંભીર બનાવ બન્યો છે તેમ સર્વને જાણે લાગતું હતું. નવ વાગ્યાનો ઘંટ થતાં બધા સભમંડપમાં ભેગા થયા. ડૉ. ફ્રેઝર બોલવા ઉભા થતાં બ' શાન્તિ પ્રસરી રહી.

' વિદ્યાર્થીઓ ! આજે તમને એક ઘણી જ ગંભી બીના જાહેર કરવા બોલાવ્યા છે. તમે જાણો છો : રત્નનગરના નાં૦ મહારાજા આપણી કૉલેજમાં એક વખત વિદ્યાર્થી હતા. તેમણે થોડા જ વખત ઉપર એક સારી કિંમતનો રૂપાનો કપ કૉલેજને ભેટ કર્યો છે,--એવી શરતે કે એક માઈલની દોડમાં જે પ્રથમ આવે તેમને તે પ્યાલો તેમના તરફથી ભેટ આપવો. આ પ્યાલો આપણા કૅપ્ટન અજીતસિંહના ઓરડામાં તેમના કબાટ ઉપર રાખવામાં આવ્યો હતો. ગઈ કાલ સાંજ સુધી તો આપણામાંના ઘણા વિદ્યાર્થીઓ તેમજ કેટલાક શિક્ષકો તે પ્યાલો જોવા ગયા હતા. આજ સવારમાં તે પ્યાલો એકાએક ગુમ થએલો માલુમ પડયો છે. પ્રથમ તો અમે એમ માનેલું કે કોઇ વિદ્યાર્થીએ મજાક કરવા સંતાડયો હશે. પણ તપાસ કરતાં તે વાત કોઇ કબુલ કરતું નથી. અમે ખાનગી રીતે બધા નોકરોમાં તપાસ કરી છે, પણ તે સૌ કપ બાબત કાંઇ જાણતા નથી તેમ કહે છે. હું અહીં તમને બધાને કહું છું કે કોઇએ મજાક ખાતર સંતાડયો હોય તો તે જો કબુલ કરશે તો તે બાબતમાં કાંઈ કરવામાં આવશે નહિ. '

બધા સ્તબ્ધ થઇ ગયા. કોઇ કાંઈ બોલ્યું નહિ. સૌ એકબીજાના મોં સામું જોવા લાગ્યા.

' હવે જ્યારે તમે બધા શાન્ત છો અને કોઇ કાંઇ બોલતું નથી ત્યારે મારે ઘણા જ ખેદ સાથે કહેવું પડે છે કે પ્યાલો કોઇક ચોરી ગયું છે ને તે શોધી કાઢવાનું કામ તમારે બધાને શિર છે. શરત આજથી સાત દિવસ પછી છે. તે વખતે જો પ્યાલો જડયો નહિ તો કુમારકૉલેજના નામને ઓછું કલંક નથી. અને આપણી અંદર આવું દુષ્ટ કામ કરનાર કોઈ છે તે આપણને પણ ઓછું શરમાવા જેવું નથી. કાલ સાંજ સુધી પ્યાલો આ મકાનમાં હતો, તેથી હજુ તે ઘણે દૂર જઇ શકયો નહિ હોય. માટે તમારા બધાની ફરજ છે કે પ્યાલાનો પત્તો મેળવવો. '

આટલું બોલી સભા વિસર્જન કરવામાં આવી. બધાનાં મોઢાં ફિક્કાં પડી ગયાં. જુદેજુદે સ્થળે ટોળાં

મળી આ જ બાબત કુમારો પરસ્પર વિચાર કરવા લાગ્યા. અજીતસિંહ ખુલાસો આપી આપી થાકી ગયા ત્યાં સુધી તેણે દરેકને પ્યાલાનો ઇતિહાસ કહ્યો.

'કાં કિરીટ ? તમે તો ઘણા દિવસથી માઇલની શરત જીતવા પ્રયત્ન કરો છો, પણ પ્યાલો તો ચોરાઈ ગયો !' દિલીપસિંહે કહ્યું.

'શરત જીતનારને પ્યાલો મળવાનો છે તેવું સાંભળ્યું તે દિવસથી હું તો દરરોજ ખરેખર મહેનત કરૂં છું. પણ હવે જે થાય તે ખરૂં.' કીરીટે જવાબ આપ્યો.

બીજા ટોળામાં નિપુણ કુમારને પુછતો હતો : 'કાં ? તેં તો પેલી વાત અમને ન જ કરી ને ? તેં શું જોયું હતું ? તું ધ્રુજતો તો બહુ હતો.'

'કાંઈ નહિ. જોયું ન જોયું તેની તમારે શી પંચાત. હું ચપ્પુ લઇ આવ્યો; હવે આઇસક્રીમ ક્યારે ?' કુમારે વાત ઉડાવતાં જવાબ આપ્યો.

'તને ચપ્પુ લાવતાં વાર બહુ જ લાગી હતી. તેં તો પ્યાલો તફડાવ્યો નથી ને ? બોલ.' પ્રવીણે પુછ્યું.

આ આરોપ સાંભળી કુમારનું મોં લાલ થઇ ગયું. તે બોલ્યો, 'હા હા, હું લઇ ગયો છું; જે થાય તે કરી લો.' આટલું કહી તેણે નિવાસગૃહ તરફ દોટ મુકી.

§

'અલ્યા કુમાર ! અહીં મારા ઓરડામાં શું કરે છે ?' પોતાના ઓરડામાં દાખલ થતાં કબાટ પાસે ખુરશી પર કુમારને ચડેલો જોઇ અજીતસિંહે પુછ્યું.

કૉલેજમાં અરધી રજા હતી. ગામની સ્કુલ સાથે ક્રિકેટની મૅચ હતી. બધા વિદ્યાર્થીઓ મૅચ જોવા ગયા હતા. પણ સવારની પ્યાલાની ચોરી બાબત ખબર પડતાં આજે કોઇનું ધ્યાન મૅચ જોવામાં બરાબર ન હતું. ગામની સ્કુલે એક સો ને બાવન રન કર્યાં હતા. કૅપ્ટન અજીતસિંહ પ્રથમ રમવા જતાં દસબાર રન કરી આઉટ થયા અને બીજીવાર રમવાનું ન હોઇ પ્યાલા બાબત વિચાર કરવા તથા ખાનગી તપાસ કરવા તે અચાનક પોતાના ઓરડામાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે કુમારને ખુરશી પર ચડેલો જોયો. અજીતસિંહના અચાનક આવવાથી કુમાર ચમક્યો અને ખુરશી પર વજન સમતોલ રાખી ન શકવાથી નીચે પડ્યો !

'બેઠો થા; કેવુંક વાગ્યું ?' અજીતસિંહે પુછ્યું.

'સહેજ, બહુ નહિ.' કુમારે પડ્યાંપડ્યાં જવાબ આપ્યો.

'મારી ગેરહાજરીમાં મારા ઓરડામાં શું કરતો હતો ? તું ચડ્યો હતો તે જ કબાટ ઉપરથી ગઇ કાલે રાત્રે પ્યાલો ચોરાયો છે. તું તો લઇ નથી ગયો ને ?' અજીતસિંહે બેઠા થએલ કુમારને પુછ્યું.

'મોટાભાઇએ પોતે રમવા જતાં પહેલાં કહ્યું કે જા આપણે ઓરડે ચાનો બંદોબસ્ત કરાવ અને જો ડબામાં બિસ્કિટ ન હોય તો અજીતસિંહને ઓરડેથી તેમનો ડબો લઇ આવજે. એટલે રમત જોવી પડતી મુકી હું અહીં આવ્યો.' કુમારે ખુલાસો કર્યો.

'ઠીક જા, લઇ જા ડબો. પણ આવા વખતમાં મારી ગેરહાજરીમાં મારા ઓરડામાં પેસવું સારૂં નથી. પ્યાલા બાબત તું કાંઇ જાણે છે ?'

'હું જાણતો હોઉં તો તમને કહ્યા સિવાય રહું ? મૅચ કેટલેક પહોંચી ?'


'કદાચ પુરી થવા આવી હશે; દિલીપસિંહની રમત પર બધો આધાર છે. તું જલદી જા.'

બિસ્કિટનો ડબો લઇ કુમાર પોતાના ઓરડામાં આવ્યો. ડબો ટેબલ પર મુકી ક્રિકેટ જોવા જવાનો વિચાર કરે છે ત્યાં તેને પોતાના બીજા હાથમાં કૈંક રહી ગયું હોય તેમ લાગ્યું. જુએ તો કોટની બાંયનું ભાંગેલું અરધું બટન હતું. જ્યારે તે ખુરશી પરથી પડ્યો ત્યારે તેણે કબાટની ઉપલી કોર પકડેલી; તે વખતે તેના હાથમાં આ બટનનો કટકો આવેલો. પણ જ્યારે તે કોર હાથમાં ન રહી અને તે નીચે પડ્યો ત્યારે તેની મુઠીમાં બટન રહી ગએલું તે તેને હવે યાદ આવ્યું. તે બટન ફેંકી દેવા જતો હતો ત્યાં તેને વિચાર આવ્યો કે પ્યાલાની ચોરી કબાટ ઉપરથી થઇ છે. જેણે તે પ્યાલો ચોર્યો છે તેનું બટન કબાટની ચીપમાં આવી જતાં ભાંગી ગયું હોય. આવાં બટનવાળા કોટ ઘણા કુંવરો પહેરે છે. જેની બાંયે આ બટનનો અરધો ભાગ હોય તે ચોર ! વીજળીની ઝડપથી આ વિચારપરંપરા તેના મગજમાંથી પસાર થઈ ગઈ. તેણે બટનનો કટકો પોતાના કોટના ખીસામાં મુક્યો અને અરધા બટનવાળો કોટ શોધી કાઢવાનો નિશ્ચય કરી મૅચ જોવા દોડ્યો.

અંગ્રેજી ઉપરથી]

ગજાનન ભટ્ટ

: આવતા અંકમાં પુરૂં :



સહસા ફળ બેત્રણ ભોંય ઢળે,
બીજ કૈં વિખરે બહુ વૃક્ષ ફળે;
નિરખું છ સભાન જહીં
પયગંબર ત્યાં ન મળે:
— હતું જીવનવૃક્ષ તણું વ ર દા ન.


વ ર દા ન

: ખંડ તોટક :

ગૃહઆંગણના ફુલઝાડ તળે,
બીજ-ચંદ્ર મનોરમ દૃષ્ટિ ઢળે;
અધજાગ્રત નિંદમહીં
ઉરધ્યાન ચકોર કરી
લઘુ ચેતનશબ્દ સુણ્યું 'વરદાન.'

મુજ અંતર કો અભિલાષ ભમે,
મુજ લોચન સ્વપ્ને અપૂર્વ રમે:
કશી હેતની વિહ્વળતા-
કશી સત્યની સુંદરતા-
છવિતે મળનાર હશે વરદાન.






ચીંચવડની સ્વાવલંબન પાઠશાળાનાં મકાનો

ચીંચવડ .. .. ..અને ત્યાંનો રાજકેદી

રાજકેદી એટલે દેખાવ કે રીતભાત કેદી જેવી નહિ, પણ વસ્તુતઃ જીવન કેદીનું જ હોય. સામાન્ય કેદી માફક રાજકેદીથી અમુક સ્થળ છોડી જવાય નહિ, સ્વતંત્ર પત્રવ્યવહાર થાય નહિ, ગમે તે ખવાય નહિ તેમજ ધાર્યા માણસને મળાય નહિ. આવા એક રાજકેદી હાલ ચીંચવડ મુકામે વસે છે. એમને મળવા એક દિવસ સવારે અમે ચાર મિત્રો મુંબાઈથી નીકળ્યા.


પણ આ ચીંચવડના રાજકેદી તે કોણ ?

સૌકોઈ જાણે છે કે કાકાસાહેબ કાલેલકર આજ કેટલાક વખત થયાં રાજરોગથી પીડાય છે. તેઓ આરોગ્યપ્રાપ્તિ અર્થે સુરત પાસે આવેલા હજીરા મુકામે ગએલા. પણ ત્યાં સ્નેહીસંબંધીઓએ તેમને ઉપરાઉપરી મળવા આવવાનું અને ગંભીર વિષયો ઉપ તેમની સાથે વાતો કરવાનું ચાલ રાખ્યું તથા એ રીતે તેમ શ્રમ આપવામાં કશો વિવે વાપર્યો નહિ. આથી મારા મિ સ્વામી આનંદાનંદ, જેમના હા થમાં કાકાસાહેબે સાજા થવ સુધીનું પોતાનું જીવનવૃત્ત શ્રદ્ધાપૂર્વક આધીન કર્યું છે તેમણે કાકાસાહેબને હજીરાથી ફેરવવાનું અને ચીંચવડ જેવા એકાન્ત સુંદર સ્થળમાં લઇ જવાનું ઉચિત ધાર્યું. આ ઔચિત્યવિચારના પરિણામે હાલ કાકાસાહેબની પ્રતિષ્ઠા ચીંચવડ મુકામે થઈ રહી છે. સાધારણ માણસ તો સાનમાં સઘળું સમજે અને સંભાળીને રહે, પણ કાકાસાહેબ જેવા પરમાર્થજીવી માણસ આરોગ્યની સ્વાર્થસાધના માટે જરૂરના નિયમનની પણ જ્યારે ને ત્યારે અવગણના કરી બેસે તેવા ભયથી ઉપર જણાવેલી વિવિધ પ્રકારની નિયંત્રણબેડીઓ સ્વામી આનંદાનંદે કાકાસાહેબને પહેરાવી છે, અને કાકાસાહેબ 'ઓતરાદી દીવાલો'ની માફક હમણાં દખણાદી દીવાલોમાં આત્મસાક્ષાત્કારની સાધના કરી રહ્યા છે.



ચીંચવડના રાજકેદી : કાકાસાહેબ કાલેલકર

ચીંચવડ પુનાથી દસેક માઇલ દૂર આવેલું એક નાનું ગામ છે. તે ગામની પ્રસિદ્ધિ ત્યાં કેટલાક વખતથી સ્થપાએલ 'ચીંચવડ સ્વાવલંબન પાઠશાળા'ને લઇને છે. તે પાઠશાળા જે સ્થાન ઉપર આવેલી છે તે સ્થાન સૌન્દર્યના ઉદ્યાન સમું શોભી રહેલું છે. કાકાસાહેબ આ પાઠશાળાના જ એક મકાનમાં રહે છે. ત્યાં બેઠાંબેઠાં ચારે દિશાએ જે દશ્ય દષ્ટિગોચર બને છે તે કોઇને પણ




શાળાની આસપાસ મોટું ખેતર છે . . . .

મુગ્ધ બનાવી દે તેવું છે. વિશાળ ક્ષિતિજપ્રદેશને દૃષ્ટિ વ્યાપી વળે છે અને સિંહગઢ, લોહગઢ, પુરંદર વગેરે અનેક સુપ્રસિદ્ધ ઐતિહાસિક સ્થાનો ઇતિહાસનાં સ્મરણો જાગ્રત કરે છે. સહ્યાદ્રિની સુંદર પર્વતમાળ ક્ષિતિજના મોટા ભાગને રોકી રહેલી છે. પુનાની આસપાસનો પ્રદેશ સૌન્દર્યનિધાન છે. ચીંચવડ તેનો જ એક ભાગ છે.

અહીંની પાઠશાળાને 'ચીંચવડ સ્વાવલંબન પાઠશાળા' કહેવામાં આવે છે. 'સ્વાવલંબન'નો અર્થ એવો નથી કે આ પાઠશાળા પોતાનો ખર્ચ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિમાંથી જ રળી શકે છે; પણ 'સ્વાવલંબન' શબ્દ અહીં ધ્યેયસૂચક છે. આ શાળાનો ઉદ્દેશ એવો છે કે 'વિદ્યાર્થીઓ આ શાળામાં રહે તે દરમ્યાન તેમને એવું શિક્ષણ આપવું કે જેથી અભ્યાસમાંથી નિવૃત્ત થાય ત્યારે પોતાની આજીવિકા સંબંધમા વિદ્યાર્થી પુરો સ્વાવલંબી બનીને રહે.'

આ શાળા સ્થપાયાને પંદર વર્ષ થયાં તે દરમિયાન તેમાં ઘણાં પરિવર્તન થયાં છે. શરૂઆતમાં તો અનાથ વિદ્યાર્થીઓને રાખવાના અને સરકારી ધોરણો અનુસાર તેમને શિક્ષણ આપવાના આશયથી કેટલાક શિક્ષણપ્રિય સજ્જનોએ મળીને પુના શહેરમાં આ સંસ્થાની સ્થાપના કરેલી. અસહકારનો દેશમાં આરંભ થયો ત્યારથી આ શાળાએ સરકારી ધોરણનો ત્યાગ કર્યો અને તિલક વિદ્યાપીઠ સાથે જોડાઇ. ત્યારથી આ પાઠશાળાની લોકપ્રિયતા વધવા માંડી અને વિદ્યાર્થીઓની સંખ્યા વધતાંવધતાં ૧૦૦ની થવા આવી. સંસ્થાએ પુના શહેર છોડી ચીંચવડ જેવા એકાન્ત, શાન્ત અને સુન્દર સ્થળમાં પોતાના પાયા નાખ્યા અને નાનાંમોટાં વસતિગૃહો બંધાવ્યાં. આ પ્રમાણે કેટલોક સમય કામ કર્યા બાદ સંસ્થાના સંચાલકોને માલુમ પડ્યું કે આવી રીતે અમુક ધોરણોનું જ અક્ષરજ્ઞાન આપવાથી વિદ્યાર્થીઓ સ્વાવલંબનની દિશાએ કશી પ્રગતિ સાધી શકતા નથી અને દેશને કશો લાભ થતો નથી. ગામડાંના વિદ્યાર્થીઓ આવું શિક્ષણ પામ્યા પછી પોતાનાં ગામડાંમાં જઇને વસતા નથી પણ શહેરમાં જઇ રહે છે અને વ્યસપચ્ચીસની નોકરીમાં પોતાનું આખું જીવન પુરૂં કરે છે. અત્યારે ખરૂં કામ ગામડાંઓ સંભાળવાનું અને શિક્ષિત માણસોને ગામડાંમાં વસતા કરવાનું છે.

આમ શહેરનું દૃષ્ટિબિન્દુ છોડી તેઓએ ગ્રામજીવનનું દૃષ્ટિબિન્દુ ગ્રહણ કર્યું, પોતાની પ્રવૃત્તિની દિશા બદલી અને કાર્યપ્રદેશને પરિમિત તથા વિશેષ ચોક્કસ કર્યો. શાળાના સંચાલકોએ પોતાનું ધ્યેય આ પ્રમાણે નક્કી કર્યું કે 'સ્વાવલંબન પાઠશાળાના વિદ્યાર્થીનું માનસ તેમજ શરીર એવાં ઘડાઇને તૈયાર થવાં જોઇએ કે અભ્યાસ સમાપ્ત કર્યા બાદ તે ગ્રામજીવનને પસંદ કરે, પોતાની આવડત અને શક્તિથી પોતાનો જીવનનિર્વાહ સાધી શકે અને સાથેસાથે પોતે જે ગામમાં વસતો હોય તે ગામના જીવનસંસ્કારનો સૂત્રધાર પણ બની શકે; એટલે કે સહકારમંડળો





. . . . ત્યાં વિદ્યાર્થીઓ ખેતી શીખે છે.

સ્થાપવાં, ગામના લોકોને ભણવા માટે શાળાઓ ઉઘાડવી તેમજ ચલાવવી, તેમની ખેતીમાં વિજ્ઞાનની મદદથી સુધારા કરવા, તેમનાં સુખદુ:ખના ભાગી બનવું, તેમના ઉપર ચાલતા જુલમની લડતો લડવી,—એટલું જ નહિ પણ કથાઓ કરવી, ભજનો સંભળાવવાં, ધર્મોપદેશ દેવો આવાં અનેક કામો ગામડામાં શરૂ કરવા તેમજ સંભળાવવાને તે બરોબર લાયક બને. આ ધ્યેય અનુસાર તેઓએ ખેતી તેમજ વણાટનું આદ્યન્ત કામ દરેક વિદ્યાર્થીને શીખવવાની સગવડ કરી છે અને દરેક વિદ્યાર્થીને આ ફરજિયાત શીખવું જ પડે છે. વિદ્યાર્થીના નિત્યક્રમમાં ચાર કલાક હાથ-મજુરીનું કામ શીખવામાં અથવા તો કરવામાં જાય છે. ત્રણ કલાક અક્ષરજ્ઞાન આપવા પાછળ ખર્ચાય છે. અક્ષરજ્ઞાનમાં ભૂગોળ, ઇતિહાસ, સાહિત્ય, ગણિત, અંગ્રેજી આદિ વિષયોનો સમાવેશ થાય છે. રામાયણ અને મહાભારતનું પરિશીલન અગ્રસ્થાને છે. આસ-પાસનાં ગામડાંઓમાં અવારનવાર એકલા અથવા તો એ દિશાએ કામ કરનાર કોઈ મહાશય સાથે રહેવું અને ગ્રામજીવનના પ્રશ્નોનો અભ્યાસ કરવો એનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે.

અત્યાર સુધી નાની ઉમરના વિદ્યાર્થીઓને શાળામાં દાખલ કરવામાં આવતા હતા, પણ અનુ-ભવથી માલુમ પડ્યું છે કે નાની ઉમરના વિદ્યાર્થી-ઓ બેચાર વર્ષ ભણીને, કાં તો શાળાનો ક્રમ આકરો પડવાથી, અથવા તો સરકારી ધોરણોનું પ્રલોભન થવાથી, અથવા તો શહેરી જીવનનું આકર્ષણ વધવાથી —આવા કોઈ પણ કારણે શાળા છોડી જાય છે. આથી તેઓએ હવેથી પંદર વર્ષની નીચેના વિદ્યાર્થીને દાખલ નહિ કરવાનો નિયમ કર્યો છે. પંદર વર્ષ ઉપરનો વિદ્યાર્થી શાળાનું ધ્યેય બરોબર સમજીને તેમજ તેને અમલમાં મુકવાની પ્રતિજ્ઞા લઇને દાખલ થાય છે. નવો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો છે. શાળાની આસપાસ મોટું ખેતર છે. ત્યાં વિદ્યાર્થીઓ ખેતી શીખે છે. વળી શાળામાં રૂનું લોઢણ, પીંજણ, કંતા-મણ, વણાટ—બધું શીખવવાની વ્યવસ્થા છે. તેની મદદથી વણાટકામમાં તેઓ કુશળ બને છે. તે ઉપરાંત સુતારીકામ પણ શીખવવામાં આવે છે. હાલ શાળા-માં પચીસ વિદ્યાર્થીઓ છે. તેમાં પણ ઘટાડો થાય એવો સંભવ છે, છતાં શિક્ષકો તેમજ સંચાલકોની શ્રદ્ધા ભારે દૃઢ છે. તેઓ ગામડેગામડે ફરી પોતાના આદર્શને અમલમાં મુકી શકે તેવા વિદ્યાર્થીઓની જ શાળામાં ભરતી કરવા ધારે છે.

શાળાના મુખ્ય મકાનમાં વચ્ચે મોટો ઓરડો અને બંને બાજુએ નાનીનાની ઓરડીઓની હાર છે. પણ પ્રાર્થના, ભોજન તેમજ કસરત કરવા માટે વચ્ચેનો વિશાળ ઓરડો જ વપરાય છે. બાજુની ઓરડીઓમાંથી કેટલીકમાં વર્ગો ચલાવવામાં આવે છે, કેટલીકમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો રહે છે અને કેટલીક ઓરડીઓ રસોડા તથા કોઠાર માટે વપરાય છે. શિક્ષકો ઘણાખરા બ્રહ્મચારીઓ છે.





રૂનું લોઢણ, પીંજણ, કંતામણ, વણાટ—બધું શીખવવાની અહીંની શાળામાં વ્યવસ્થા છે; તેને લીધે વિદ્યાર્થીઓ વણાટકર્મમાં કુશળ બને છે.

ગૃહસ્થ શિક્ષકોને અવકાશ તો છે જ, અને એવા એક-એ શિક્ષકો પણ સકુટુંબ ત્યાં વસે છે.

મહારાષ્ટ્રની કોઈપણ સંસ્થા જોતાં જે બે વસ્તુ આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી તે ચીંચવડની સ્વાવલંબન પાઠશાળામાં સવિશેષ જોવામાં આવે છે. એક તો ગમે એટલાં ઓછાં સાધનો તેમજ સગવડો વચ્ચે શાળા ચલાવવાની મહારાષ્ટ્રીઓની તાકાત, અને બીજું શિક્ષણપ્રચારમાં તેઓને લાગેલી અદ્ભુત ધૂન. પ્રસ્તુત શાળા સાધનની દૃષ્ટિએ સુદામાની ઝુંપડી જેવી દરિદ્ર લાગી, પણ અંદર સુદામાજી વસે છે એટલે આપણી અનેક નશ્વેતન ભવ્ય સંસ્થાઓ તેની પાસે સરખામણીમાં બહુ ઉતરતી લાગી. જે અલ્પ સાધનસામગ્રીથી એ લોકો પોતાની સંસ્થા ચલાવે છે તેટલી સામગ્રીવડે આપણે સંસ્થા ચલાવવાનો સ્વપ્ને પણ વિચાર ન કરીએ. પુસ્તકાલયમાં જર્જરિત પુસ્તકોથી ભરેલાં બે જુનાંપુરાણાં કબાટો. ન મળે જુદી કસરતશાળા કે ન મળે સ્વતંત્ર રસોડું. વિદ્યાર્થીગૃહ અને વિનયમંદિર, કોઠાર અને રસોડિયું બધું એક નાના મકાનમાં સમાઇ જાય. આ સંસ્થા કોઇ મોટી રકમના વ્યાજમાંથી ચાલતી નથી. સંસ્થાનો ખર્ચ વિદ્યાર્થીઓના ખેતી, વણાટ વગેરે કામ દ્વારા થતી આવકથી તેમજ આવતા જતાં ગૃહસ્થોની ઉદારતાથી નીકળ્યા કરે છે. તનતોડ મહેનત અને ગરીબાઇનું આનંદપૂર્વક પરિશીલન શિક્ષકો આત્મચરિતથી શીખવે છે અને વિદ્યાર્થીઓ શીખે છે. રસોઇ માટે પણ રસોઇયા નથી. એ કામ પણ વિદ્યાર્થીઓએ ભાગેપડતું ક્રમવાર કરવાનું હોય છે. નોકરચાકર કોઇ છે જ નહિ એમ કહીએ તો ચાલે. મકાન બાંધવું હોય તો તેમાં પણ વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકો બનતો ભાગ લે છે. બીજી વાત તેઓની ધૂનની છે. ગુજરાતે મહારાષ્ટ્ર પાસેથી જો ખરેખર કાંઇ શીખવાનું હોય તો તેઓના જીવનમાં વ્યાપી રહેલી શિક્ષણપ્રદાનની ધૂન છે. આનો



ચીંચવડ આગળની નદીનું એક સુંદર દૃશ્ય

કોઇએ ખરો અનુભવ કરવો હોય તો તેણે પુના જવું અને ત્યાંની અનેક શિક્ષણસંસ્થાઓનો પરિચય કરવો. ત્યાં કેટલાંકટલી સંસ્થાઓ અને તે કેટકેટલાના આજીવન તપ ઉપર સરજાએલી! ફર્ગ્યુસન કૉલેજ, કર્વેની યૂનિવર્સિટી, ભાન્ડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, ડેક્કન એજ્યુકેશન સોસાયટી,--આ અને આવી બીજી અનેક સંસ્થાઓ તપ અને સ્વાર્પણનાં જીવન્ત સ્મારકો છે. ચીંચવડ પાઠશાળામાં પણ એજ ધૂનનું વાતાવરણ અનુભવ્યું. તેઓને સ્વાવલંબી વિદ્યાર્થીઓ તૈયાર કરવા અને ગામડામાં મોકલવા તેની જ એક ધૂન છે. નથી તેઓને દ્રવ્યની ચિન્તા કે નથી કુટુંબની પરવા. ત્યાંના શિક્ષકો ઓછામાં ઓછા ખર્ચે રહે છે અને ચોવીસે કલાક એક જ સાધના પાછળ ગાળે છે. આ ધૂન જ્યારે ગુજરાતમાં આવશે ત્યારે જ 'ગુજરાત---એક સાંસ્કારિક વ્યક્તિ'નું સ્વપ્ન સાચું પડશે.

સ્વાવલંબન પાઠશાળાના ધ્યેયને હું સંકુચિત નથી કહેતો પણ પરિમિત કહું છું, કારણકે તે ધ્યેય નક્કી કરવામાં મને ભારે વિવેકદૃષ્ટિ દેખાય છે. શહેરી જીવન અને ગ્રામજીવનના રૂપરંગની ભિન્નતા આપણે હજુ સુધી વિચારી જ નથી, અને તેથી એક-દેશીય શિક્ષણ તરફ આપણો પ્રવાહ વહેતો રહ્યો છે. આજ આપણી શિક્ષણસંસ્થાઓ જે રીતે ચાલે છે તેમાંથી નીપજતો પાક કદિ ગામડાંમાં સ્થિર થઈ શકે જ નહિ. રોજની ચાર કલાક હાથમજુરીની વાત પહેલાં તો અમને ચોંકાવનારી લાગી, પણ પછી ખ્યાલ આવ્યો કે જેને ગામડાંમાં જઇ રહેવું છે અને સ્વાશ્રયી બનવું છે તેણે હાથમજુરીથી બરોબર ટેવાયે જ છુટકો છે; અને શરીરને પણ પુરેપુરૂં કસાએલું કરવા ઉપર જ તેની સાધનાની સિદ્ધિનો આધાર છે. પ્રસ્તુત સંસ્થા ગ્રામજીવનનું લક્ષ્ય ધારણ કરવામાં અને તે અનુસાર શિક્ષણની વ્યવસ્થા કરવાની બાબતમાં આપણા દેશમાં પહેલવહેલી જ છે, અને તેની રચના સુજ્ઞ જનોએ બરોબર સમજીને આદર કરવા યોગ્ય છે.

* *

સાયંકાળે કાકાસાહેબ પાસે અમારી મંડળી જામી. પુનાથી પ્રો. ત્રિવેદી તથા પ્રો. શાહ આવ્યા હતા. શાળાના સંચાલકો પણ મારા સહપ્રવાસી મિત્રો સાથે વિચારવિનિમય સાધવા માટે આવી બેઠા



પોતાના બળદ મારફત ભિક્ષા માગતો ચીંચવડનો ભિક્ષુક

હતા. ક્યાં એક બાજુ મારા મિત્ર સ્વામી આનંદાનંદની કાકાસાહેબ માટે આદર્શ કાળજી અને ક્યાં અમારી ડાયરો જમાવી બેસવાની ઉદ્ધતાઈ? આમ વર્તવામાં અમારી ધૃષ્ટતા તો હતી જ, પણ અમે શાણપણ તદ્દન ગુમાવ્યું નહોતું. ભેગા મળ્યા પછી અમને કાકાસાહેબ બીજે બેસવા દે જ નહિ; અને અમારાથી તેમને ચર્ચામાં ભાગ લેવા પણ દેવાય જ નહિ. એટલે અમે તેમની સાથે એક શરત કરી કે તેમણે ખાટલામાં સુતાસુતા સાંભળવું, પણ જરા યે બોલવું નહિ; માત્ર હસવાની અને સંજ્ઞાથી હકાર-નકાર સુચવવાની છુટ. આ પ્રમાણે અમે તે સંસ્થાના સંચાલકો સાથે વિવિધ પ્રકારની ચર્ચામાં દોઢબે કલાક ગાળ્યા. આ ચર્ચા દરમિયાન કાકાસાહેબને શરત પાળતા જોવાની મને બહુ મજા આવતી. વારંવાર બોલવાની તેમને થઈ આવતી વૃત્તિ અને તે વૃત્તિને કળાપૂર્વક દબાવવાની કુશળતા ઉભયે મનોહર હતાં. કાં તો ખુબ હસી લે, કાં તો આડું જોઇ મનમાં ને મનમાં બોલી નાખે, કાં તો આથમતા સૂર્યનાં કિરણથી અંકિત થએલા સહ્યાદ્રિ-શિખરોની પંક્તિઓ જોવાના બહાને દૂરબીનથી આંખો અને મોં ઢાંકી દે. કાકાસાહેબ સંયમમૂર્તિ છે એ ચિરપરિચિત જ્ઞાનની મને તે પ્રસંગે વિનોદમૂલક પુનરાવૃત્તિ થઇ. સંધ્યા કરમાણી, રાત પડવા લાગી, આકાશમાં ચંદ્ર ઝળકવા લાગ્યો, અને શરીરધર્મે અન્નદેવનું સ્મરણ કરાવ્યું. તે દેવની ઉપાસનામાં કેટલોક સમય ગાળી, ચીંચવડના રાજકેદીને પુનઃપુનઃ વંદન કરી અમે સૌ જે દિશાએથી આવેલા તે દિશાએ વિદાય થયા.

પરમાનંદ


'કાકા' થયા પહેલાં



૧૩ .. વાઘની માશી

હું જોઉં છું કે સામાન્ય છોકરાંઓ કરતાં મારામાં પશુપક્ષીઓ તરફ કંઇક વધારે હેત હતું. પણ મને અત્યંત પ્રિય જનાવર તો બીલાડી. બીલાડી ખુશામત કરે, પણ કોઇ કાળે સ્વમાન ખુએ નહિ. કુતરાંને અનાર્ય થએલાં તમે જોશો, પણ બીલાડી તો હમેશાં પોતાની સંસ્કૃતિ ને પોતાનો મોભો જાળવીને જ રહેવાની. એકાદ દિવસ પીવાનું દૂધ ઓછું હોય તોપણ તેમાંથી થોડું બીલાડીને પાયા વગર પીવું આપણને ભાવે નહિ. નાનપણમાં મેં ખુબ મુસાફરી કરેલી. જ્યાં ગયા ત્યાં આઠદસ દિવસની અંદર આસપાસ કેટલી બીલાડીઓ છે અને કોનીકોની છે એની આપણને ખબર તરત જ પડે. બીલાડી પ્રત્યેનો મારો પક્ષપાત એકાંતિક ન હતો. જ્યાં જઇને રહું ત્યાંની બીલાડીઓને મારા રાગદ્વેષ ઉભયનો અનુભવ ચાખવો પડતો. બીલાડીને ઘેરો કેમ ઘાલવો, એને માર કેમ મારવો, ખાડામાં ખુબ કાંટા વાળી ઉપર કાગળ કે લુગડું પાથરી બીલાડીને ખાડામાં કેમ પાડવી, એ બધી કળામાં હું પારંગત હતો. બીલાડીને ઠાર મારવાથી બાર બ્રાહ્મણ માર્યાનું પાપ લાગે છે, કેમકે બીલાડીની પુંછડીમાં બાર ચટાપટા હોય છે એ વાત હું જાણતો ન હોત તો કોણ જાણે મેં કેટલી યે બીલાડીઓ મારી નાખી હોત.

હું કારવારમાં હતો ત્યારે મેં એક બીલાડો પાળેલો. બહુ જ રૂપાળો હતો. મેં એનું નામ વ્યંકટેશ પાડ્યું હતું. એકાદ વરસ સુધી એ મારી સાથે રહ્યો હશે. આખરે એક કોળે એને મારી નાખ્યો. પછી તો મને બીલાડી વિના ચેન ન પડે, એટલે આખું કારવાર ફરી જ્યાં સરસ બીલાડી જોવામાં આવે ત્યાં એનું માગું કરતો. પણ બધા જ કંઇ આવી રીતે માગું સ્વીકારે? કેટલાક તો તિરસ્કારથી મને કાઢી મુકતા. એટલે અમે એક ઘરની આસપાસ ત્રણ દિવસ પહેરો ભરતા બેસતા, અને લાગ મળે કે પિશાચપદ્ધતિએ બીલાડીનું હરણ કરતા. બીલાડી પકડવી એ કંઇ જેવી-તેવી વાત નથી. એના નખ અને દાંત સામે હજુ હથિયારબંધીનો કાયદો પસાર થયો નથી. પહેલું તો બીલાડી હાથમાં આવવી જ મુશ્કેલ છે. તમે એને પકડો કે તરત જ 'ઘુર્ર્ર્—મ્યાંઉ' કરીને એ તમને કરડવાની અથવા નહોર વતી ઘા કરવાની. અમે સાથે એક કોથળો રાખતા. બેત્રણ જણા બેત્રણ ઠેકાણે ઉભા રહેતા. બીલાડી લાગમાં આવે કે એના પર તરાપ મારી એની ડોક પકડતા. બીલાડીને ડોક વતી પકડીએ તો એને દુઃખ નથી થતું, અને છતાં એ પુરેપુરી કબજે થાય છે. ડોકની ચામડી આપણા હાથમાં હોય એટલે આપણે સુરક્ષિત. ત્યાં ન પહોંચે એના દાંત કે ન પહોંચે એના નહોર. પાછલા પગ ઉપાડીને નહોર મારવાનો એ પ્રયત્ન તો કરે. આખા શરીરને બધી દિશાએ આમળી જુએ. નવો માણસ હોય તો એને થાય એ હમણાં નહોર મારશે, અને પછી બીને એ બીલાડીને છોડી દે. એકવાર છુટી એટલે ફરી બીલ્લીબાઈ હાથમાં ન આવે. અમે બીલાડીને પકડીએ કે એક હાથ વતી એની ડોક ને બીજા હાથ વતી એના પાછળના પગ બરાબર ઝાલી રાખીએ અને એને કોથળામાં નાખી ઝટ કોથળાનું મોઢું બંધ કરી દઇએ. બીલાડી અંદર ગઈ કે તરત જ બંગાળી ઈલાજ અખત્યાર કરવાની. ખુબ અવાજ કરે અને જાણે કોથળો ફાડી નાખતી હોય એટલી હીલચાલ કરે. બીલાડીને પકડતાં કેટલી યે વાર મારા હાથપગ લોહી-લોહાણ થયા છે. પણ જે બીલાડી પકડવાનો નિશ્ચય કર્યો તેને કોઈ કાળે છટકવા દીધી નથી. બીલાડીને ઘેર લઇ જઇએ એટલે અમારૂં પહેલું કામ એ કે એનાં નાકકાન ચુલા પર ઘસી કાઢવાં. માન્યતા એવી કે આમ કરવાથી બીલાડી એ ચુલાને છોડીને



જાય નહિ; એમાં જ રહે અને એ ચુલામાં જ સુએ. કારણ ગમે તે હો, પણ અમારી બીલાડીઓ અમારા ચુલામાં સુઇ જતી.

એક દિવસ એક સાવ ધોળી બીલાડી મેં જોઇ લીધી. એને પુંછડે પણ ચટાપટા ન હતા. એ જે બાઇની હતી તે બાઈ પાસે માગવા જવાય એમ ન હતું. એટલે અમે ત્રણચાર દિવસની તપશ્ચર્યાથી એ બીલાડીનો કબજો લીધો. એને ઘેર આણ્યા પછી એને રહેવા માટે એક લાકડાની મોટી પેટીનું ઘર બનાવ્યું. એને સુવા માટે ગાદી બનાવી. સુતાર પાસે જઇને એ પેટીને નાનાંનાનાં બારણાં બનાવડાવ્યાં. એમાં લાલ, લીલા અને પીળા કાચના કકડા બેસાડ્યા. બીલાડીને પણ પોતાનું ઘર ખુબ પસંદ પડ્યું. પણ બીલ્લીબાઈ દહાડેદહાડે સુકાવા લાગ્યાં. એટલે આઇએ કહ્યું, 'બેવકુફો, આ બીલાડીને જ્યાંથી આણી હોય ત્યાં પાછી મુકી આવો. નહિ તો એની હત્યા તમને ચોંટશે. એ તો માછલીના આહારને ટેવાએલી છે. એને આપણાં દુધભાત કામનાં નથી.'

આટલી સુંદર બીલાડી છોડી દેતાં અમારો જીવ ચાલ્યો નહિ, એટલે અમારા ઘરનાં વાસણ માંજનાર એક છોકરી હતી એને અમે કહ્યું, 'અમે તને રોજ એક પૈસો આપીશું. તારે ઘેરથી લાવીને રોજ આ બીલાડીને માછલીનો ખોરાક ખવડાવવો.' બસ. માછલીનો ખોરાક મળ્યો કે ગોરી પહેલાં જેવી હૃષ્ટપુષ્ટ થઈ ગઈ. અમે પણ રાજી થયા. પણ થોડા જ દિવસમાં એ વાત પિતાશ્રીને કાને ગઈ. તેઓ ચીડાયા. 'આ છોકરાઓને શુ કહેવું? બીલાડી પાછળ ગાંડા થયા છે ને બ્રાહ્મણના ઘરમાં બીલાડીને માછલી ખવડાવે છે!' પિતાશ્રી આગળ અમારૂં કંઇ ચાલે એમ ન હતું, એટલે તે જ દિવસે અમે એ બીલાડીને તેના મુળ રહેઠાણ આગળ મુકી આવ્યા. પછી તો એનું સુનુંસુનું લાકડાનું ઘર જોઈ અમને ખુબ માઠું લાગતું.

એ બીલાડી ગઈ એટલે બીજી લઈ આવ્યા. એ તો સરગવાની શીંગના કુચા થાળી પાસે નાખ્યા હોય એ જ આવીઆવીને ખાતી. આઇએ કહ્યું, 'આ પણ એના માંસાહારનું જ લક્ષણ છે.' પણ અમે આઇને સાફ કહી દીધું, 'ગમે તેમ હોય, આ બીલાડીને અમે રાખવાના જ. જુઓ તો, કેવી રૂપાળી છે!' આઇએ પરવાનગી આપી. પણ એ બીલાડીનું અન્નજળ અમારા ઘરમાં ન હતું. થોડા જ દિવસમાં એ માંદી પડી ને મરી ગઈ. એની અંતકાળની વેદનાઓ જોઇને મારા મન પર ભારે અસર થઈ. એના પહેલાં મેં મડદાં જોયાં હતાં, પણ કોઈ પણ પ્રાણીનો અંતકાળ જોયો ન હતો.

કારવારથી અમે થોડા દિવસને માટે સાવંતવાડી ગયા. ત્યાં એક બીલાડી રોજ અમારે ત્યાં આવતી. અમે મોડા જમીએ કે વહેલા, જમવા ટાણે એ હાજર. હું એને ધરાય એટલા દુધભાત આપતો. ઘરના લોકોને થયું કે દત્તુનો આ બીલાડીનો શોખ બહુ વધી પડ્યો છે; એનો કંઇક ઇલાજ કરવો જોઇએ. એટલે વિષ્ણુએ કે અણ્ણાએ એ બીલાડીનું નામ પાડ્યું 'દત્તુચી બાયકો' (દત્તુની વહુ). એ ઘરમાં આવે એટલે બધાં કહે, 'જુઓ. દત્તુની વહુ આવી.' હું એને ખવડાવું એટલે કહે, 'જુઓ, વહુને કેટલા હેતથી ખવડાવે છે!' હું શરમાવા લાગ્યો. સીધી નજરે બીલાડી તરફ જોઉં જ નહિ. જોઉં તો કતરાતી નજરે જ. બીલાડીને બીચારીને શી ખબર? એ તો જમવા ટાણે મારી જોડે આવીને બેસે—સામે પણ નહિ. હું જો વખતસર એને ભાત ન આપું, તો મારા મોઢા તરફ જોઇને માથું હલાવીને મ્યાંઉં મ્યાંઉં કરે. લોકો એની પણ મશ્કરી કરે. એટલે બીલાડી તરફ જોયા વગર જ એક કોળિયો એના તરફ હું નાખી દઉં. લોકો એની મશ્કરી કરે. હું ન આપું તો બીલાડી હેરાન કરે એની પણ ચેષ્ટા થાય. બીલાડીને હાંકી કાઢવાનો

પ્રયત્ન કરી જોયો, પણ એમાં યે હું ફાવ્યો નહિ. સાચું પુછો તો તેમ કરવાની મારી હિંમત પણ ચાલતી નહિ.

ઘણા દિવસ સુધી આવી પજવણી સહન કર્યા પછી મેં મન સાથે નક્કી કર્યું કે લોકો ગમે તે કહે, શરણ આવેલાને મરણ અપાય નહિ. અને બીલાડીનો શો ગુન્હો? પછી તો મેં બધી શરમ કાઢી નાખી. એક દિવસ બધાંનાં સાંભળતાં કહ્યું, 'હા હા, બીલાડી અમારી વહુ છે. અમે એને ખવડાવવાના—રોજ ખવડાવવાના—હેતથી ખવડાવવાના; હવે કંઈ રહ્યું છે? હવે કોઇને કંઈ કહેવું છે? આવ બીલાડી, આવ; બેસ મારી પાસે.' માણસ વીફર્યો એટલે બધા જ એનાથી બીએ. તે દિવસથી કોઇએ મારૂં કે બીલાડીનું નામ ન લીધું.

['મધપુડા' પાસેથી] **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

કેટલા વાગ્યા? પુછો બીલાડીને!

વખત ઘણો બારીક આવ્યો છે, ધંધા મંદા થયા છે અને ચોમેર ઉથલપાથલની નીશાનીઓ છે. છતાં લંડનનાં ન્યુસ-પેપરોમાં બીલાડીને લગતી બાબતો ઉપર ખુબ ચર્ચા ચાલે છે.

બીલાડી ઘરમાં સારી કે નહિ એ વાત પર નાનામોટા સૌ બોલે છે, પણ બીલાડી વખત કહી આપનાર એક સરસ સાધન છે એમ હજુ કોઇએ જાણ્યું છે? ના?—તો સાંભળો:

વર્ષો પહેલાં એક ફ્રેંચમન ચીનમાં પાદરી થઇને ગએલો. તેણે એક પુસ્તક લખ્યું છે તેમાં નીચેની વાત છે.

એકવાર તેણે એક ગોવાળના છોકરાને વખત પુછ્યો. છોકરે આકાશમાં જોયું તો સૂર્ય વાદળાંથી ઢંકાએલો હતો; એટલે 'જરા રહેજો' કહેતોક ને તે નજીકના ઝુંપડામાં દોડી ગયો અને ત્યાંથી એક બીલાડી બગલમાં લઇ આવીને કહે, 'જુઓ એની આંખો; હજુ બપોર નથી થયા!'

પેલા ફ્રેંચને આથી લાગ્યું કે છોકરો ચક્કર હશે. તોપણ તેણે વિનયપૂર્વક તેનો આભાર માન્યો. પછી તેણે કેટલાક ચીના મિત્રોને એ વિષે પુછ્યું. એ બધા પહેલાં તો એ સાંભળીને હસી પડ્યા. પછી નોકરને બની શકે તેટલી બીલાડીઓ પકડી લાવવા કહ્યું. ત્રણચાર બીલાડીઓ મળી ગઈ.

પછી એક ચીનાએ ખુલાસો કર્યો કે સવારમાંથી બીલાડીની આંખની કીકી પાતળી થવા માંડે છે. ફ્રેંચમેને જોયું કે ઓરડામાં આણેલી બધી બીલાડીઓની કીકીઓ એકસરખી તદ્દન બારીક થઇ ગઇ હતી, અને બીલાડીની ઘડિયાળ પ્રમાણે બરોબર બપોર થયા હતા!

બીલાડી ઉંદરનું કાસળ કાઢનારી હિંસક ગણાય છે તથા ઘણીવાર ઘરમાં ઢોળફોડ કરે છે એટલે તે તિરસ્કાર પામે છે; પણ આમ કેટલા યે બીજા ગુણોથી ચીનમાં તો તે બહુ આદર પામી છે. જોકે આ જમાનામાં વખત જોવા માટે ઘડિયાળને બદલે બીલાડીને ખભે ઉચકી ફરાય નહિ. અને તેની આંખ જોવા જતાં કોઈવાર આપણી પોતાની આંખ જોખમાઇ જવાનો ભય પણ ખરો!

અથાણું

એક પ્રખ્યાત ડાકટર પહેલીવાર દરદીને તપાસે ત્યારે ૫૦ રૂપિયા અને બીજીવાર ૨૦ રૂપિયા ફી લેતો.

એક દરદી પહેલીવારની ફી ન ભરવી પડે માટે બીજીવાર બતાવનાર તરીકે હાજર થયો અને એકદમ બોલ્યો, 'લ્યો સાહેબ; આજે હું ફરીથી આવ્યો છું.'

ડાક્તરે તેને તપાસીને કહ્યું, 'પહેલીવાર મેં જે દવા આપી હતી તે જ ચાલુ રાખો!

બીચારા દરદીએ નીચી મુંડીએ વીસ રૂપિયા ભરી દીધા!

*

એક રાજા એકવાર તેના વિદુષક ઉપર એટલો નારાજ થઇ ગયો કે તેને મારી નાખવાની સજા ફરમાવી. વિદુષકે આજીજી કરી ત્યારે રાજાએ માત્ર એટલી દયા બતાવી કે જે રીતે તું મરવા ઈચ્છતો હો તે તરે પોતે પસંદ કરી લેવી.

તરત વિદુષક નમન કરી બોલ્યો, 'મહારાજ, હુ ઘરડો થઇને મરવા ઇચ્છું છું!'

*

ભોમિયો—અરે સાહેબ, આ ગુફા વિષે એવીએવી વાતો કહું કે તમારા માથાનાં રોમાંચ ખડાં થઈ જાય.

મુસાફર—બને જ નહિ ને.

ભોમિયો—ત્યારે તો તમે અસાધારણ બહાદુર હશો.

મુસાફર—ના એવું તો નહિ; મારે માથે ટાલ છે!

*

જાદુગર—હવે નવે ખેલ કરવામાં મારે એક છોકરાની મદદ જોઇએ. પ્રેક્ષકમાંથી ગમે તે આવો:—ઠીક, આ છોકરો ચાલશે. અહીં આવ. કેમ છોકરા, તું મને ઓળખતો નથી ખરૂં?'

છોકરો—(નિર્દોષતાથી) ના બાપા.

*


તુતક ઉપર ચારે કોર ગભરાટ ફેલાઇ ગયો હતો. અહીં-તહીં ફરતાં માણસોનાં પગલાંનો જોસભેર અવાજ આવતો હતો. પછી કચડડ એવો અવાજ થયો અને સ્ટીમરનું એંજીન પણ જાણે અટકી ગયું. બીકણ મુસાફર એકદમ કેબિનમાંથી બહાર નીકળ્યો. કપ્તાનની સાથે ભટકાતો ભટકાતો તે રહી ગયો.

'નહિ નહિ, બસ મને કહો, થયું છે શું?' તેણે પુછ્યું.

'બંદર આવ્યું.' કપ્તાને શાન્તિથી કહ્યું.

જંગલમાં ભય?

[સ્કાઉટિંગ]




આપણે બધા ઘરને ખુણે ભરાઇ રહેવામાં એવા તો ટેવાઈ ગયા છીએ કે ગામની બહાર તે બધું જંગલ, અને જંગલ એટલે વાઘદીપડા, એમ જ માની લઇએ છીએ. પણ બધાં જ જંગલોમાં કાંઈ વાઘ, દીપડા, ચિત્તા કે સિંહ જેવાં જંગલી જનાવરો હોતાં નથી. સિંહ તો માત્ર ગીરમાં જ થાય છે; વાઘ બંગાળનાં જંગલોમાં દેખાય છે અને દીપડા આબુના પહાડમાં તથા મહાબળેશ્વરની આજુબાજુ અવારનવાર જોવામાં આવે છે. આપણે આગળ એક સ્થળે કહી ગયા તેમ તેઓ માણસ ઉપર જવલ્લે જ આવે છે; ઉલટું, માણસની ગંધ આવે કે પગરવ સંભળાય તો તે દૂર નાસી જાય છે. માત્ર આટલે પ્રસંગે જ તેઓ ભયંકર છે: (૧) જો તે ઘાયલ થએલ હોય, (૨) જો તે કાંઇ શીકાર ઉપર હોય, (૩) જો તે તેનાં બચ્ચાં પાસે હોય, અથવા (૪) જો તેણે માણસનું લોહી ચાખેલું હોય, તો જ તે માણસ ઉપર આવે છે. વળી તેઓ બીલાડીની જાતનાં છે, એટલે આખો દિવસ ઉંડાં કોતરોમાં પેસી આરામ લે છે અને રાત્રે જ શીકાર માટે બહાર નીકળે છે. જંગલના ભોમિયા શીકારીઓને પણ દિવસે તો તેઓ મહામુસીબતે જ મળે છે; તો પછી સાધારણ જંગલમાં છાવણી નાખી રહેતા કુમારોને તો દિવસે બીલકુલ ભય જેવું નથી. રાતને વખતે જો મોટો તાપ બળતો હોય તો તેઓ પાસે ઢુકી શકતાં જ નથી.

પણ મુળ વાત તો એ છે કે આપણે બીવું જ શા માટે જોઇએ? કદાચ ધારો કે એવું જંગલી જનાવર ભેટંભેટા થઈ જાય, તોપણ જનાવરથી બીવું એ માણસને અને તેના ચારિત્ર્યને હીણપત લગાડનારૂં છે.

પ્રભુએ માણસને સર્વથી શ્રેષ્ટ સરજ્યો છે અને બીજાં પ્રાણી કરતાં તેને એક અજબ શક્તિ આપી છે. તે શક્તિ તેની આંખમાં છે. ગમે તેવા જંગલી જનાવરનો તમને ભેટો થઈ જાય અને એ વેળા તમે જો માત્ર હિંમતપૂર્વક બીલકુલ હલ્યાચલ્યા સિવાય એકીનજરે તેની સામે જોઇ રહો તો તે કદિ પાછું નાસી ગયા સિવાય રહે જ નહિ. માણસના આત્મતેજનો એ પ્રભાવ છે. આ બાબતના એકબે પ્રસંગ નીચે આપું:

મારા એક પીછાનવાળા ઘણા જ સારા શીકારી છે. દરેક જાતનાં જંગલી જનાવરોનો તેમણે શીકાર કરેલો છે. એક વખત તેમને બાતમી મળી કે એક દીપડી અમુક ઠેકાણે વીઆઈ છે. તેનાં બચ્ચાં મેળવવાનો વિચાર કરી થોડાંક માણસો સાથે એક સવારે તેઓ તે સ્થળે ગયા અને બરોબર ધ્યાન રાખી બેઠા. દીપડી બહાર શીકાર માટે ગઇ કે તરત લપાતાલપાતા તેઓ તેના બોડ પાસે આવી પહોંચ્યા. એક બચ્ચું લઇ લેવું એવો એમનો ઇરાદો હતો, એટલે કામ ઘણું જ કળથી કરવાનું હતું. ઘણી જ ત્વરાથી બચ્ચું હાથ કરી ઝપાટાબંધ તેઓ પાછા ફર્યા. પણ દૈવયોગે, દીપડી શીકારેથી તરત જ પાછી ફરી. તેને કાંઇ ગંધ આવી હોય, કે મનમાં બચ્ચાંની અધીરાઇ હોય; ગમે તેમ, પણ ધાર્યા કરતાં તે વહેલી પાછી ફરી. માણસને પોતાનું બચ્ચું લઈ જતો જોઇ ત્રાડ મારી એ તેમના તરફ ધસી. બચ્ચું નીચે મુકી બંદુક ફોડવા જેટલો પણ વખત રહ્યો ન હતો. કાળ જેવી તરાપો મારતી તે ધસી આવતી હતી. પણ પોતે મોટા અનુભવી શીકારી હોઇ આ વખતે શું કરવું તેની તરતબુદ્ધિ તેમને સુઝી. એકાએક પાછા ફરી જઇને સામે ધસી આવતી દીપડી તરફ તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકી એ પથ્થરના પુતળા માફક હાલ્યા. ચાલ્યા સિવાય ઉભા રહ્યા, અને એકી ટશે ને ટશે જોઈ જ રહ્યા! દીપડીએ પણ સામું જોયું. જેવી તેમની બંનેની નજર મળી કે દીપડી પાછી ફરી ભાગી. પોતે પણ પાછે પગે ખસવા માંડ્યું. એવામાં દીપડી પાછી



નાર

આ પ્રયોગ અજમાવવા જેવા છે. તમે તો ઓછા જ જંગલમાં અજમાવવા જવાના છો? પણ એકાદ અજાણ્યા કુતરા સામું એકી મીટે જોઈ રહેજો અને શું થાય છે તે જોજો. ગમે તેવું કરડકણું કુતરૂં હોય તોપણ તે નાસી જ જવાનું.

તમે નારનું નામ તો સાંભળ્યું હશે. એ કુતરાની જ જાત છે. અંગ્રેજીમાં તેને 'રેડ ડૉગ' કહેવામાં આવે છે. તે જંગલમાં જ રહેતું હોવાથી તેમાં વાઘવરૂ જેવી ક્રૂરતા હોય છે, અને પાછી કુતરાની જાત હોઇ તે બીકણ તેમ જ બુદ્ધિશાળી હોય છે. કદમાં તે મોટા કુતરા જેવડું અને રંગે લાલ હોય છે. અજાણ્યા માણસને તો તે દૂરથી કુતરો જ લાગે. એકલો નાર કાંઈ ખાસ હાની કરી શકતો નથી, પણ ઝોકમાંથી છુટાં પડી ગએલાં ઘેટાંબકરાંને ઉપાડી જાય છે. સાધારણરીતે માણસથી તો તે બહુ જ ડરે છે. પરંતુ જ્યારે તેઓ સાત કે આઠની સંખ્યામાં ભેગાં ફરતાં હોય ત્યારે ઘણું જ નુકશાન કરી મારે. સાત નારોની ટુકડીને લોકો સાતનારીના નામથી ઓળખે છે, અને એ ટુકડી ગમે તેનો શીકાર કરી શકે છે. કહેવાય છે કે જો પંદરવીસ નાર ભેગાં મળે તો ભલા વાઘને પણ મારી પાડે.

ફરીવાર એક ચક્કર દઇ આવી તેમના પર ધસી. તરત જ ફરીથી પ્રથમની માફક એ સ્થિર થઈ ઉભા રહ્યા. જેવી આંખો મળી કે ફરીવાર દીપડી નાસી ગઇ અને પાછી આવી જ નહિ! વિકરાળ પ્રાણી ધસારો કરતું હોય ત્યારે શરીરનું એક રૂંવાડું પણ ન ફરકે તે કાંઇ ઓછી હિંમતની વાત ન કહેવાય. એવી હિંમત આપણા બધામાં છે જ; માત્ર તે કેળવવી જ રહી છે. આપણે તો બધા એવા નમાલા બની ગયા છીએ કે એકાદ કુતરૂં પણ જરા તાણીને ભસે કે સીધો રસ્તો છોડી આડે રસ્તે ઘેર જઇએ! ત્યાં દીપડીનાં બચ્ચાં લેવા જવાની તો વાત જ શી?


રજપુતાનાના એક રાજા સાહેબ બહુ જ સારા શીકારી ગણાય છે. તેઓ એક વખત છસાત મિત્રો સાથે વાઘને શીકારે ગયા. અરવલ્લીના પર્વતોમાં થઇને એક સાંકડી કેડી પસાર થતી હતી. બે બાજુ માથાઢંક ઘાસ ઉગેલું. શીકારનું સ્થળ જરા દૂર હતું. કેડીમાં સૌથી આગળ રાજા સાહેબ અને પાછળ એકેકની હારમાં મહેમાનો ખભે બંદુકો રાખી ચાલતા હતા. એકાએક પડખેના ઘાસમાંથી એક વાઘ કુદી આવીને સામો કેડી ઉપર આવી ઉભો! બંદુક ફોડવાનો તો સમય જ ક્યાંથી રહે? પણ બધા ખેલાડી હતા એટલે સૌ સ્થિર થઈ ગયા, અને રાજા સાહેબ એકીટશે વાઘ સામે તીણી નજરે જોઈ રહ્યા! થોડી જ વારમાં વાઘ હુમલો ન કરતાં પડખેની ઝાડીમાં અદશ્ય થઈ ગયો.

એ જાતમાં વ્યૂહરચનાની બુદ્ધિ અને સંપ ઘણો હોય છે. જ્યારે તેમને છુટાંછુટાં ચરતાં પાંચછ હરણને શીકાર કરવો હોય છે ત્યારે તેઓ આ પ્રમાણે વ્યૂહરચના અથવા વાળીઓ કરે છે: હરણોની ચારે દિશામાં અરધોઅરધો માઇલ છેટે તેઓ બબ્બેની સંખ્યામાં વહેંચાઇ જાય છે. પછી, એકીસાથે ત્રણ દિશામાંનાં નાર ભસવું શરૂ કરે છે, એટલે કુદરતી રીતે જ હરણો ભેગાં થઇ ચોથી દિશા તરફ પાછાં હટવા લાગે છે. ચોથી દિશાનાં નાર તો બીલકુલ અવાજ કર્યા વિના ઝાડી અથવા નદીના દડમાં લપાઇને બેઠાં હોય છે. બીજાં નાર ભસતાં જાય અને ત્રણે દિશામાંથી પાસે ને પાસે આવતાં જાય, એટલે

અજાણ્યાં હરણો પરિણામે પાછાં હટતાંહટતાં બરાબર સંતાએલાં નારના પંજામાં જ આવી પડે છે! માણસ ઉપર તેઓ આ પ્રમાણે વાળીઓ કરી શકતા નથી. પણ તેના ઉપર ચારે બાજુથી એકીસાથે તુટી પડે છે. આથી માણસ થાકી જાય છે અને તેના પંજામાં આવી પડે છે!

ભાલમાં ભોગાવાના કાંઠા પાસે મારો એક સગો એકવાર સાતનારીના પંજામાં આવેલો. સાત નાર તેની ફરતા ચોમેરથી ફરી વળ્યા. ત્રણ બાજુ નજર રાખે ત્યાં ચોથી બાજુનો પાછળથી કુદકો મારી ડોકી પકડવા પ્રયત્ન કરે. તેની પાસે દોરીલોટા સિવાય બીજું કશું સાધન કે હથિયાર નહોતું. પણ એણે સમયસૂચકતા બરાબર વાપરી. તેને નારના વાળીઆની ખબર પડી કે તરત કળશિયામાં રેતી ભરી, દોરી હાથમાં મજબુત પકડી લોટો પોતાની આજુબાજુ જોરથી ગોળ ફેરવવા માંડયો. પછી તો નારની શી મજાલ કે પાસે પણ ઢુકી શકે? આ પ્રમાણે લોટો ફેરવતો જાય અને આગળ ચાલતો જાય: નાર પણ તેની સાથોસાથ છેટેછેટે ધસતા જ આવે. આમ કરતાંકરતાં થોડી મજલ કાપી. સામાન્ય માણસ તો નાહિંમત થઈ થાકથી હાંફીને બેસી પડે. પણ આ માણસ શક્તિવાળો તેમજ હિંમતવાન હતો એટલે તેણે આખર સુધી ટકવાનો નિશ્ચય કર્યો. ચાલતાંચાલતાં નદીનો કીનારો આવ્યો એટલે તેને હાશ વળી. કારણકે નાર ત્યાં જ અટકયા, અને તેણે નદીમાં પડતું મુકી સામે કાંઠે નીકળી પોતાનો જાન બચાવ્યો. સુભાગ્યે માર્ગમાં નદી ન આવી હોત તો અમુક વખતે એ થાકત અને નાર જરૂર ફાવી જાત.

જંગલી જનાવરો અને તેમની આદતોનો જો અભ્યાસ કર્યો હોય તો માણસો ઘણા કટોકટીના પ્રસંગોમાંથી પણ પાર ઉતરી જઇ શકે. વાઘ અને સિંહ એ બીલાડીની અસલ જાત છે, જ્યારે ચિત્તા એ કુતરા ને બીલાડીનું મિશ્રણ છે; અને વરૂ, શિયાળ, નાર તે કુતરાની જ જાત છે. જો બીલાડી અને કુતરાનો બહુ જ વિગતવાર અભ્યાસ કરવામાં આવે તો ઉપરોક્ત જંગલી જનાવરોની ખાસ આદતોની આપણને ખબર પડે. બીલાડી પાણીમાં તરી શકતી નથી; તે જ પ્રમાણે વાઘ અને સિંહ પણ પાણીમાં તરત ડુબી જાય છે. તેથી તેઓ પાણીથી બીએ છે.



અંધારી રાત્રે બીલાડીની આંખો — અજવાળામાં બીલાડીની આંખો

આ જ પ્રમાણે સિંહની આંખોની કીકી પણ નાનીમોટી થાય છે. બીલાડી અને સિંહ બંને અંધારામાં પોતાની લાંબી મુછો વતી જ માર્ગ શોધી લે છે, જ્યારે તેમની આંખો શીકાર ઉપર ચોંટેલી હોય છે. તેમના પંજા અને જડબાં પણ એક જ જાતનાં હોય છે.



બીલાડીનો પંજો સાદો — બીલાડીનો પંજો નહોર બહાર કાઢેલો

કુતરાં બુદ્ધિશાળી હોય છે, તેથી તેની જાતનાં જંગલી જનાવરો પણ એવાં જ યુક્તિવાળાં હોય છે. વાઘ અને સિંહ ઝાડ ઉપર પણ ચડી શકતાં નથી, જ્યારે ચિત્તા સહેલાઇથી ઝાડ ઉપર જલદી ચડી જઇ શકે છે. આવીઆવી વિગતોનો જો બારીક અભ્યાસ કરવામાં આવે તો કુમારોને નિરીક્ષણ સાથે હિંમત ખીલવવાનો પુરેપુરો અવકાશ છે, જે તેમના ચારિત્ર્યને દૃઢ બનાવે છે તથા જંગલના નિવાસ માટે તેમને તૈયાર કરે છે.

ગજાનન ભટ્ટ

ઉમરેઠમાં  વૃક્ષારોપણ

આગગાડી આણંદથી ડાકોર તરફ જાય છે તે રસ્તામાં ઉમરેઠ આવે છે. બોડાણો દ્વારકાથી રણછોડરાયને ડાકોર લઇ જતો હતો તે વખતે શ્રી રણછોડરાયે પણ ઉમરેઠ આગળ બે જગ્યાએ આરામ લીધેલો એમ કહેવાય છે. એ સ્મરણમાં ઉમરેઠની એક ભાગોળે રણછોડરાયની બેઠક છે ને ડાકોર જતાં રસ્તામાં પગલાં છે. આણંદથી ગાડી જેમજેમ આગળ વધતી જાય છે તેમતેમ મોટાં ઝાડોની શોભા 'રૂડો રૂડો બગીચો ગુજરાત જ' એવી પ્રતીતિ કરાવે છે.

ઉમરેઠમાં ચાર ભાગોળે ચાર તળાવો છે; મીઠાં પાણીના સુંદર ઉંડા કુવા છે; મોટાં ઘટાદાર વૃક્ષો છે; અને ખેતરો, વાડી, મંદિરો, વાવ અને પક્ષીઓ તથા મીઠા કોસ છે.

ઉમરેઠથી પંચમહાલ બહુ દૂર નથી; અને પંચમહાલ, વાડાસીનોર, લુણાવાડા, જાંબુઘોડા વગેરે દેશી રાજ્યોનાં જંગલો જે વર્ષાદ ખેંચે તેનો લાભ ઉમરેઠને અને ચરોતરને મળતો હતો. પણ લોકો કહે છે કે 'સરકાર બહુ લોભી છે. જેનો રાજા વેપારી તેની રૈયત ભીખારી.'

પંચમહાલનું સુંદર વન બધું જંગલખાતાએ ઉજ્જડ કરી નાખ્યું અને એમનું જોઇને દેશી રાજ્યો પણ કંટ્રાક્ટરો પાસેથી પૈસા લઈ પોતાનાં જંગલો કપાવી નાખવા લાગ્યાં છે! એથી આ રાજાઓ તો પૈસાદાર થશે, પણ ભવિષ્યનો એમણે કંઇ જ વિચાર નથી કર્યો. બહુ પૈસા આવવાથી તેઓ કરશે શું? અંગ્રેજ હાકેમોને નોતરશે અને વીજળીના દીવા, વિલાયતી દારૂ તથા ભેટનજરાણાંમાં પૈસા ઉડાવી દેશે. પણ ઝાડો ગયાં ફરી નહિ આવે. પછી એ સુંદર ઘટાઓ, પક્ષીઓનાં ગીત, ઠંડક, શાન્તિ બધું જશે.

ચરોતરમાં ફાગણચૈતરમાં તમે ગયા છો? તે વખતે લીલી દ્રાક્ષ જેવાં મોટાં મહુડાં સ્થળેસ્થળે તમને ખેતરોમાં મળે. પેટ ભરીને તમે એ ખાઓ. કોઇ ના નહિ કહે.

પણ સરકારની દાઢ ગરીબના એ મેવા ઉપર પણ ગઇ. એમણે સુકાં મહુડાં રાખનાર ગુનેહગાર ગણાય એવો એક કાયદો કર્યો. લોકોએ બહુયે વિરોધ કર્યો, પણ કંઇ ન ચાલ્યું. સરકાર કહે 'લોકો એનો છાનોમાનો દારૂ બનાવે છે અને પીએ છે.' લોકો કહે 'તો તમે દારૂની દુકાનો બંધ કરો.' પણ સરકાર દુકાનો બંધ કરતી નથી. એની મરજી લોકોને દારૂ તો પીતા રાખવાની જરૂર જણાય છે; ફક્ત અમારા પરવાના આપેલી દુકાનોમાંથી પીઓ. ખાનગી બનાવીને પીઓ એમાં અમને શો ફાયદો?' એવી રીતે સરકાર ના કહેતી હોય એમ લાગે છે.



ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભ પ્રસંગે વૃક્ષારોપણ કરતા ગાંધીજી

આથી કંટાળી લોકોએ મહુડાંનાં ઝાડ પણ કાપી નાખવા માંડયાં અને આખા ચરોતરમાંથી હમણાં-

હમણાંમાં હજારો મહુડાં કપાઈ ગયાં.

આમ પંચમહાલનું વન સાફ થાય; વાડાસીનોર, લુણાવાડા ને જાંબુઘોડાનાં ઝાડ વેચાઈ જાય અને ચરોતરનાં પણ મહુડાં જેવાં ઝાડ કપાય ત્યારે કોઈને તો લાગવું જોઈએને કે આ ભૂમિનું શું થવા બેઠું છે?

જ્યાં સુંદર વૃક્ષો નથી હોતાં ત્યાંથી વરસાદ પલાયન કરી જાય છે એવી વિદ્વાનોમાં માન્યતા છે. અને એ માન્યતાને અનુસરી જે જે દેશોએ વૃક્ષોની રક્ષા કરી છે અથવા નવાં વૃક્ષો મોટા પાયા પર ઉગાડ્યાં છે તે તે દેશોમાં વરસાદ પણ વધ્યો છે અને ફળદ્રુપતા થઈ છે.



નારણજી રામકૃષ્ણ દવે



વૈદ મનસુખભાઈ જેઠાભાઈ

ઉમરેઠમાં કેટલાં યે વર્ષોથી ઝાડો ઉછેરવાની પરંપરા ચાલે છે એ ખુશી થવા જેવું છે. પૂર્વ આફ્રીકા જઈ આવેલા સ્વ. કેશવલાલ વજેરામે દસેક ઝાડો વાવ્યાં હતાં, પણ એ નકામાં ગયાં. જોશી બાલુભાઈ છગનલાલે પણ દસેક વાવેલાં, એમાંથી પાંચ ઉછર્યાં. સ્વ. લલ્લુ દીપચંદના હાથનાં પણ દસબાર ઝાડ ઉગી શક્યાં છે. દલસુખ હરિવલ્લભ દોશીનાં વીસેક ઝાડ છે અને વૈદ મનસુખભાઈ જેઠાભાઈ પણ વીસ–એકવીસ ઝાડો ઉછેરી શક્યા છે તથા હજી બીજાં વાવે છે.

પરંતુ આ બધાને ટપી જાય એવા વૃદ્ધ નારણજી રામકૃષ્ણ દવે છે. એમણે આખી જીંદગી ગામની ચારે બાજુ ઝાડ જ રોપ્યા કર્યા છે. રોજ સવારમાં વહેલા ઉઠવું, દાતણ પણ તળાવે કરવું અને પછી ગાગરે ગાગરે પોતે વાવેલાં નવાં ઝાડને પાણી પાવું એ એમનું નિત્યકર્મ છે. કોઈની વાડ કરવી, કોઈને માટી નાખવી એ પણ જાતે જ કાળજીપૂર્વક કરે. જાતદેખરેખ વગર અને તન, મન તથા ધન ખર્ચ્યાં વગર ઝાડ પણ નથી ઉછરતાં. આટલી જાતમહેનત ને દેખરેખ ઉપરાંત દવેએ દરેક ઝાડ દીઠ ત્રણત્રણ કે ચારચાર રૂપિયા પણ પોતાની ગાંઠના ખર્ચ્યા છે!

એમની ઉમર હાલ સિત્તેરેક વર્ષની થવા આવી છે; પણ દવેનો વિચાર ઉમરેઠ ગામને મરતાં પહેલાં સોએક ઝાડ આપી જવાનો છે.

એ કહે છે, 'ભાઈ! આપણાથી કંઈ ધર્મશાળાઓ ઓછી જ બંધાવડાવવાની છે? અને કદાપિ ધર્મશાળાઓ હોય તો એને તો તાળાં યે દેવાય, પણ આ મારાં ઝાડોને કંઈ કોઈ ઓછાં જ તાળાં વાસી શકે એમ હતું? એની તળે તો ગમે તે વટેમાર્ગુ વગર રજાએ આરામ લઈ શકશે.'

મને લાગે છે કે ઉમરેઠમાં જેવી સતીની દેરીઓ સતીઓનાં નામ અમર રાખી રહી છે તેમ આ વૃક્ષો દવે નારણજી રામકૃષ્ણનું નામ ઘણાં વર્ષો સુધી કાયમ રાખશે. ઉમરેઠ અને ગુજરાતનાં બીજાં ગામો પણ દવે નારણજીને પગલે ચાલશે તો દેશની અનુપમ સેવા કરી શકશે.

હમણાંની શાળાપાઠશાળાઓમાં ભણતાં બાળકબાળકીઓ માટે વૃક્ષારોપણનો એક દિવસ વર્ષમાં પર્વ તરીકે કાઢીએ તો વીસપચીસ વર્ષમાં ગુજરાત અને કાઠિયાવાડ લીલી કુંજોથી શોભાયમાન થઈ જાય, વરસાદ નિયમિત અને મનમાન્યો આવે તથા આપણાં સુકાં થઈ જતાં નદીઓ અને તળાવો બારે માસ જળથી ભરેલાં રહે.

વળી એ બાળકો મોટાં થાય ત્યારે પોતાને હાથે વાવેલાં ઝાડને મોટાં થએલાં જોઈને કેટલું ગૌરવ અને કેટલો આનન્દ અનુભવે!

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ



શિયાળો

ચિત્રકાર: સ્વ. ડી. રામરાવ

શિયાળાની હવા

એદી-આળસુ અને રડતીસુરનોના આવા ફફડાટ તો તમે ઘણા યે સાંભળ્યા હશે: 'આ શિયાળો! એ તે કંઇ ઋતુ છે? કાળજાં કંપાવે એવી આ ટાઢમાં મોં બહાર કાઢવાનું મન નથી થતું ત્યાં નહાવાધોવાની શી વાત? ઓઢચાંમાંથી મોં ઉચું કરીએ ત્યાં દસ વાગી જાય છે! કામ તો કંઇ થાય જ નહિ. હાથપગ ફાટે ને હેરાનહેરાન થઇ જઇએ.'....

આ તો માત્ર વાનગી છે. આપણામાં કહેવત છે કે 'ન નાચવું એને આંગણું વાંકું.' કામ કરવાની જેને દાનત નથી, મનની નબળાઇઓના જે ગુલામ બની ગયા હોય છે, અથવા માણસાઇનો ચેતનતણખો જેનામાં નથી તેને માટે આવાં બહાનાં સેંકડો છે.

પ્રભુની દીધેલી સૌ ઋતુઓમાં તંદુરસ્તી અને પ્રેરણા આપનારાં જે પોષક તત્ત્વો છે, જે કલ્યાણનાં અમી છે તેના તરફ એમની આંખો બંધ છે. દરેક ઋતુ એ મંગળ ભાવનાથી ભરેલી જ છે. પણ આ શિયાળામાં તો આપણે શિયાળાનો જ વિચાર કરીએ.

શિયાળાની ટાઢને રખે તમે આફત માનતા. એ તો આપણને સુખ આપનાર મોટામાં મોટો વૈદ છે. ઋતુનો ફેરફાર એ મનુષ્યજાતિને મહાન આશીશ રૂપ છે. ચોમાસાથી ત્રાસેલા, થાકેલા અને દુબળા થઈ ગએલા તમારા સ્નાયુઓને સતેજ કરી વેગ આપનાર, અંદરનાં બળોને જગવનાર અને ચેતન આણનાર એ ટાઢ કુદરતની દૂત છે.

એ લાગે છે દુશ્મન જેવી; પણ તે ઉત્તમ મિત્ર છે. ટાઢ બહુ ખમવી પડે ત્યારે માણસ નરમ બની જાય છે, પણ ખમાય તેટલા પ્રમાણમાં તેને વેઠવી એ તો સર્વોત્તમ અને સબળ કુદરતી શક્તિદાયક દવા-ટૉનિક-છે. જંતુઓની નાશકારક અસરને રોકવાની શક્તિ ટાઢમાં જ છે.

ઉનાળામાં આપણને ઠંડીના ગુણ પ્રિય લાગે છે. ઠંડી હવા, ઠંડું પાણી, ઠંડાં પીણાં, ઠંડાં લેપન આપણને બહુ ગમે છે. નાનાસરખા એક પંખાની ઝપટો પણ એ વખતે આપણને કેટલી સારી લાગે છે! ઝડપથી દોડતી ગાડી કે મોટર-માં પવન કેટલો મધુર લાગે છે! એ ગરમીને વખતે આપણે એવી ઠંડી જગ્યા શોધીએ છીએ અને ઠંડક આપનારાં સુખસાધનો માટે ખર્ચ પણ કરીએ છીએ; પરંતુ શિયાળામાં જ્યારે એ ઠંડી બધે મફત મળે છે તે વખતે આપણે બંધ બારીબારણાંવાળા ઓરડામાં ભરાઇએ છીએ, ગોદડાંના ડુંગરમાં લપેટાઇ પડીએ છીએ અને ઉનાળા કરતાં પણ વધુ બાફ ભરેલા ઓરડાની હવા શ્વાસમાં લઇએ છીએ. પણ તમે જાણો છો કે એ ગોંધાએલી હવામાં નુકસાનકર્તા જંતુઓ હોય છે?

શિયાળાની હવા ધુળનાં રજકણો વિનાની સ્વચ્છ અને જંતુરહિત હોય છે. ઠંડી હવામાં હાનિકારક જંતુ રહી શકતા નથી એટલે બહારની હવા તો જરૂર સાફ હોય છે; જ્યારે ઘરની અંદરની હવામાં બધી જાતના જંતુઓ જામવાનો સંભવ છે; ખાસ કરીને બારી બારણાં બંધ રખાય, વસવાના, સુવાબેસવાના ખંડોમાં વધારેપડતી ગરમી થાય ત્યારે.

શિયાળુ હવા જેટલી શક્તિ આપનારી હોય છે તેટલી કોઇ દવા પણ હોતી નથી. શિયાળાની હવાનો દરેક ઘુંટ નવા પ્રાણ, સ્ફૂર્તિ અને જોમભર્યો હોય છે. શિયાળાની ઠંડી હવામાં ચેતનનો જે તણખો હોય છે તે માણસના પ્રાણને જાગ્રત કરી ઉત્સાહથી ભરી દે છે. શીત હવા હૃદય તથા ફેફસાંને મજબુત બનાવે છે; વધારે બળથી કામ કરવાની ગતિ આપે છે. શિયાળાની હાજરીમાં મગજ, તંતુઓ, લોહીની નસો, હાડકાં, સ્નાયુઓ, હોજરી વગેરે પ્રત્યેક અવયવ ઉપર નવીન જીવનપ્રવાહની ચેતનભરી અસર જણાય છે.

કદિ ઠંડીથી દૂર નાસતા ભરાતા નહિ. તે ખમવાની ટેવ પાડો; બહાર જઇને હરોફરો, કસરત કરો; રાત ને દિવસ પુષ્કળ પ્રમાણમાં તાજી ઠંડી હવા લેવાય તેટલી લો.

સુતી વેળા પણ સુકી ઠંડી હવા મળી શકે તેવી ગોઠવણ કરો. બારીબારણાં બધાં ખુલ્લાં રાખો અને રાતે તમારા

શ્વાસમાં એ તાજગીભરી શિયાળુ હવાને જવા દો.

શરદી થવાની ખોટી બીક ન રાખો. બહુ ટાઢ વાતી હોય તો એકાદ ધાબળો વધારે ઓઢો, માથું-કાન બાંધીને સુઓ, પણ બારીબારણાં તો હરગીઝ બંધ ન કરો; તમારા શ્વાસમાં અંધિયાર ઓરડાની એ હુંફાળી લાગતી ઝેરી હવાને હરગીઝ ન જવા દો. ઠંડી, તાજી, ચેતન આપનારી હવા ઘરમાં આખી રાત વહેવા દો.

કુદરતનું તે અચુક બલદાતા તત્ત્વ છે. તેનો પ્રત્યેક ઘુંટ નરી તંદુરસ્તીનો ઘુંટ છે.

ઠંડી હવાદ્વારા ઉછળતું આરોગ્ય મેળવવાની આ રીતથી બીજી કોઇ ચડિયાતી રીત નથી. એ રીત પગમાં જુવાનીનું જોર અને ગાલ પર બાળકની લાલી લાવે છે.

જ્ઞાનલીલા

નવું વરસ શરૂ થતું હોવાથી ઘણા ગ્રાહકો અને વાંચનારાઓ નવા પણ હશે; એટલે સૌની જાણ માટે આ વિભાગના નિયમો ફરીથી એકવાર સ્પષ્ટ રીતે જણાવી દેવાની જરૂર છે. એ નહિ પળાયા હોય એમના ઉત્તરો લેખવવામાં નહિ આવે. (૧) અંક બહાર પડ્યાની તારીખથી પંદર દિવસની અંદર બધા જવાબો 'કુમાર કાર્યાલય'માં પહોંચવા જોઇએ. (દેશાવરના ગ્રાહકો આ નિયમના અપવાદ રૂપ ગણાશે.) (૨) બધા પુરા ઉત્તરો નહિ મોકલાયા હોય તેના ઉત્તરો તપાસવામાં નહ આવે. (૩) બધા ઉત્તરો ફુલ્સકેપ આડા પા કાગળમાં, હાંસિયો પાડીને, શાહીથી, ક્રમસર લખવા. (૪) ઉત્તર સિવાય તેને સમજાવવા માટે નકામું કશું પિષ્ટપેષણ ન લખવું. (૫) જવાબના કાગળને ઉપલે જમણે ખુણે પોતાનું પુરૂં નામ તથા સરનામું લખવાં. (૬) જવાબ બંધ કવરમાં જ મોકલવા; અને એ કવરને ઉપલે ડાબે ખુણે 'જ્ઞાનલીલાના ઉત્તરો' એમ લખવું. (૭) ઇનામ ગ્રાહકને જ મળશે; માટે ઉત્તર સાથે પોતાનો ગ્રાહકનંબર અચુક લખી મોકલવો. ઉપલા નિયમોમાંથી એકાદનો પણ ભંગ થયો હશે તો જવાબો તપાસવામાં નહિ આવે.

નવા ઉત્તર શોધી મોકલનારાઓને પણ યોગ્યતા પ્રમાણે ઇનામ અપાય છે. પરંતુ ઘણાખરા તો બીજે પ્રગટ થઈ ગએલા અથવા જુના ચવાઈ ગએલા સવાલો ફરીફરી મોકલે છે, એ નકામું છે. (૧) પોતાના જ ઉપજાવી કાઢેલા, અથવા કદિ પ્રગટ ન થએલા એવા સંપાદિત કરેલા, તદ્દન નવા, બુદ્ધિચાતુર્યયુક્ત સવાલો મોકલનારને યોગ્યતા મુજબ ઈનામ મોકલાશે. (૨) નવા સવાલોની જોડે જ તેના ઉત્તરો પણ લખી મોકલવા: બંને ચોકખા અક્ષરે લખેલા હોવા જોઇએ.

કારતક તથા માગશર બંને માસની જ્ઞાનલીલાના ઉત્તરોનાં પરિણામ આ નીચે આપી દીધાં છે. ઇનામો જીતનારે પોતાના ગ્રાહકનંબર સાથે અરધા આનાની ટીકીટ મોકલી મંગાવી લેવાં.

કારતકની જ્ઞાનલીલાના જવાબ:

શબ્દગોઠવણ

		ક		
	ધ	ન્યા	શ્રી	
બા	લ	કુ	મા	ર
	ધી	મા	ન	
		રી		

શબ્દચોરસ

જા	પા	ન	હોં	ય	કિ
પા	ર	સી	ય	મુ	ના
ન	સી	બ	કિ	ના	રો

સગપણ : (૧) કાકીજી અને ભત્રીજાજમાઇ, અથવા સાસુ-જમાઇ; ફુઆજી—ભત્રીજાવહુ (૨) મામા-ભત્રીજા; કાકા-ભાણેજ. **શબ્દફેરવણી :** શરદ, શરત, હેરત, હેમંત. **ઓળખી કાઢો :** (૧) ઉગતી પ્રજા (૨) સુડી-સુડો; કોયલ-કોયલો. (૩) રવિશંકર. **ગણિતગમ્મત :** (૧) ચાર તોલાં-૧, ૩, ૯, ૨૭ શેરી. (૨) મુળ ૩૬ માણસ. **શોધી કાઢો :** (૧) વિચારીને વાર ઉચાર વાણી; (૨) વિનાશકાળે વિપરીત બુદ્ધિ. બધા સવાલોના ખરા જવાબ આપનાર ભાવનગરના નીચેના બે જણ છે: (૧) શામજી લવજી આલગિયા, (૨) ઉત્તમલાલ હેમચંદ મહેતા.

કુમારમાં આવેલાં શ્રેષ્ઠ ચિત્રો, કાવ્યો, વાર્તાઓ તથા લેખોની પસંદગી કરનાર જે સાત જણનાં નામ કારતકના અંકમાં આપેલાં તેમાંની નીચેના ત્રણ જણને સરખા મત મળે છે તેથી ત્રણેએ ઇનામ મંગાવી લેવાં: (૧) શામજી લવજી આલગિયા-ભાવનગર (૨) બચુ તથા બાબુ-વાંકાનેર. (૩) છોટાલાલ નરસિંહભાઈ પટેલ-અંબેટા.

માગશરની જ્ઞાનલીલાના જવાબ: **ગણિતગમ્મત :** (૧) નારંગીના અઢી આના; મોસંબીના સાડા ત્રણ આના. (૨) ૨; (૩) મોટરનો નંબર ૯૮૧૯. **શોધી કાઢો** (૧) બારણું; (૨) આજની ટપાલમાં મારૂં કુમાર આવ્યું કે?

શબ્દગોઠવણ

		બા		
	હ	દ	ય	
ધ	વ	લ	ગિ	રિ
	પ્ર	વી	ણ	
		ર		

(૩) વા ઘાટે છાતી ફાટે, થાય સ્મશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ રૂએ, પણ પાછું જુએ ન મરણિયા.

(૪) કહેવતો-(૧) લાલા લાખ, તો કહે લેને સવા લાખ; (૨) શેઠ કેમ તણાયા, તો કે લાભેલોભે; (૩) મળ્યા તો મીર, નહિતો ફકીર; (૪) લાગ્યું તો બાણ, નહિતો થોથું; (૫) ડુંગર દૂરથી રળીઆમણા. (૫) નવો (ગંજીપાનો). **શબ્દ-સાંકળી :** મંજન, જનક, નક્કર, કરવત, વતન, તનય, નયન.

ઉપલા બધા સવાલના ખરા ઉત્તર નીચેનાઓએ મોકલ્યા છે; તેમણે પોતપોતાના ગ્રાહકનંબર સાથે અરધા આનાની ટિકિટ મોકલી ઈનામ મંગાવી લેવાં : (૧) શામજી લવજી આલગિયા–ભાવનગર; (૨) અતિલક્ષ્મી લાયબ્રેરી–અમદાવાદ; (૩) નંદલાલ શિવશંકર ત્રિવેદી–અમદાવાદ; (૪) માણેકલાલ પ્રેમચંદ મોદી–વાંકાનેર; (૫) છગનલાલ ભગુભાઈ સોલંકી વાંકાનેર; (૬) ચાંપસિંહ વિજપાર–ઘાટકોપર.

નવા સવાલ

શબ્દસ્વસ્તિક : બાજુએ બતાવેલા આકારમાં, લખેલા ક્રમ પ્રમાણે, નીચેના અર્થવાળા અક્ષરો ગોઠવતા જવાથી શબ્દોનો એક સાથિયો રચાશે. વળી, નીચેના અર્થો પ્રમાણે જો ખરા શબ્દો ગોઠવાયા હશે તો, કાળા આંકડાઓ છે તે જગ્યાએ, ઉભી લીટીને ઉપરથી નીચે વાંચતાં એક જગવિખ્યાત પુરુષનું નામ અને આડી લીટીને જમણી બાજુથી ડાબી બાજુ વાંચતાં એક વિદ્વાન ઇતિહાસવેત્તાનું નામ રચાઇ રહેશે. જુઓ, આ પ્રમાણે ગોઠવતા આવો :

			૧	**૨**	૩		
			૪	**૫**	૬		
૯	૧૦		૭	**૮**			
૧૧	૧૨	૧૩	૧૪	**૧૫**	૧૬	૧૭	૧૮
૧૯	**૨૦**	**૨૧**	**૨૨**	**૨૩**	**૨૪**	**૨૫**	**૨૬**
			૨૯	**૩૦**		૨૭	૨૮
		૩૧	૨૨	**૩૩**			
		૩૪	૩૫	**૩૬**			

૧, ૨, ૩=તીવ્રેચ્છા; ૪, ૫, ૬=કાબેલ; ૭, ૮=પુરાણોમાં આવતો એક પર્વત; ૧૪, ૧૫, ૧૬=તંબુનો એક ભાગ; ૨૧, ૨૩=એક વાહન; ૨૯, ૩૦=ખરાબ; ૩૧, ૩૨, ૩૩=હેકામાં ઉપયોગી વસ્તુ; ૩૪, ૩૫, ૩૬=કચેરીનો કાગળ; ૯, ૧૧, ૧૯=સરોવર; ૧૦, ૧૨, ૨૦=દંડ, ૧૩, ૨૧=પૈસો; ૧૪, ૨૨=સત્વ; ૨૪, ૨=એક જનાવરનું નામ; ૧૭, ૨૫, ૨૭=હિન્દુસ્તાનનું એક શહેર; ૧૮, ૨૬, ૨૮=પ્રત્યક્ષ.

શબ્દસાંકળી : નીચેના અર્થવાળા શબ્દો ગોઠવતા જશો તેમ છેલ્લા બે અક્ષરોમાંથી પછીનો અક્ષર બનતો જઇ સાત શબ્દોની એક સાંકળી બનશે : (૧) કાલાવાલા (૨) પડદો (૩) બહાર જતી વસ્તુ (૪) ખેપીઓ (૫) એનું એ (૬) ફકીર (૮) સગપણ.

ગણિતગમ્મત : (૧) એવી રકમ શોધી કાઢો કે જેને ૧ થી ૧૦ સુધીના કોઈ પણ આંકડાથી ભાગતાં, ભાગેલ આંકડા કરતાં એક ઓછી શેષ વધે. જેમકે ૯ વડે ભાગતાં ૮ શેષ વધે; ૮ વડે ભાગતાં ૭ શેષ વધે. - - - એવી રીતે. (૨) એક રંગારાને એક ઓરડાની દીવાલો રંગતાં ત્રણ દિવસ લાગ્યા, તો તેનાથી બમણો લાંબો, બમણો પહોળો ને બમણો ઉંચો ઓરડો રંગતાં કેટલા દિવસ લાગે ? (૩) એક પથ્થરના ચાર કટકા કરવા સારૂ ત્રણ માણસોને રોકવામાં આવ્યા છે. પહેલો એક કટકો કાપે છે, બીજો પણ એક કટકો કાપે છે, પરંતુ ત્રીજો બે કટકા કાપે છે. ચાર કટકા કરવાની મજુરી એક રૂપિયો છે; તો દરેકને તેણે કરેલા કામના બદલામાં શું મળવું જોઇએ ? અને શા માટે ? (જ. ત્રિ. શાહ)

શોધી કાઢો : (૧) અમુક કારણને લીધે એક બારીનું કદ બમણું કરવાની જરૂર પડી, અને તે એ બારીની લંબાઇ પહોળાઇ વધાર્યા વગર બની શક્યું. તો તે કેવી રીતે ? (ગોવિંદલાલ શાહ) (૨) એક દેશનેતાનું નામ દસ અક્ષરનું છે. તેમાં ત્રણ શબ્દો પાસયુક્ત છે. આજ દિવસ સુધી સરકારના કૃપાકટાક્ષ એ નેતા ઉપર ઉતર્યા નથી. એનો સાતમો અને ચોથો અક્ષર મળીને એક સગો એવો અર્થ થાય છે. કોણ હશે એ? (હરિભાઇ)

(૩) ગુજરાતના એક વીર કવિનું ચૌદ અક્ષરનું એક પ્રેરક વાક્ય છે. તેમાંથી નીચેના અક્ષરો મળીને બતાવ્યા પ્રમાણે અર્થ નીકળે છે; તો તે કયું હશે ? ૧, ૫=મિત્રાચારી; ૬, ૧૧=પ્રેમ; ૧૨, ૧૧=તિરસ્કાર; ૮, ૪=શરીરનો એક ભાગ; ૨, ૫=એક રાગનું નામ; ૧૪, ૭=અદૃશ્ય; ૩, ૧=મહેર; ૧૩, ૪, ૫=મુશ્કેલ. (૪) ' કુમાર ' માં હું વારંવાર આવું છું અને તમારે ઘેર પણ હોઉં છું. મારૂં પેટ જો જુદું કરો તો હું એકદમ નાનું બની જાઉં, અને માથું વાઢો તો મુકામ બની જાઉં; તો હું કોણ ? (પરમાનંદ)

નવી ઈનામી હરીફાઈ

ઉત્તમ નિબંધ લખવા માટે રૂ. દસનું ઇનામ.

' તમે કયો ધંધો પસંદ કરો છો ? અને તે શા માટે ? '

એ વિષય ઉપર, નીચેની શરતો પાળીને, સૌથી શ્રેષ્ઠ નિબંધ લખી મોકલનારને ઇનામ આપવા માટે એક ગૃહસ્થ તરફથી અમને રૂા. દસ મળ્યા છે. આ રહી શરતો : (૧) નિબંધ લખનાર ' કુમાર 'નો ગ્રાહક હોવો જોઇએ. (૨) તે વિદ્યાર્થી હોવો જોઇએ; અને તેની ખાતરી આપનારૂં પોતાની શાળાના શિક્ષકનું પ્રમાણપત્ર નિબંધ સાથે જ મોકલવું જોઇએ. (૩) નિબંધ ' કુમાર 'નાં બે પાનાં (એટલે ચાર કૉલમ) કરતાં વધારે લાંબો ન હોવો જોઇએ. (૪) કાગળની એક બાજુ, શાહીથી, ચોખ્ખા અક્ષરે લખેલો, પોતાનાં નામ, સરનામા, ગ્રાહક નંબર, ઉમર, અભ્યાસ તથા શિક્ષકના પ્રમાણપત્ર સાથે નિબંધ ફાગણ સુદ પુનમ પહેલાં, તંત્રી ' કુમાર ', ૨૭૦૭ રાયપુર અમદાવાદ, એ સરનામે પહોંચી જવો જોઇએ. પરિણામ ચૈત્રના અંકમાં બહાર પડશે તથા પાસ થએલો નિબંધ ' કુમાર 'માં છાપવામાં આવશે.

ભાદુત–પણ તમે કહેતા હતા ને, કે તમારા ઘરની બારીએથી માઇલો સુધી સૃષ્ટિસૌન્દર્ય દેખાય છે ?

ઘરધણી–હાસ્તો, બારીમાંથી તમારૂં ડોકું કાઢીને જરા ઉંચે જુઓ !



ઉ ગ તી પ્ર જા

જીવનમાં સહરાનાં રણુ આવે તે પણ પ્રગટ કરતાં શીખવું એ આવશ્યક છે. સુંદર કાવ્યોની સાથે કર્કશ વિષયોને પણ--પહાડોને પણ ઓળંગતાં શીખવું એ બાબત ઉપર હું યુવકોનું ધ્યાન ખેંચું છું. નવો યુગ એ ફુલના બીછાના જેવો નહિ રહે. તેમાં કંટક ઉપર ચાલવાની શક્તિ પણ જોઇશે. માટે કેવળ ભાવનાયુક્ત સાહિત્યના લેખો ઉપર જ ન રહેતાં શાસ્ત્રના વિષયોને પણ પોતાના કરવા મથજો. કેવળ હૃદયની ભાવનાને સ્પર્શે એ જ સાહિત્ય નથી; પણ સૌન્દર્ય, સત્ય ને નીતિના અચળ નિયમો એક્તાર થાય ત્યારે જ ઉંચું સાહિત્ય કહેવાય. સાહિત્ય એ જીવનને ઉન્નત બનાવનાર શક્તિ છે એમ જો તમે માનશો તો જ તમે સાહિત્યની તેમજ તમારી ઉન્નતિ સાધી શકશો. ---આનંદશંકર બાપુભાઇ ધ્રુવ

સાહિત્ય ઉત્તેજક સમાજ

ઉગતી પ્રજાનો ઉત્સાહ શું કરી શકે તેનું સરસ ઉદ્દાહરણ અમદાવાદની ઉપલી સંસ્થા છે. માત્ર થોડા વિદ્યાર્થીઓના ઉત્સાહના બળે ઉભી થએલી આ સંસ્થા આજે પાંચ વર્ષના ગાળા પછી કેટલું સંગીન કાર્ય કરી રહી છે તેની વિગતવાર માહીતી તો આપણને, એના હમણાં જ ઉજવાએલા વાર્ષિક ઉત્સવ પ્રસંગે બહાર પડેલા વાર્ષિક 'વીણા' માં અપાએલા અહેવાલ પરથી જણાય. એમની ખાસ તરી આવતી પ્રવૃત્તિઓ ગણાવતાં અહીં એટલું કહી શકાય કે મુખ્યત્વે કરીને વિદ્યાર્થીઓની સાહિત્યની અભિરુચિને પોષવા તથા વિકસાવવાના જે પ્રશંસાપાત્ર પ્રયત્નો તેમણે કર્યાં છે તેમાં તેમણે સ્થાપેલી અને કાળજીથી પોષી જીવતી રાખેલી સરસ લાયબ્રેરી, 'હૃદયવીણા' નામનું હસ્તલિખિત માસિક, વકતૃત્વકળા તથા લેખનકળાની થતી હરીફાઇઓ વગેરે મુખ્ય છે. વાચકોને યાદ્દ હોય તો ગયા ચૈત્રના અંકમાં કરાવેલી 'હસ્તલિખિત માસિકો'ની પીછાન વખતે 'હૃદયવીણા'ના પુંઠાનું ચિત્ર તથા પરિચય અમે આપેલાં. 'પાઈપાઇ અને પૈસોપૈસો કરીને' જેમ તેમણે પોતાની સંસ્થાને વિકસાવી છે તેવી જ રીતે તેઓ પોતાના એ હસ્તલિખિતને વિકસાવીને છાપેલા વાર્ષિક 'વીણા' ના રૂપમાં લાવ્યા છે. ત્રિરંગી ચિત્ર અને લેખોની વિવિધતાથી એ અંકને સુંદર બનાવવાના તેઓના પ્રયત્નો સદ્ભાગ્યે તેમાં ઠીક સંગીનતા પણ આણી શક્યા છે. સાહિત્યરસિકોને તે મેળવીને વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.

પ્રત્યેક પહેલી જાન્યુઆરીએ પોતાનો વાર્ષિક ઉત્સવ ઉજવતી વખતે આ સંસ્થા એક સુંદર સ્નેહસંમેલન કરીને કોઈ ને કોઇ વિદ્વાન પ્રમુખને, તેના વિચારોના લાભ સંસ્થાને તથા મહેમાનોને આપવા નોતરે છે. એ પ્રમાણેના એમના છેલ્લા સ્નેહસંમેલનના પ્રમુખ આચાર્ય શ્રી આનંદશંકરભાઇના એ વખતના વ્યાખ્યાનમાંથી એક સુંદર અવતરણ અમે આ લેખને મથાળે આપ્યું છે.

કુમાર કેમેરા કલબ

'કુમાર' નામ પર પ્રેમ ધરાવતા અને 'કુમાર કાર્યાલય'ના સંબંધવાળા કેટલાક જુવાનોએ આ કલબ જમાવી છે. તેના વહીવટ કે નણાંમકરણમાં 'કુમાર' કે કાર્યાલયને કશો જ અધિકાર નથી; પણ 'કુમાર' નામધારી આ ઉગતી પ્રજાની સંસ્થા હોવાથી તેને કુમાર કાર્યાલયમાં મળવાની છુટ તથા ડાર્કરૂમ વગેરે સાધનોની વપરાશથી આશ્રય આપ્યો છે.

ફોટોગ્રાફીની વિદ્યા હાલ જે વિવિધ દિશામાં વિકસી રહી છે તે સર્વનો અભ્યાસ વધારવો, અભ્યાસકોમાં પરસ્પર સહાય, સહકાર અને સાધનોની આપલે કરવી તથા ફોટોગ્રાફીનાં જ સારાં પ્રદર્શનો ભરવાં ને તેનું સાહિત્ય ગુજરાતી ભાષામાં વધારવું એવા આ કલબના આશયો છે.

તેમાં આજીવન સભાસદ થવા માટેની ફી માત્ર રૂા. ૨૫ છે. વાર્ષિક સભાસદ થનારે વાર્ષિક ફી રૂ. ૩ અને પ્રવેશ ફીના રૂ. બે (એક જ વાર) આપવાના છે. કલબ તરફથી ડાર્કરૂમ તથા ફોટોગ્રાફીનાં વાસણો મળે છે. દવા, પ્લેટો, ફિલ્મો વગેરે દરેક સભ્યે પોતાને ખર્ચે વાપરવાનાં છે. કલબ તરફથી સભ્યની ફિલ્મો ધોવાની કે છાપવાની ગોઠવણો પણ છે અને તે દરેક બદલ જુજ દર ઠરાવવામાં આવ્યા છે. વધુ વિગત માટે કલબના મંત્રીઓને કુમાર કાર્યાલયમાં પુછાવવું.

ચેતવણી

વાંચનારાઓ, ગ્રાહકો અને જાહેરખબર આપનારાઓને આથી ચેતવણી આપીએ છીએ કે રાંદેરના પારેખ ફળિયાના રા. નંદલાલ પુરુષોત્તમ ભટ્ટ છએક માસથી એમ. પી. ભટ્ટની કંપનીને નામે અમારા એજંટ અને કૅનવાસર તરીકે કામ કરતા હતા. તેમણે આજ દિવસ સુધી હિસાબને માટે અખાડા કર્યાં કરીને હજી સુધી અમારો હિસાબ ચોખ્ખો કરેલો ન હોવાથી, નછુટકે અમારે તા. ૧લી જાન્યુઆરીથી તેમને અમારા એજંટ તરીકે બંધ કરવા પડ્યા છે. માટે હવેથી કોઇપણ ગ્રાહક અથવા જાહેરખબર આપનાર તેમની મારફત નાણાં ભરશે, યા અમારે નામે અથવા અમારી પહોંચબુકથી લલચાઇને કશો પણ વહેવાર કરશે તેને માટે અમે કોઈ પણ રીતે જોખમદાર નથી. અત્યાર સુધીમાં એમની મારફત જેમનો ગ્રાહક અથવા જાહેરખબર આપનાર તરીકે અમારી સાથે વહેવાર બંધાયો હોય તે સૌએ હવેથી અમારી જોડે સીધો વહેવાર રાખવા વિનંતિ છે.

તા. ૪ જાન્યુ. ૧૯૨૬ વ્યવસ્થાપક 'કુમાર'

બાળ વિભાગ



કલમ અને ગુંદરિયું

કુદકુદ કરતી કલમબાઈ કહે
ઉભી પુંછડીએ જાય ભાગી,
‘ ઉઠ ગુંદરિયા ! ચોંટ્યો તું કાં ?
ઑફિસ માંહે લાહ્ય લાગી !
તરત ઉપડ ને જલદી ઉખડ, જો !
પાછળ કાળી ઝાળ બળે;
અતિ ચીકણા ! ન્હાસ બાપ, ઓ !
ચોંટ્યું રહેવું ક્યમ પરવડે ?



પુષ્પાંજલિ

૨ સૂર્યમુખી

ઘણા જુના વખતમાં એક જંગલમાં એક સુંદર તળાવ હતું. તેમાં કેટલીક બહુ જ ખુબસુરત પરીઓ રહેતી હતી. હમેશાં રાત્રે તળાવની બહાર નીકળી તે આખી રાત ચન્દ્ર સાથે ખુબ રમતી ને મજાહ કરતી. પણ સૂર્યોદય થતાં પહેલાં પાછી તળાવમાં જતી રહેતી.

એક દિવસ તે ખુબ રમી; અને રમવામાં એટલી બધી મશગુલ થઇ ગઇ કે સૂર્યોદય થવાની તૈયારી થતી હતી તોપણ કોઇને ભાન ન રહ્યું. તેઓને પોતાની આંખ ઉપર એક નવી જ જાતનો પ્રકાશ પડતો જણાયો અને ચન્દ્રનું તેજ ઝાંખું થઇ ગએલું લાગ્યું. બધાંને આથી બહુ જ નવાઈ લાગી. એટલામાં તેમની મુખ્ય પરીએ પૂર્વ તરફ આકાશમાં જોયું તો ત્યાં ખુબ પ્રકાશ હતો. તેણે જોરથી બુમ પાડીને બધી પરીઓને તળાવમાં જતાં રહેવાનું કહ્યું. સૌ દોડીને તળાવમાં જતાં રહ્યાં. પણ એક બાપડી માયા નામની પરી હતી તેને દોડવા જતાં કાંટો વાગ્યો, એટલે એને થોડીવાર ઉભાં રહેવું પડયુ.

માયા બધી પરીઓમાં સૌથી સારી અને સુંદર હતી. તે દિવસે તેણે પીળું લુગડું અને કાળું બદન પહેર્યું હતું. કાંટો કહાડી રહ્યા પછી એણે આકાશમાં પૂર્વ તરફ જોયું તો ત્યાં સાત ધોળા સુંદર ને ખુબ શણગારેલા ઘોડા જણાયા. માયાને આ બધું શું છે તે જોવાનું મન તો ઘણું થયું, પણ મુખ્ય પરીના ધાકથી બાપડી આંખ મીંચીને દોડી. પરંતુ એને જોવાનું એટલું બધું મન હતું કે તેણે ફરીથી તળાવમાં પેસતાં પહેલાં તે દિશા તરફ જોયું. હવે તો તેણે પેલા સાત ઘોડાથી જોડાએલો સોનાનો રથ જોયો. તેમાં બે જણ હતા. એક હાંકનારો ને એક બીજો અંદર બેઠેલો. અંદર બેઠેલો ઘણો જ ખુબસુરત હતો. તેની આંખો ખુબ ચળકતી હતી અને એની તેજસ્વી આંખનો પ્રકાશ આસપાસ પડતો હતો. તે પશ્ચિમ તરફ એકી-ટશે જોઈ રહ્યો હતો. માયાને તો એની સામું જોવાથી આંખમાં પાણી આવી ગયાં.

તેને આ રાજા જેવો પુરુષ બહુ જ ગમી ગયો. તે તો બીજી પરીઓને તથા પોતાને વિષે બધું જ ભુલી ગઇ. તેને ખબર હતી કે પોતે બહુ જ સુંદર ગણાય છે, એટલે એને પહેલાં લાગ્યું કે પેલો એની સામું જોશે એટલે તરત એની પાસે આવશે. પણ પેલાએ તો આંખો ફેરવી પણ નહિ ને રથ તો પશ્ચિમ તરફ ચાલ્યો. એટલે માયાએ પણ એની પાછળ ચાલવા માંડયું. માયા છેક સાંજ લગી રથ પાછળ ચાલી, પણ એની સામું પેલાએ તો જોયું જ નહિ. એટલામાં પશ્ચિમ તરફ એક દરવાજો ઉઘડયો અને રથ અંદર ચાલ્યો ગયો. બાપડી માયા તો બહુ જ ગભરાઈ ગઇ; પણ પછી એને થયું કે મારે જે કરવાનું હશે તે હું થોડીવાર થાક ખાઇને કરીશ. એવો વિચાર કરીને તે એક પથ્થર પર સુતી ને થોડીવારમાં ઉંઘી ગઈ.

સવારમાં ઉઠીને માયાએ આકાશ તરફ જોયું તો પાછો પેલો જ રથ આકાશમાં ફરતો હતો. આથી એ

ખુબ જ ખુશી થઇ. પણ હવે રથની પાછળ ચાલવાને બદલે જ્યાં બેઠી હતી ત્યાં જ રહીને તે તરફ જોતી રહી. સાંજ પડી કે રથ દરવાજાની અંદર જતો રહ્યો. હવે તો માયાને ખાતરી હતી કે બીજે દિવસે પણ રથ પાછો દેખાશે, એટલે પાછી તે પથ્થર ઉપર ઉંઘી ગઇ. એવી રીતે ખાધાપીધા વગર તેણે લગભગ મહીનો કાઢ્યો. દિવસે પેલા સામું જોયા કરે ને રાત્રે ઉંઘે. આખરે એક દિવસે બાપડી માયા મરી ગઇ.

પણ થોડા વખત પછી તે જ્યાં બેસતી તે જગ્યાએ એક સુંદર છોડ ઉગ્યો. તેના ઉપર એક મોટું પીળું ફુલ ઉગ્યું. તે હંમેશ તેનું મોં રથમાં બેઠેલા સૂર્ય તરફ જ રાખતું અને તેથી તેનું નામ સૂર્યમુખી પડ્યું. ('મુકુલ'માંથી) : આવતે મહીને 'બકુલ'ની વાત :

વાદળાં

'બા, બા, આ વરસાદ નળના ધોધવા પેઠે કેમ પડતો નથી, પણ ધારમાં પડે છે?'

'મને ખબર નથી, બેટા. તારા બાપા આવે ત્યારે પુછી જોજે.'

'ના ના, ઉભી રહે. હું જ શોધી કાઢીને તને કહું.' (થોડીવાર વિચાર કરીને)

'બા, સમજ્યો; બા, સમજ્યો.' 'શું?'

'જો, આ કાળાં કાળાં વાદળાં છે ને, એ લોખંડની ચાળણીઓ છે. એને ભગવાન હલાવે છે, એટલે એનાં ઝીણાં ઝીણાં કાણાંઓમાંથી ઝીણી ઝીણી ધારો પડે છે. ધોધવો શી રીતે પડે? એ ચાળણીમાં મોટા મોટા પથરા ગબડે છે એટલે ગડૂડૂડૂડૂ ગડૂડૂડૂડૂ અવાજ થાય છે.'

'હું તારા બાપાને પુછી જોઇશ, કે તું કહે છે તે ખરૂં છે?'

'લે, એમાં બાપાને શું પુછવું છે? હું તને બીજી ખાતરી આપું, પછી કાંઇ? પાણીમાં આખો દહાડો લોખંડની ચાળણી રહે તો કટાઇ જાય કે નહિ?'

'હા, કટાઇ તો જાય.'

'તો જો સાંજે આ વાદળાં પણ લાલ નથી થઇ જતાં? દિવસનાં વાદળાં સાંજે કટાઇ જાય છે, અને રાતનાં વાદળાં સવારમાં કટાઇ જાય છે. બોલ, ત્યારે એ લોખંડની ચાળણીઓ જ છે ને?'

[મધપુડામાંથી] 'બાલબન્ધુ'

જરૂર વાંચો

એવા મથાળા નીચે આવી શકે એવાં પુસ્તકોની યાદી કરવાનું અમને કોઇ કહે તો તેમાં, હમણાં તાજું જ પ્રગટ થએલું 'દેશબંધુ' નામનું પુસ્તક અમે અચુક મુકીએ. જેની ગર્જનાના પડઘા હજી દિશાઓ ઘુમીને પુરા પાછા વળ્યા નથી એ બંગાળાના પુરુષસિંહ અને હિન્દની જનતાના દેશબન્ધુ ચિત્તરંજન દાસનું બની શક્યું તેટલું પુરૂં જીવનચરિત્ર જીવતી ભાષામાં આપવાનો અતિ આતુર પ્રયત્ન આ પુસ્તકમાં છે. દેશની નવપ્રજાને પ્રેરક અને પ્રોત્સાહક બની રહે એવું આ પુસ્તક પ્રત્યેક કુમાર કુમારી જરૂર વાંચે. લેખક જયન્તકુમાર મણિશંકર ભટ્ટ; પ્રકાશક સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુર.

સ્વીકાર

ફિઝિકલ કલ્ચર : પ્રોફેસર કે. રામમૂર્તિએ હિન્દી વિદ્યાપીઠો માટે શારીરવિકાસ સંબંધે તૈયાર કરેલી એક યોજના (અંગ્રેજીમાં) જિજ્ઞાસુઓ પોસ્ટેજ મોકલીને અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠના અ. હરિનારાયણ આચાર્ય પાસેથી મેળવી શકશે.

ગુજરાતના ઇતિહાસની સચિત્ર સહેલી વાર્તાઓ : લેખક ભાઇચંદ પુંજા શાહ; પ્રકાશક, માણેકલાલ ભાઇચંદ શાહ, દિલ્હી ચકલા અમદાવાદ; ૦-૧૨-૦

કુમારિકા ધર્મ (બીજી આવૃત્તિ): લેખક-પ્રકાશક, માવજી દામજી શાહ, મુંબાઈ; ૦-૪-૦.

અપવિત્ર વસ્ત્ર વિ૦ પવિત્ર ખાદી (ચિત્રમાલા) યોજક, મુનિશ્રી છોટાલાલજી; પ્રકાશક, જૈન સંઘ અમલનેર.

દોહદ ભીલ સેવામંડળનો સં. ૧૯૮૧ નો અહેવાલ.

અમદાવાદ મજુર મહાજનનો ઇ. સ. ૧૯૨૪ નો અહેવાલ.

આટલું કરતાં પહેલાં—

૧ કોઇની પથારી ઉપર પગ મુકતાં પહેલાં—

૨ લાકડાની ભોંય ઉપર ધબ ધબ કરતો ચાલું છું કે દોડું છું એ પહેલાં—

૩ ચાલતાં ચાલતાં જ, જરા યે બાજુ પર ગયા વિના, થુંકતાં કે બડખો કાઢતાં પહેલાં—

૪ મકાનની સામેના રસ્તા ઉપર જ લઘુશંકા કરવા બેસી જાઉં છું તે પહેલાં—

૫ હાલતાં ચાલતાં ગમે તેના ખભા ઉપર હાથ ટેકવું છું અથવા શરીર પર ઢળી પડું છું તે પહેલાં—

૬ પરસેવાથી ભીના થએલા કોઇના શરીરને શરીર લગાડીને બેસતાં પહેલાં—

૭ સામા માણસનો શ્વાસ મારા નાકમાં જાય અને મારા મોંની દુર્ગંધ સામા માણસને ખાવી પડે એટલું બધું નજીક, એના હાથમાંની વસ્તુ જોવા મારૂં માથું ઘાલું છું તે પહેલાં—

હું સહેજ વિચાર કરતો હોઉં તો?



માધુકરી

પ્રભુ જીવન દે, હજી જીવન દે.
બીજું ના કંઇ તો બસ આટલું દે,
જગપાપશું હું લડવાનું જ દે,
લડી પાર અને પડવાનું જ દે;
હસી મૃત્યુમુખે ધસવાનું જ દે,
ધસી મૃત્યુમુખે હસવાનું જ દે;
જીવવા નહિ તો મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે;
પ્રભુ જીવન દે, નવજીવન દે. —શેષ (પ્રસ્થાન)

ઇટાલીનો વીર

ત્રેવીસ વરસ પહેલાં એક જુવાન ઇટાલિયન કડિયો કામને અભાવે સ્વિટ્ઝર્લૅંડમાં રખડતો હતો. એના ખીસામાં રાતી પાઇ પણ ન હતી. કાંઇપણ મહેનત-મજુરીનું કામ એ શોધી રહ્યો હતો, પણ તે મળતું નહોતું.

લોસેન શહેરની શેરીઓમાં એ ફરતો હતો. ફરતાંફરતાં એણે એક ઘરનું બારણું ઉઘાડું જોયું. પાસે એક છાપખાનું હતું તેનો જ એ ઓરડો હતો. એ બારણામાં પેઠો; ત્યાં કોઇ નહોતું. એક બાંકડા પર એ પડયો, ને—ને બે મિનિટ પછી ઘસઘસાટ એ ઉંઘતો હતો!

જુવાનીના જોશની ભરનિંદમાં એ પોતાનાં સૌ દુઃખ-દરદો વીસર્યો—બધી ચિંતાઓ ભુલ્યો. સહવાર પડી, ને પ્રેસના મૅનેજરે એને જોરથી ઢંઢોળીને જગાડયો. પોલિસ આવી તેની સાથે એ લડયો, પકડાયો ને કેદમાં પુરાયો.

એ જુવાન કડિયાનું નામ બેનીટો મુસોલિની. આજે આખી દુનિયામાં મુસોલિનીને ઇટાલીના ઉદ્ધારક મુસોલિનીને નામે એને સૌકોઇ પીછાને છે. ઘણા તો એ લુહારના છોકરાને મહા સેતાન અને જાલિમ માને છે. પણ સાચી વાત તો એ છે કે જે કોઇ એના પરિચયમાં આવે છે તે એનું આશક બને છે. કદિ યે કોઇ જાલિમ એટલો પ્રેમ ન મેળવી શકે.

એણે પોતે એટલાં દુઃખ ખમ્યાં છે કે બધાં દુખિયાંને માટે એનો આત્મા રડે છે. અને ધૈર્ય તો એનું જ. જુદાજુદા દેશોમાં ચલાવેલી ચળવળો અને મળેલી કેદોને પરિણામે એ સદ્ગુણ એણે મેળવ્યો છે. હમણાં જ એક કિસ્સો બનેલો. પેરીસમાં એના એક આગલા સાથીની કફનયાત્રા નીકળી હતી. લગભગ પાંચ લાખ માનવીઓનું સરઘસ ચાલતું હતું. એવામાં દેમાર વરસાદ તુટી પડયો. એક કલાક સુધી એ ધોધમાર જળરાશિમાં પલળતું સરઘસ ઉભું રહ્યું.

દરેક જણ કંટાળો બતાવતું હતું—પણ ન મુસોલિની. છત્રીની પણ એણે ના પાડી, અને અવિચળ એ ઉભો રહ્યો—જાણે શાંતતાની જ મૂર્તિ. અને પાંચ લાખ માનવીઓની મેદની અધીરાઈથી બબડતી હતી.

પણ નવાઇની વાત એ છે કે આ વીર વહેમનું પુતળું છે; માનશો? બચપણમાં ડાકણમાશીને નામે ઓળખાતી એક ડોશી સાથે એને દોસ્તી હતી. અને તેની પાસેથી એ કંઈક મંત્રજંત્ર પણ શીખેલો.

અને આજે યે મુસોલિની ચન્દ્ર માટે કંઇકંઇ વાતો માને છે—માને છે, ને મનાવે છે. ચન્દ્રમાના શાંત પ્રકાશની માનવીઓ અને તેમનાં કાર્યો પર અસર થાય છે, ચન્દ્રના ભર પ્રકાશમાં તમે ઉંઘ્યા કરો તો શું થાય તે યે એ જાણે છે. અને સ્વપ્નો શુકનોના પણ એ અર્થ કરે છે અને રમલના પાસા ફેંકે છે!

આ મરણિયો વીર વારંવાર બોલે છેઃ 'મારા રૂધિરની મને આજ્ઞા છે.' 'મને મારા લોહીનો સાદ સાંભળવા દ્યો.' 'હું તો એક પ્રાણી જેવો છું. શું બનવાનું છે તેનો અગાઉથી મને ભાસ થઇ જાય છે—કોઇ અજબ પ્રેરણા મને વારે છે અને એનો ખેંચાયો હું ખેંચાઉં છું.'

અને, દુનિયાના સમર્થમાં સમર્થ ગણાતા પુરુષોમાં જેનું નામ મોખરે છે તે મુસોલિની હજુ એવો ને એવો જ રાંક છે. હમણાં જ એક વેળા રસ્તે એની મોટર ભાંગી પડેલી. પાસેના ગામડાના લુહારની દુકાને જઈ, એ તાજ વગરનો મહારાજા જાતે ધમણ ચલાવવા બેઠો! અને જરા યે ધાંધલ વિના પોતાની જરૂરિયાત મુજબ ધાતુનો ઘાટ બનાવી દીધો. અને—અને—

'મારી તમામ રાષ્ટ્રીય સાધનાઓ કરતાં યે, એ કામ વડે

મને આજેરો સંતોષ થયો. મારા અંતરમાં મને સુખ થયું !' એણે કહ્યું. ('ગાંડીવ'માંથી)

કાતિલ આંખ

જર્મનીમાં બર્લિનની યૂનિવર્સિટીમાં એક હિન્દી વિદ્યાર્થી અભ્યાસ કરે છે. એક દહાડો તેની રૂમમાં ગુસ્તફ઼ા ગીઝ નામનો એક બાહોશ નામચીન અને ધોળે દહાડે લુટ ચલાવનાર ચોર ગુપચુપ દાખલ થયો. તેણે એક સામાનનું પોટલું બાંધ્યું અને નાસી જવાની તૈયારી કરતો હતો એવામાં તેણે રૂમના બારણા આગળ પેલા હિન્દી વિદ્યાર્થીને અડગપણે અને શાંત ચિત્તે ઉભેલો જોયો. ગીઝે તરત જ પોતાની રિવૉલ્વર કાઢી તેની સામે તાકી. પણ તેથી હિન્દી જવાન કંઈ ડર્યો નહિ, અને કાતિલ આંખે ગીઝ સામું જોઈ જ રહ્યો. આથી ગીઝને ડર લાગ્યો;—એવો કે તેની રિવૉલ્વર હાથમાંથી પડી ગઇ ને તે ધ્રુજવા લાગ્યો. હિન્દી જુવાને તેને એક ખુરશીપર બેસાડી દીધો, ત્યાં તે આંખ આડા હાથ દઇ ઉંદરની માફક બેસી ગયો. પોલીસે આવી તેને પકડ્યો ત્યારે તે બોલ્યો કે મને તે હિન્દી જુવાનની કાતિલ આંખોથી બચાવો; જે વખતે હિન્દી યુવાન તો ક્યારનો યે તે જગ્યાએથી ચાલ્યો ગયો હતો!

કેવળ કહેવાતા શસ્ત્રધારી બહાદુરો પણ આત્મબળ આગળ નમી જાય છે તેની આ ખરા બનેલા કિસ્સાથી ખાતરી થશે?

ભારતવર્ષને આવા બહાદુરો જોઇએ છે. (જૈનપ્રભાવ)

'મૂર્ખાઈ'

હાઇસ્કુલના પહેલા જ વર્ષનો, પરીક્ષા વખતનો એક બનાવ નોંધવાયોગ્ય છે. એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર જાઇલ્સ તપાસવા આવ્યા હતા. પહેલા ધોરણના છોકરાઓને પાંચ શબ્દ લખવ્યા હતા. તેમાં એક શબ્દ 'કેટલ' હતો. તેની જોડણી મ ખોટી લખી. માસ્તરે મને પોતાના બુટની અણી મારી ચેતવ્યો. પણ હું શાનો ચેતું? મને એમ ભાસી ન શક્યું કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાંથી જોડણી સુધારવાનું કહે. માસ્તર તો અમે એકબીજાની ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું. બધા છોકરાઓના પાંચે શબ્દ ખરા પડ્યા ને એકલો હું ઠોઠ ઠર્યો! મારી 'મૂર્ખાઈ' મને માસ્તરે પાછળથી સમજાવી; પણ મારા મન ઉપર તે સમજની કશી અસર ન થઈ. મને બીજા છોકરાઓની પાસેથી ચોરી કરતાં કદી ન આવડ્યું.

આમ છતાં આ માસ્તર તરફ હું મારો વિનય કદિ ન ચુક્યો. વડીલોના દોષ ન જોવાનો ગુણ મારામાં સહેજે હતો. આ માસ્તરના બીજા દોષો પણ મારી જાણમાં પાછળથી આવેલા છતાં તેમના પ્રત્યેનું મારૂં માન તો કાયમ જ રહેલું. વડીલો કહે તે કરવું: કરે તેના કાજી આપણે ન બનવું.

§

મારૂં પોતાનું સ્મરણ એવું છે કે મને મારી હોશિયારીને વિષે કંઇ માન ન હતું. ઇનામ કે શિષ્યવૃત્તિ મળે તો મને આશ્ચર્ય થાય. પણ મારા વર્તન વિષે મને બહુ ચીવટ હતી વર્તનમાં ખોડ આવે તો મને રડવું જ આવે. શિક્ષકને ઠપકો આપવો પડે એવું મારે હાથે કંઈ થાય અથવા શિક્ષકને તેવું ભાસે એ મને અસહ્ય થઇ પડે. એક વખત માર ખાવો પડ્યો હતો એવું મને સ્મરણ છે. મારનું દુઃખ ન હતું, પણ હું દંડને પાત્ર ગણાયો એ મહાદુઃખ હતું. હું ખુબ રડ્યો. આ પ્રસંગ પહેલા કે બીજા ધોરણનો છે. (ગાંધીજી)

ખરાબ અક્ષર

એક ભુલની સજા હું આજ પણ ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી એવો ખોટો ખ્યાલ મારામાં ક્યાંથી આવ્યો એ હું જાણતો નથી, પણ છેક વિલાયત જતાં લગી એ રહ્યો. પછી મુખ્યત્વે કરીને દક્ષિણ આફ્રિકામાં, જ્યાં વકીલોના અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા ને ભણેલા નવયુવકોના અક્ષર મોતીના દાણા જેવા જોયા ત્યારે હું લજવાયો ને પસ્તાયો. મેં જોયું કે નઠારા અક્ષર અધુરી કેળવણીની નીશાની ગણવી જોઇએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કંઇ કાંઠા ચડે? જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજલગી ન જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે ને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવસ્યક અંગ છે. સારા અક્ષર શીખવાને સારૂ લેખનકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે બાળકોને લેખનકળા પ્રથમ શીખવવી જોઇએ. બાળક જેમ પક્ષીઓ, વસ્તુઓ વગેરેને જોઇ યાદ રાખી સહેજે ઓળખે છે તેમજ અક્ષર ઓળખતાં શીખે, ને જ્યારે લેખનકળા શીખી ચિત્રો વગેરે કાઢતાં શીખે ત્યારે અક્ષર કાઢતાં શીખે તો તેના અક્ષર છાપેલા જેવા થાય. (ગાંધીજી)

શ્રેષ્ઠ યજ્ઞ

પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો ત્યારની આ વાત છે.

રાજસૂય યજ્ઞ ચાલતો હતો એટલામાં ત્યાં એક નોળિયો આવ્યો. તેનું અરધું અંગ સોનાનું હતું. આવીને તે આસપાસ આળોટવા લાગ્યો. આળોટી રહ્યા પછી તે બોલ્યો, 'અરેરે! આ યજ્ઞ કરતાં તો પેલા બ્રાહ્મણનો યજ્ઞ મોટો હતો.' બધા રાજાઓ એકદમ આશ્ચર્ય પામી કહેવા લાગ્યા, 'આ યજ્ઞમાં તો લખલુટ ધન ખરચ્યું છે છતાં તું આને સૌથી મોટો યજ્ઞ નથી કહેતો? તું જે બ્રાહ્મણનો યજ્ઞ મોટો કહે છે તે વળી કેવો હતો વળી?'

નોળિયો બોલ્યો, 'એક બ્રાહ્મણ હતો. તેના કુટુંબમાં તેની સ્ત્રી, પુત્ર અને પુત્રવધૂ હતાં. તે બહુ જ ગરીબ હતો. રોજ પેટપુરતું ખાવાનું પણ ન મળતું. આથી તેઓ સાવ દુબળાં થઇ ગયાં હતાં. એક દિવસ સાંજે તેઓ ખાવા બેસતાં હતાં ત્યાં એક અતિથિ આવ્યો. બ્રાહ્મણે અતિથિનો સત્કાર કર્યો અને પોતાનો ભાગ અતિથિને ખાવા આપ્યો. અતિથિની

ક્ષુધા આટલા ખોરાકથી પુરી ન થઇ. તેથી તેની સ્ત્રીએ બ્રાહ્મણને સમજાવી પોતાનો ભાગ આપ્યો. આટલેથી પણ તેને સંતોષ થયો નહિ તેથી પુત્ર અને પુત્રવધૂએ પોતાના ભાગ પણ આપી દીધા. અતિથિની ક્ષુધા શાંત થઈ એટલે તે ઉઠીને ચાલતો થયો. બ્રાહ્મણના ઘરમાં થોડોક લોટ ઢોળાયો હતો. ત્યાં મેં મારૂં અરધું અંગ ઘસ્યું તો તે સોનાનું થઇ ગયું. પણ અહીં ઘસ્યું તો હું જેવો હતો તેવો ને તેવો જ રહ્યો ! તમે ભલે આ યજ્ઞમાં લાખો સોનામહોરો ખરચી હોય પણ પેલા બ્રાહ્મણનો યજ્ઞ તમારા કરતાં મોટો.'

બધા રાજાઓ આ વાત સાંભળી આશ્ચર્યમાં ડુબી ગયા !

['મધપુડા 'માંથી]

યુવાનો અને કળા

યુવાવસ્થાની કલ્પનાઓ, સ્વપ્નાંઓ , જાગૃત થતા હૃદયના ઉલ્લાસ અને અભિલાષને પ્રચલિત સંસ્થામાં અવકાશ નથી. જનસમાજને તેના સામર્થ્યની કાંઈક ઝાંખી થઇ હશે, પણ તેનું મૂલ્ય પારખવા જેટલી સુઝ હજી નથી આવી. એ સામર્થ્યને વ્યક્ત કરવા, તેને કેળવવા, તેનો ફળપ્રદ વિકાસ કરવા પુરતો અવકાશ વિદ્યાર્થીઓએ પોતે પોતાની આસપાસના વાતાવરણમાં શોધી લેવો રહ્યો છે. અને એ તેમને સહેજે જડી જાય તેમ પણ છે. વાતાવરણમાં, શેરીમાં, નગરમાં, કેટલી સુંદર કલ્પનાઓ, કેટલાં સુંદર સ્વપ્નાંઓનો અત્યારે તિરસ્કાર થઇ રહ્યો છે? તેમાં પરિવર્તન કરવું તેમના હાથમાં છે. તેમાં મોટી સંસ્થાઓની સહાયની જરૂર નથી. સામાજિક યા ધાર્મિક પ્રથાઓ અત્યારે જે જુની અને નવી સંસ્કૃતિઓ વચ્ચે આમતેમ અથડાય છે, જુના લોકોત્સવો જે ભુલાતા જાય છે ને નવા જે લોકજીવનની બહાર રહી જાય છે, સંમેલનો જે અનિશ્ચિત ઉત્સાહ, ઉદ્દેશ અને પરિણામને લીધે નિષ્ફળ જાય છે—તે સર્વમાં તમારા અંતરના ઉલ્લાસ, તમારી શ્રદ્ધા, ઉત્સાહ, અભિલાષ અને સામર્થ્યને ઉતારી કેળવ્યાં હોય તો તમે તેમને સજીવ કરી શકો. આ બધું વિરલ સામર્થ્ય દેશનાં પાંગરતાં હૃદયોમાં ઉભરાય છે. માત્ર અવકાશ ન મળવાથી તે વ્યક્ત થઇ શકતું નથી અને કચડાઈ જાય છે. એને અવકાશો શોધી આપનાર, વ્યક્ત કરનાર, આવશ્યક તાલીમ આપનાર મહાશક્તિ તે કળા. એ જ મહાશક્તિ રાષ્ટ્રીય કલ્પના અને અભિલાષા સંપૂર્ણ અને સચોટપણે વ્યક્ત કરી ઘડી શકે.

રાષ્ટ્રીય કલ્પના જાગૃત થયા વિના રાષ્ટ્રીય ભાવનાઓ ફળપ્રદ નીવડી સાંભળી? એ રાષ્ટ્રીય કલ્પના જાગૃત કરવા માટે આ વિદ્યાર્થીઅવસ્થા સિવાય બીજો કોઈ વધારે સુન્દર જીવનનો અવસર તમને સુઝે છે? એ કલ્પનાને જાગૃત કરવાનું કળા સિવાય કોઇ સમર્થ સાધન તમને સાંપડયું છે?

કળા શબ્દથી ગભરાવાનું નથી. સમજવાનો પ્રયત્ન કર્યા વિના કળા સમજાતી નથી એવો દંભ નકામો છે. ઘણી યે મોંઘી, બેડોળ, કદરૂપી ને નકામી વસ્તુઓના સંગ્રહ અને આડંબરમાં આપણે પૈસા ફેંકી દઇએ છીએ. કળા—સૌન્દર્ય એ તો આપણો જન્મસિદ્ધ અધિકાર છે; કળા એ તો આપણી હિંદની વડીલોપાર્જિત પુંજી છે, અને તેના હકદાર વારસ તમે—ઉગતી પ્રજા છો. હિન્દુસ્તાનની કળાનાં યશોગાન ઉચ્ચારતાં હજી જગત થાકયું નથી. અનેક યુગોના, અનેક પરિવર્તનના વાવાઝોડાના ઝપાટામાંથી થોડાઘણા બચી ગએલા અવશેષો પણ બીજા દેશોની સરખામણીમાં હિન્દુસ્તાનની નિઃસિમ કળાસંપત્તિને સાક્ષાત કરે છે. એ સંપત્તિની ગણતરી હજી ચાલુ છે—પુરી થઇ નથી. પણ એ સંપત્તિનો ઉપયોગ ન કરીએ તો તે શા કામની? ઉપયોગ નહિ થાય તો તે નાશ પામવાની જ. એનો ઉપયોગ અને ઉદ્ધાર તમે—ઓ જુવાનો, તમે જ કરી શકવાના છો. તમે માત્ર એકવાર નિશ્ચય કરો તો એ કળાનો અભ્યાસ, ઉપયોગ કે પ્રગતિ તમને મુશ્કેલ કે તમારી શક્તિ ઉપરાંત નહિ લાગે.

ઘરમાં વાપરવાની કેટકેટલી વસ્તુઓમાં અત્યારે પણ પૂર્વજો તરફથી સોંપાએલી કળાનો આપણે અજાણે ઉપયોગ કરી રહ્યા છીએ એનો થોડોક તો વિચાર કરો. આપણા ઘરના જુના અને નવા રાચરચીલાની નિષ્પક્ષપાત સરખામણી કરો. આપણાં જુનાં વાસણોના ઘાટનો વિચાર કરો. આપણા ઘડા, દેગડા, ચરૂ, હાંડા, થાળી, વાટકા, કળશિયાના ઘાટ અને તેનાં કોતરકામ જોઈ લો. આપણા જુના પોષાકના અભ્યાસ કરો. તેના વણાટ રંગ, તરેહ અને મજબુતીનું પૃથક્કરણ કરો. આપણાં ચિત્રો અને કલાઉદ્યોગો, મૂર્તિકામ અને કોતરકામ જુઓ. આપણાં પાથરણાં, ઓઢણાં, ખાટલા, પલંગો અને છેવટે નાનાં છોકરાંનાં પારણાં અને રમકડાં પણ જડી જાય તો તેનું પણ જરા બરાબર અવલોકન કરી જુઓ. આપણાં ઘરેની વ્યવસ્થા, બાંધણી, કોતરકામ અને શણગાર, આપણાં મંદિર અને મસીદોની ગોઠવણી અને તેની કારીગીરી, આપણી શેરી, પોળ, મહોલ્લાઓ અને નગરોની વ્યવસ્થા તથા રચનાનો પણ અભ્યાસ કરવા શરૂઆત કરો. આ કાંઈ અર્થ વિનાના ઝમકવાળા શબ્દચાતુર્યની મોજ નથી. આ બધી વસ્તુઓ રૂપે કળા આપણા જીવનમાં ઓતપ્રોત હતી; અને હજી આંખો ઉઘાડો તો આપણી આસપાસ ચોમેર વેરાએલી પડી છે. તમારી આસપાસ શું છે તે જોયા વિના પુસ્તકો ને ભાષણો પરથી તેનો અભ્યાસ તમે નહિ કરી શકો. તમારી આંખને તમારી આસપાસ જે કાંઇ હોય તેમાં સારા-ખરાબના ભેદ જોવાની ટેવ પાડો.

અને હવે જો નહિ ચેતો તો હિન્દુસ્તાનની કળાના અણમોલ નમુનાની ચોમેરથી ચાલી રહેલી લુટ અટકાવી શકાવાની નથી. એવા કળાના અમૂલ્ય નમુના હિન્દુસ્તાનનાં શહેરેશહેરનાં બજાર, હાટ અને ઘાટમાંથી આજ ચોરાતા જાય છે, પરદેશ ઘસડાતા જાય છે. પરદેશી શ્રીમંતો અને

રસજ્ઞોના આડતિયા હિન્દુસ્તાનના ખુણેખુણામાં ધુમી રહ્યા છે અને જે કોઇ સુંદર ચીજ જોઇ તે દરિયાપાર ચડાવ્યે જાય છે. નાદીરની લુટ કરતાં આ છાની લુટ વધારે કારમી અને ભયંકર છે. એ લુટની શરૂઆત કેમ થઇ? આપણી જ બેદરકારીથી. આપણાં ઘરોનાં નવાં બેડોળ બદસ્વરૂપ રાચરચીલાં જુઓ, અલ્યુમિનમ, પતરાં અને કાચનાં વાસણો જુઓ, તેના ઘાટ જુઓ. એને ઘાટ પણ કહેવા કે કેમ એ વિચારવા જેવું છે. અત્યારના પોષાકો તપાસી લ્યો, રંગજમાવટનાં ખોટાં ફાંફા જોઇ લ્યો. ચિત્રો અને કળાઉદ્યોગોની પડતી જુઓ. અરે, તમારા પોતાના જ ઘરના શણગાર પર નજર માંડો. ત્યાં ઉભરાતાં કદરૂપા તારીખિયાંઓ (કૅલેન્ડરો) શીવવાના સંચા, સાબુ, દવા, વીમાવાળાઓની જાહેરાતો, અતિશય બેદરકારીથી ઉપાડી લીધેલી બજારૂ છબીઓનાં ચાડાં, વિદેશી કળાકારોની ન સમજાએલી કૃતિઓના જેવાતેવા સંગ્રહો, લોખંડ અને લાકડાના બેડોળ ખાટલા અને પલંગો તથા રાચરચીલાં તપાસો. ઘરની વ્યવસ્થા જોશો તો ત્યાં પણ તમને આપણી મૂર્ખાઇના નમુના સહેલાઇથી જડી આવશે. ઘરની બાંધણી જોશો તો તરત જ માલુમ પડશે કે બાંધનાર અને રહેનાર હિન્દુસ્તાનનાં હવાઉજાસનું અસ્તિત્વ ભુલી ગયા છે. જે દેશના લોકો પોતાના દેવસ્વરૂપને સીમેન્ટની ગુણપાટ પર, દીવાસળીનાં ખોખાં પર, કાપડના તાકાપર, અને પરદેશથી આયાત થતી અનેક જાતની એવી વસ્તુઓ પરની ઢંગધડા વિનાની છાપપર શાંતિથી જોઇ રહે, સહન કરે, એટલું જ નહિ પણ કોઇકવાર એવી અપમાનયુક્ત સામગ્રીઓને દેવસ્થાનમાં પણ ગોઠવવાનું ચુકે નહિ તે લોકની સ્વમાનની ભાવના માટે શું કહેવું? આપણે મૂઢ બનીને—જડ બનીને કળાને તરછોડી છે—હડધૂત કરી છે. તેને માનસર પાછી આણી જીવનમાં ઉતારવાનું કામ આજ યુવાનો આગળ પડ્યું છે. હજી પણ વખત છે; રડ્યુંખડ્યું સંભાળી લઇ તેને સજીવ કરવાનો અવકાશ છે. યુવાન પ્રાણ બધું કરી શકશે.

તમને હું સર્વ જોવાનું, તપાસવાનું, સરખામણી કરવાનું, પૃથક્કરણ કરવાનું, અભ્યાસ કરવાનું કહું છું તે કારણ વિના નહિ. જ્યાં લગી તમે પોતે તમારી આસપાસના વાતાવરણ—દરરોજના જીવનપ્રસંગમાં કળામય અને કળા વિનાની વસ્તુઓનો ભેદ જોઇ શકો નહિ અને કળાને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો નહી, ત્યાં લગી જીવનપર તેની અસર થવાની નથી. અને આ બધું તમારી શકિત બહાર નથી.

કળામય વસ્તુઓની સંખ્યા અગત્યની નથી. બહુ ન રખાય તો થોડી રાખવી; એક પણ ન મળે તો જગ્યા ખાલી રાખવી. જે વસ્તુ પસંદ કરો તે શા માટે કળામય ગણો છો તેન. કારણોનો વિચાર કરજો, બીજી ચીજો સાથે સરખાવજો, ભુલ હોય તો સુધારી લેજો. કેળવણીની પ્રચલિત સંસ્થાઓ જે ન કરી શકે તે તમે કરી શકશો. તમારા આસપાસના વાતાવરણ અને દરરોજના જીવનમાં જે સંસ્કારો ઉતારશો તે વહેલામોડા એ સંસ્થાઓ સ્વીકારશે જ. બાળકને રમવાનાં રમકડાંથી માંડીને વપરાશની દરેક ચીજ પસંદ કરતાં તેની પરીક્ષા કરજો. આમ નાનામાં નાની વસ્તુઓના પ્રયોગોથી શરૂઆત કરશો તો અંતે મોટામાં મોટી નાગરિક જરૂરતો, આપણા ઉત્સવો, સંમેલનો અને મેળાઓની સામાજિક કળા, અને પછી રાષ્ટ્રીય જરૂરતોને પણ સમજી પહોંચી વળાશે.

[ઉમરેઠના ભાષણમાંથી] કનૈયાલાલ હ. વકીલ

શીતળાની રસી

અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટ કુલિજના જુવાન દીકરા કાલ્વિન કુલિજને લશ્કરી શિક્ષણ લેવા કૅમ્પડેવન્સ મોકલવાનો હતો. પણ કાયદો એવો હતો કે એ કૅમ્પમાં જતાં પહેલાં શીતળાની અને ટાઇફોઇડ તથા પારાટાઇફોઇડની રસી (પરૂ)ની સોય દરેકે ઘોંચાવવી જોઇએ! કાલ્વિન કુલિજને સૂચના મળી કે તેણે આવા પરૂના સોયા ઘોંચાવવા. અને તે પણ કૅમ્પમાં પહોંચવાની પંદર દિવસ અગાઉ ઘોંચાવી લેવા જોઇએ. શીતળાની રસી કુમળાં વાછરડાં પર ચીરા મુકીમુકીને તેને પકવીને પરૂ બનાવવામાં આવે છે તેમાંથી બને છે; અને ટાઇફોઇડની રસી બનાવવા માટે ટાઇફોઇડના દર્દીઓના દસ્તમાં પાણી મેળવી તે ઘોડાના લોહીમાં પીચકારીથી ભરીને તેને એ દરદ લાગુ પાડવામાં આવે છે અને પછી તેનું લોહી કાઢીને પકવીને તેની રસી બનાવી, તે માણસના શરીરમાં સોયા વડે ઘોંચીને એવી આશા રાખવામાં આવે છે એ કે ગંદી ચીજથી એ માણસ ટાઇફોઇડથી બચી જશે! આશાના ભરેલા જુવાન કાલ્વિન કુલિજના શરીરમાં બંને રસીઓ ઘોંચી ઘાલવામાં આવી. પરિણામે બીચારો પટકાઇ પડ્યો ને તરફડીતરફડીને મુઓ! આવાં મરણો સાધારણ માણસના ઘરમાં થાય છે ત્યારે તો રસીને બદલે બીજા કોઇ રોગનું નામ નોંધાવી દઇને દરદીનાં સગાંને ઠગીને ડૉકટરો એ મરણ બીજાં કારણથી થએલું ગણાવે છે. પણ આ તો પ્રેસિડંટનો દીકરો હોવાથી પોગળ ફુટ્યું. અને 'નૅશનલ ઑબ્ઝર્વર' નામના પત્રે આ હકીકત છાપી પ્રજાને વિનતિ કરી કે ફરજિયાત રસી મુકવાનું બંધ થવું જ જોઇએ. વેજીટેરિયન મૅગેઝીનમાં આ બાબત ડૉ. જ્યોર્જ સ્ટાર વ્હાઇટ એમ. ડી. એ આ કેસપર વિગતવાર ટીકા કરી હતી. સ્વતંત્ર કહેવાતા દેશમાં હદ ઉપરાંત પરતંત્રતાઓ સ્વાર્થી લોકોના પ્રાબલ્યને લીધે ઘુસી જાય છે. આપણે ત્યાં પણ શીતળાની રસીનું ત્રતાંગ ચાલે છે અને તે બીજમાંથી ભવિષ્યમાં આવાં બીજા લફરાં પણ ડૉકટરોનાં પેટ ભરવા માટે લાગુ નહિ પડે તેની શી ખાતરી? અને શીતળાની રસીએ આજ સુધીમાં શું કર્યું? આવાં મનુષ્યવધ અને પ્રાણીવધમાંથી બચવા માટે આપણે આપણા નિર્દોષ આયુર્વેદ ને યુનાની હકીમીને ઉત્તેજન આપતાં થવું જોઇએ. (ગુ. કેસરી)






ઉપર : અમેરિકાના વિદ્યાર્થીઓ છાપખાના–શાળામાં કામ શીખે છે : જ્યારે આપણા વિદ્યાર્થીઓને કપડાં કાળાં થવાની બીક લાગે છે! **બાજુએ** : ઉમરેઠના દવે નારણજી રામકૃષ્ણ (જેમની ઓળખાણ આ અંકમાં બીજે આપી છે) પોતાના એક સગા સાથે ઝાડોને પાણી પાઇ ઉછેરે છે.



વિદ્યાપીઠમાં વૃક્ષારોપણ પ્રસંગે ગાંધીજી



બૅંગલોર (દક્ષિણ હિન્દુસ્તાન)નો આ અપ્રતિમ બુદ્ધિશાળી કુમાર એસ. રાજનારાયણ અંકગણિતનો 'ખાં' છે. તેણે આંકડાશાસ્ત્રના કેટલાક અવનવા ઉપસિદ્ધાન્તો શોધી કાઢ્યા છે અને તે ઑક્સફર્ડ વિદ્યાપીઠના ગણિતના પ્રોફેસર હાર્ડીના મતપુછાણ માટે ઇંગ્લંડ મોકલ્યા છે. રાજનારાયણની ઉમર માત્ર ચૌદ વરસની છે.



બૅંગલોરની ડેરીમાં એક ગાય છે તે રોજનું ૭૦ રતલ દુધ આપે છે.

દુનિયામાં હિન્દુસ્તાન સિવાય એક દેશ એવો બતાવો કે જ્યાં ઢગલેઢગલા રૂ પાકતું હોય છતાં તે પરદેશ ચડે અને કપડાં પરદેશથી બનીને આવે ?